દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 85 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 April 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શુક્રવાર, ૧૧ એપ્રિલ ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

મેટિની પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




૧૬૮ નિર્દોષોનો જીવ લેનાર

# ત્રાસવાદી તહવ્વૂર રાણા ૧૮ વર્ષે ભારતની પકડમાં

**મુંબઈમાં ૧૬૬ જણના જાન લેનારા ૨૦૦૮ની ૨૬ નવેમ્બરના ત્રાસવાદી હુમલાના આરોપીઓમાંના એક તહવ્વૂર હુસેન રાણાને અમેરિકાથી ખાસ વિમાનમાં ભારત લાવવામાં સફળતા મળી છે**

### ઘટનાક્રમ

- તહવ્વૂર રાણાને અમેરિકાથી ખાસ વિમાન દ્વારા દિલ્હી લાવવામાં આવ્યો
- દિલ્હી વિમાનમથકે તેનું મેડિકલ ચેકઅપ કરાયું
- એનઆઈએની ટીમે તેની ધરપકડ કરી
- પટિયાલા હાઉસ કોર્ટ લઈ જવાયો
- ઍરપોર્ટથી પટિયાલા હાઉસ કોર્ટ સુધીના ૧૬ કિ.મી.ના રસ્તા પરના સિગ્નલોને ગ્રીન-લીલા કરી નખાયા જેથી ક્યાંય થોભવું ન પડે
- ચુસ્ત બંદોબસ્ત સાથે ખાસ અદાલતમાં રજૂ કરાયો
- લૉસ એન્જલસના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરથી દિલ્હીની તિહાડ જેલ સુધી ■

## ▶ સરકારી વકીલ નરેન્દ્ર માનની સામે આરોપીના વકીલ પીયૂષ સચદેવ ▶ પટિયાલા હાઉસ કોર્ટમાં રાણાને રજૂ કરાયો ▶ કોર્ટના સંકુલમાંથી પત્રકારોને પણ બહાર કઢાયા

નવી દિલ્હીઃ દેશના આર્થિક પાટનગર મુંબઈ પર ૨૦૦૮ની ૨૬ નવેમ્બરે થયેલા હુમલાના મુખ્ય આરોપીઓમાંના એક તહવ્વૂર હુસેન રાણાને અમેરિકાથી લાવીને દેશની જેલમાં ધકેલાયો છે. હવે તેની સામે કેસ ચલાવાશે.

નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીના ખાસ ન્યાયાધીશ ચંદર જિત સિંહે રાણાને જેલમાં રાખવાનો આદેશ આપ્યો હતો. હવે તેની સામે અદાલતમાં ચાલનારા કેસમાં સરકારી વકીલ તરીકે નરેન્દ્ર માન અને રાણાના બચાવ પક્ષના વકીલ તરીકે દિલ્હી લીગલ સર્વિસીસ ઑથોરિટીના વકીલ પીયૂષ સચદેવ અદાલતમાં દલીલ કરશે.

દિલ્હીની પટિયાલા હાઉસ ખાતે ન્યાયાધીશે રાણાને જેલમાં મોકલવાનો આદેશ આપ્યો ત્યારે વરિષ્ઠ વકીલ દયાન કૃષ્ણન અને વકીલ નરેન્દ્ર માન વગેરે અગ્રણી લોકો હાજર રહ્યા હતા.

રાણાને પટિયાલા હાઉસ કોર્ટમાં ગુરુવારે હાજર કરાયો તેની પહેલાં દિલ્હી પોલીસે અદાલતનું સંકુલ ખાલી કરાવ્યું હતું અને પહેરો વધારે કડક બનાવ્યો હતો.

સલામતી વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પત્રકારો અને અન્ય અનેક લોકોને અદાલતના સંકુલમાંથી બહાર કઢાયા હતા.

અગાઉ, નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ ગુરુવારે જણાવ્યું હતું કે મુંબઈમાં ૧૬૮ જણના જાન લેનારા ૨૦૦૮ની ૨૬ નવેમ્બરના ત્રાસવાદી હુમલાના આરોપીઓમાંના એક તહવ્વૂર હુસેન રાણાને અમેરિકાથી ખાસ વિમાનમાં ભારત લાવવામાં સફળતા મળી છે.

તેણે બહાર પાડેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે દેશના વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલય તેમ જ દેશના જાસૂસી વિભાગ અને નેશનલ સિક્યોરિટી ગાર્ડ્સે આપસમાં સંકલન સાધીને અમેરિકાના ન્યાય મંત્રાલય અને અમેરિકાના સ્કાય માર્શલના સહકારથી તહવ્વૂર હુસેન રાણાને અમેરિકાથી ભારત લાવવામાં સફળતા મેળવી હતી.

પાકિસ્તાનમાં જન્મેલા કૅનેડાના ૬૪ વર્ષીય નાગરિક રાણાને અમેરિકાથી ગુરુવારે સાંજે દિલ્હી લવાયો હતો.

અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૧૪ ફેબ્રુઆરીએ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં જાહેરાત કરી હતી કે અમે (અમેરિકા) બહુ જ હિંસક માણસને ભારતમાં ન્યાયતંત્રનો સામનો કરવા ભારત મોકલીશું.

રાણાને અમેરિકાના લોસ એન્જલસમાંના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટર ખાતે રખાયો હતો. કેલિફોર્નિયાની ડિસ્ટ્રિક્ટ કોર્ટે તહવ્વૂર (જુઓ પાનું ૨) ▶▶



## વકીલ નરેન્દ્ર માન ત્રણ વર્ષ સુધી એનઆઈએનો કેસ સંભાળશે

નવી દિલ્હીઃ કેન્દ્રે મુંબઈ પરના ત્રાસવાદી હુમલાના કેસના આરોપી તહવ્વૂર હુસેન રાણાનો કેસ ચલાવવા માટે ખાસ સરકારી વકીલ તરીકે નરેન્દ્ર માનની નિમણૂક કરી હતી.

ગૃહ મંત્રાલયે બુધવારે મોડી રાતે બહાર પાડેલા જાહેરનામામાં જણાવ્યું હતું કે તહવ્વૂર રાણા સામેનો કેસ અને નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ) કેસ આરસી-૦૪ / ૨૦૦૯ / એનઆઇએ / ડીએલઆઇ (જુઓ પાનું ૨) ▶▶

### સરકારી વકીલ નરેન્દ્ર માન કોણ છે?

નવી દિલ્હીઃ દેશના આર્થિક પાટનગર મુંબઈ પરના ત્રાસવાદી હુમલાના આરોપી તહવ્વૂર હુસેન રાણાની સામે નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ) વતી કેસ ચલાવવા ત્રણ વર્ષ માટે સરકારી વકીલ તરીકે નરેન્દ્ર માનની નિમણૂક કરાઇ છે. અગાઉ, તેમણે સ્ટાફ સિલેક્શન કમિશન (એસએસસી)ની પરીક્ષાના પેપર ફૂટવાના કેસમાં સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) વતી અદાલતમાં દલીલ કરી હતી. તેમના ટ્રેક રેકોર્ડને ધ્યાનમાં રાખીને ગૃહ મંત્રાલયે તેમને દેશની સલામતી માટે બહુ સંવેદનશીલ ગણાતા આ કેસમાં સરકારી વકીલ તરીકે પસંદ કર્યા છે. ■

## કેસ દિલ્હીની તિહાડ જેલમાંથી ઓનલાઇન ચલાવાશે?

નવી દિલ્હીઃ જેલનાં સૂત્રોએ જણાવ્યું હતું કે મુંબઈ પરના ત્રાસવાદી હુમલાના આરોપી તહવ્વૂર હુસેન રાણાને ભારતમાં ભારે સલામતી વ્યવસ્થા ધરાવતી દિલ્હીની તિહાડ જેલમાં રખાય એવી શક્યતા વધારે છે. તેનો કેસ જેલમાંથી જ ઓનલાઇન ઓડિયો-વીડિયોના માધ્યમથી ચાલે એવી સંભાવના પણ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે જેલમાં આ આરોપીને રાખવા માટે બધી જરૂરી તૈયારી કરાઇ છે.

પાકિસ્તાનમાં જન્મેલા કૅનેડાના ૬૪ વર્ષીય નાગરિક રાણા મુંબઈમાં ૨૦૦૮માં થયેલા હુમલાનું ષડ્યંત્ર રચનારા મુખ્ય આરોપીઓમાંના એક અમેરિકાના નાગરિક ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાનીનો સાથી છે.

રાણાએ પોતાનું પ્રત્યર્પણ રોકવા માટે કરેલી અરજીને અમેરિકાની સર્વોચ્ચ અદાલતે નકારી કાઢી, તે પછી ભારતે તેને પોતાના તાબામાં લઇને દિલ્હી લાવવાની કાર્યવાહી શરૂ કરી હતી.

તહવ્વૂર રાણાને ભારત લાવવા માટે દેશની અનેક સુરક્ષા એજન્સીની ટીમ અમેરિકા ગઇ હતી. અગાઉ, દસ પાકિસ્તાની ત્રાસવાદીએ અરબી સમુદ્રના માર્ગે ભારતના આર્થિક પાટનગર મુંબઈમાં ઘૂસીને ૨૦૦૮ની ૨૬ નવેમ્બરે આ મહાનગરના રેલવે સ્ટેશન, બે લક્ઝરી હૉટેલ અને યહૂદીઓના એક કેન્દ્ર ખાતે હુમલો કર્યો હતો. મુંબઈમાં અંદાજે ૬૦ કલાક સુધી ચાલેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૬૬ લોકો માર્યા ગયા હતા અને તેને લીધે ભારત અને પાકિસ્તાન વચ્ચે 'યુદ્ધ જેવી સ્થિતિ' ઊભી થઇ હતી. (એજન્સી) ■

## ૨૬ નવેમ્બરના ખટલાનો રેકોર્ડ દિલ્હી કોર્ટમાં પહોંચ્યો

નવી દિલ્હીઃ મુંબઈ પર ૨૬ નવેમ્બરે થયેલા આતંકવાદી હુમલાનો સૂત્રધાર તહવ્વુર રાણા અમેરિકાથી ભારતમાં આવે એ પહેલાં જ એ હુમલાના ખટલાનો રેકોર્ડ દિલ્હી અદાલતને મળ્યો છે, એવી માહિતી અદાલતનાં સૂત્રોએ આપી છે. ૨૦૦૮ના હુમલાના ચાવીરૂપ આરોપી રાણાને ગુરુવારે ખાસ વિમાનમાં ભારત લાવવામાં આવ્યો હતો. રાણાએ પ્રત્યર્પણથી બચવા અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દેતાં રાણાનો ભારત ન આવવાનો અંતિમ પ્રયાસ વિફળ ગયો હતો.

જિલ્લા જજ વિમલ કુમાર યાદવે ૨૮ જાન્યુઆરીએ મુંબઈ અદાલતના કર્મચારીને રેકોર્ડ મોકલવાનો આદેશ આપ્યો હતો. આદેશ પ્રમાણે જજ યાદવને રેકોર્ડ મળી ગયા હતા.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ મુંબઈથી રેકોર્ડ પ્રાપ્ત કરવાની અરજી કરી હતી અને આ અરજી પર જજે રેકોર્ડ દિલ્હી મોકલવાનો આદેશ આપ્યો હતો.

બન્ને શહેરમાં ૨૬ નવેમ્બરના હુમલા અંગે અનેક કેસ હોવાથી ટ્રાયલ કોર્ટના રેકોર્ડ અગાઉ મુંબઈ મોકલવામાં આવ્યો હતો. અમેરિકાની અદાલતે આ અગાઉ ચુકાદો આપ્યો હતો કે મૂળ પાકિસ્તાની કેનેડિયન બિઝનેસમેન રાણાની ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલામાં સંડોવણીને માટે તે ભારતમાં વોન્ટેડ હતો અને એને પ્રત્યર્પણ માટે ભારત મોકલી શકાય. ૬૪ વર્ષનો રાણા એ હુમલાના મુખ્ય કાવતરાબાજ ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ દિલાનીનો ખાસ વિશ્વાસુ હતો. (એજન્સી) ■

## ઑલિમ્પિક્સમાં ૧૨૮ વર્ષે ક્રિકેટનું કમબૅક, ૨૦૨૮ના મહા રમતોત્સવમાં સામેલ

### છ ટીમમાં યજમાન અમેરિકા ફિક્સ, બીજી પાંચ ટીમ રૅન્કિંગ પ્રમાણે નક્કી કરાશે

નવી દિલ્હીઃ 'જેન્ટલમૅન્સ ગેમ' તરીકે ઓળખાતી ક્રિકેટની રમતનું ૧૨૮ વર્ષ બાદ ફરી ઑલિમ્પિક ગેમ્સમાં પુનરાગમન થઈ રહ્યું છે. ૨૦૨૮માં અમેરિકાના લૉસ ઍન્જલસમાં જે આગામી ઑલિમ્પિક્સ યોજાશે એમાં છ ટીમ વચ્ચે ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાશે.

ઑલિમ્પિક્સના આયોજકોએ આ બાબતને પુષ્ટિ આપી હતી.

ઑલિમ્પિક્સ દર ચાર વર્ષે યોજાય છે અને એમાં ક્રિકેટ છેલ્લે ૧૯૦૦ની સીઝનમાં (ફ્રાન્સના પૅરિસમાં) રમાઈ હતી. જોકે એમાં માત્ર એક મૅચ રમાઈ હતી. ત્યારે બન્યું એવું કે નેધરલૅન્ડ્સ અને બેલ્જિયમની ટીમ નીકળી જતાં ફક્ત બે ટીમ બાકી રહી હતી. ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સ વચ્ચે એકમાત્ર ક્રિકેટ મૅચ રમાઈ હતી જેમાં ગ્રેટ બ્રિટનનો ૧૫૮ રનથી વિજય થયો હતો. જોકે એ મૅચ હવે બિનસત્તાવાર ટેસ્ટ તરીકે ઓળખાય છે.

૨૦૨૮ની ઑલિમ્પિક્સમાં ક્રિકેટ ટૂર્નામેન્ટ ટી-૨૦ ફૉર્મેટમાં રમાશે. પુરુષો અને મહિલાઓ, બન્નેની ટી-૨૦ ટૂર્નામેન્ટમાં છ-છ ટીમ ભાગ લેશે. દરેક ટીમ ૧૫ ખેલાડી પસંદ કરી શકશે એટલે પ્રત્યેક ટૂર્નામેન્ટમાં કુલ ૯૦ ખેલાડી ભાગ લેશે.

ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)માં કુલ ૧૨ ફુલ મેમ્બર-રાષ્ટ્ર છે. એમાં ભારત, ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, ન્યૂ ઝીલૅન્ડ, વેસ્ટ ઇન્ડિઝ, (જુઓ પાનું ૨) ▶▶



ભેખડો ધસીઃ ઉત્તરાખંડના ગઢવાલ ક્ષેત્રમાં ચમોલી જિલ્લાના થરાલી ખાતે ભારે વરસાદને કારણે ધસી પડેલી ભેખડોને લીધે નુકસાન પામેલાં વાહનો. (પીટીઆઇ)

## સુપ્રીમ વક્ફ કાયદાની માન્યતાને પડકારતી અરજીઓ અંગે ૧૬મીએ સુનાવણી કરશે

નવી દિલ્હીઃ મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાના વડપણ હેઠળની સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠ ૧૬ એપ્રિલે વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે.

વડી અદાલતની વેબસાઇટ અનુસાર જસ્ટિસ સંજય કુમાર અને કે.વી. વિશ્વનાથન પણ અરજીઓની સુનાવણી કરતી ખંડપીઠનો ભાગ હશે. કેન્દ્રએ મંગળવારે વડી અદાલતમાં કેવિયેટ દાખલ કરી હતી અને આ મામલે કોઇપણ આદેશ આપતા પહેલા સુનાવણીની માગ કરી હતી. કેવિયેટ કોઇપણ પક્ષ દ્વારા સુપ્રીમ (જુઓ પાનું ૨) ▶▶

## બિહારમાં વીજળી પડવાથી પચીસનાં મોત

પટણા : બિહારમાં ગુરુવારે વીજળી અને કરા પડવાથી ઓછામાં ઓછા ૨૫ જણ મરણ પામ્યાં હતાં. ડિઝાસ્ટર મેનેજમેન્ટે નાલંદા અને બીજા જિલ્લામાં લોકોને આંધી, વરસાદ અને વીજળી પડવા અને ઝાડ પડવાની દુર્ઘટના સામે સાવધાન રહેવાની અને ઘરે જ રહેવાની સલાહ આપી છે. ગુરવારે બપોર બાદ મોસમે રંગ બદલતાં જોરદાર વરસાદ અને તોફાન આવ્યું હતું. આને લીધે લોકોએ આશરો લેવા ભાગદોડ મચાવી હતી. ઝાડ નીચે આશરો લેનારા લોકો પર ઝાડ તૂટી પડવાથી મરણ થયાં (જુઓ પાનું ૨) ▶▶

## જયપુરમાં અપ્રમાણસર સંપત્તિ કેસમાં પીડબ્લ્યુડી એન્જિનિયરને ત્યાં દરોડા

જયપુરઃ જયપુરમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો(એસીબી)એ ગુરુવારે કથિત અપ્રમાણસર સંપત્તિના કેસમાં જાહેર બાંધકામ વિભાગ(પીડબ્લ્યુડી)ના એક્ઝિક્યુટિવ એન્જિનિયર હરિપ્રસાદ મીનાના પરિસરમાં દરોડા પાડ્યા હતા.

એસીબીના ડિરેક્ટર જનરલ રવિ પ્રકાશ મહેરદાએ જણાવ્યું કે કાર્યવાહીમાં અધિકારીની આવકના જાણીતા સ્ત્રોતો કરતાં ઘણી વધુ સંપત્તિ હોવાના પુરાવા મળ્યા છે. પ્રાથમિક તપાસ મુજબ મીનાએ કથિત રીતે લગભગ ૪ કરોડ રૂપિયાની સંપત્તિ એકઠી કરી છે, જે સરકારી સેવામાં જોડાયા બાદથી તેની કમાણી કરતાં લગભગ ૨૦૦ ટકા વધુ છે. એસીબીએ આરોપી સાથે સંકળાયેલાં પાંચ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં જયપુરમાં તેમનું રહેઠાણ, ઓફિસ, ફાર્મહાઉસ અને ડુડુના ફ્રેન્ડસ કોલોનીમાં ભાડાના મકાનનો સમાવેશ થાય છે. એસીબીના અધિકારીઓને જાણવા મળ્યું કે મીનાએ બે ઓડી કાર, એક મહિન્દ્રા સ્કોર્પિયો, એક ફોર્ડ એન્ડેવર અને એક રોયલ એનફિલ્ડ મોટરસાઇકલ સહિત ઉચ્ચ શ્રેણીનાં લક્ઝરી વાહનો ખરીદ્યાં હતાં. આ વાહનોની કુલ કિંમત આશરે ૨ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. તેમજ તેણે વિદેશ પ્રવાસો અને વૈભવી હોટલોમાં રોકાણ પર લગભગ ૪૫ લાખ રૂપિયા ખર્ચ કર્યા હોવાનું બ્યુરોની એક સંક્ષિપ્ત યાદીમાં જણાવાયું છે.

મીનાએ રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું હોવાનું ચર્ચાઇ રહ્યું છે. તેણે જયપુરના મહલ રોડ વિસ્તારમાં ત્રણ પ્રીમિયમ એપાર્ટમેન્ટ ખરીદ્યા છે. આ મિલકતોની બજાર કિંમત આશરે રૂ. ૧.૫ કરોડ હોવાનું મનાઇ છે. દૌસા જિલ્લાના લાલસોટ તાલુકામાં આવેલા તેમના વતન બાગડી ગામમાં તેમનું એક વૈભવી ફાર્મહાઉસ પણ છે. નાણાકીય તપાસમાં જાણવા મળ્યું કે મીના અને તેના પરિવારના ૧૯ બેંકોમાં ખાતા છે, જેમાં કરોડો રૂપિયાના વ્યવહારો થાય છે.

## અમેરિકાની સામે ચીનને સાથ આપવાની મોટા ભાગના દેશોની અનિચ્છા

તાઇપેઇ (તાઇવાન): અમેરિકાએ ચીન ખાતેથી આયાત કરાતા માલસામાન પરની ટૅરિફમાં જંગી વધારો કરવાની જાહેરાત કરી હોવાથી બીજિંગ અન્ય દેશોની સાથે મળીને વૉશિંગ્ટનની સામે મોરચો માંડવા ફાંફાં મારી રહ્યું છે, પરંતુ મોટા ભાગના દેશ તેને અમેરિકા સામેના 'વેપાર-યુદ્ધ'માં સાથ આપવાની અનિચ્છા ધરાવે છે.અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીન સિવાયના મોટા ભાગના દેશો સામેની ટૅરિફમાંના વધારાનો અમલ ૯૦ દિવસ માટે મુલતવી રાખવાની બુધવારે જાહેરાત કરી હતી અને આ મુદ્દે મંત્રણા કરવાની તૈયારી દર્શાવી હતી.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે ટૅરિફને મુદ્દે વાજબી અને યોગ્ય પરિસ્થિતિ ઊભી કરવા અનેક દેશો અમેરિકાના (જુઓ પાનું ૨) ▶▶

## ભાજપ વક્ફ કાયદા અંગે દેશભરમાં જનજાગૃતિ અભિયાન શરૂ કરશે

### ૨૦ એપ્રિલથી પાંચ મે સુધી કાર્યક્રમો યોજાશે

નવી દિલ્હીઃ ભાજપે દેશભરમાં ૨૦ એપ્રિલથી પખવાડિયા સુધી સુધારિત વક્ફ કાયદા અંગે જનજાગૃતિ અભિયાન શરૂ કરવાની ગુરુવારે જાહેરાત કરી હતી. ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડા અને લઘુમતી બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ ગુરુવારે આ મુદ્દે પોતાના પક્ષના કાર્યકરોને જાણકારી આપી હતી.

દેશભરમાંથી આવેલા ભાજપના વિવિધ હોદ્દેદારોની અહીં કાર્યશાળા યોજાઇ હતી.

નડ્ડાએ આક્ષેપ કર્યો હતો કે વિપક્ષો નવા વક્ફ કાયદાના સંબંધે રાજકીય હેતુસર મતદારો સહિત દેશની જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર (જુઓ પાનું ૨) ▶▶

## યુરોપિયન યુનિયનના વડાએ ટ્રમ્પના ટેરિફ વિરામનું સ્વાગત કર્યું પરંતુ પોતાની પ્રતિયોજના વિશે મૌન

બ્રસેલ્સઃ યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને ગુરુવારે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના મોટાભાગના યુએસ ટેરિફને અસ્થાયી રૂપે રોકવાના નિર્ણયને આવકાર્યો હતો, પરંતુ તેમણે યુરોપિયન યુનિયન તેના પોતાના પ્રતિશોધાત્મક પગલાં સાથે આગળ વધવા માગે છે કે કેમ, એ અંગે મૌન સેવ્યુ હતું.

ટ્રમ્પે જણાવ્યું હતું કે, ''મેં ૯૦ દિવસના વિરામને અધિકૃત કર્યો છે''.

બુધવારે ટ્રમ્પની જાહેરાત પહેલાં, ઇયુના સભ્ય દેશોએ આયાત કરેલા સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના તેમના ૨૫% ટેરિફના પ્રતિભાવમાં ૨૩ બિલિયન ડૉલરના સામાન પર વળતો ટેરિફને મંજૂરી આપવા માટે મત આપ્યો હતો. યુ.એસ.ના સૌથી મોટા વેપારી ભાગીદાર ઇયુએ તેમને અયોગ્ય અને નુકસાનકારક ગણાવ્યા હતા. ઇયુ કમિશને તરત જ માલની સૂચિ પ્રદાન કરી ન હતી. બ્લોકના ટોચના વેપાર અધિકારીએ બ્રસેલ્સ અને વોશિંગ્ટન વચ્ચે સંઘર્ષને દૂર કરવાનો પ્રયાસ કરતા અઠવાડિયા માટે વિરામ લીધો છે.

પરંતુ વોન ડેર લેયેને કોઈ સંકેત આપ્યો નથી કે ઇયુનું સમયપત્રક બદલાયું છે.

વિશ્વના સૌથી મોટા વેપારી જૂથ - યુરોપિયન યુનિયનના સભ્યોએ - વેપારના મુદ્દાઓને ઉકેલવા માટે વાટાઘાટ કરેલ સોદા માટે તેમની પસંદગીનું પુનરાવર્તન કર્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રેપિસ્ટ રામરહીમ સામે કૉંગ્રેસે તપાસ પણ નહોતી કરી

**બળાત્કાર** અને હત્યાના કેસમાં દોષિત ઠરેલો ગુરમીત રામ રહીમ સિંહ ફરી પેરોલ પર જેલની બહાર આવી ગયો છે. હરિયાણાના રોહતકની સુનારિયા જેલમાં બળાત્કાર અને હત્યા કેસમાં ૨૦ વર્ષની સજા ભોગવી રહેલા ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામરહીમને આ વખતે ૨૧ દિવસના પેરોલ મળ્યા છે તેથી ફરી એકવાર જેલમાંથી બહાર આવી ગયા છે.

રામરહીમ બહાર આવતાં જ ભાજપના માથે પસ્તાળ પડવા માંડી છે કેમ કે રામરહીમને ભાજપની મહેરબાનીથી આ ૧૩મી વાર જામીન મળ્યા છે. આ કારણે ભાજપની ટીકા થાય એ બરાબર છે પણ બે વાત યાદ રાખવા જેવી છે. પહેલી વાત એ કે, રામરહીમ મૂળ ભાજપનું પાપ નથી. રામરહીમ મૂળ કૉંગ્રેસે મોટો બનાવેલો પાપી છે.

બીજી વાત એ કે, રામ રહીમને તેનાં કુકર્મોની સજા પણ ભાજપ શાસન દરમિયાન જ મળેલી, બાકી કૉંગ્રેસ શાસનમાં તો રામ રહીમનાં પાપોની ના તો તપાસ થઈ હતી કે ના કેસ થયો હતો. રામરહીમને જે સાધ્વી પર બળાત્કાર બદલ સજા થઈ એ કેસ તો છેક ૨૦૦૦ની સાલનો છે. સાધ્વીએ અટલ બિહારી વાજપેયીને પત્ર લખ્યો ત્યારે તો સીબીઆઈને તપાસ સોંપાઈ. બાકી કૉંગ્રેસના શાસનમાં તો રામરહીમને કશું નહોતું થયું. હરિયાણા અને પંજાબમાં વચ્ચેનાં વરસોમાં કૉંગ્રેસની કેટલીય સરકારોલ આવી ને ગઈ પણ કૉંગ્રેસે તો રામરહીમ સામેનો કેસ આગળ વધારવાની તસદી પણ નહોતી લીધી તેથી ભાજપ કરતાં વધારે દોષિત તો કૉંગ્રેસ છે.

રામરહીમસિંહનો અનુયાયી વર્ગ હરિયાણા-પંજાબમાં બહુ વધારે છે. દલિતો પર તેમનો ભારે પ્રભાવ હોવાથી કૉંગ્રેસ એક જમાનામાં તેમના પગમાં આળોટતી હતી. રામરહીમસિંહના અનુયાયીઓ એવા દલિત અને પછાત વર્ગની જંગી મતબેંકને કારણે કૉંગ્રેસ તેમને સાચવ્યા કરતી હતી. આ કારણે રામરહીમ કૉંગ્રેસની વધારે નજીક હતા. કૉંગ્રેસના નેતાઓ સાથે તેમને અંગત સંબંધો છે.

રામરહીમસિંહ પરિણીત છે અને ત્રણ સંતાનના પિતા છે. રામરહીમસિંહના એક માત્ર દીકરાનાં લગ્ન પંજાબ કૉંગ્રેસના નેતા હરમિંદરસિંહ જસ્સીની દીકરી સાથે થયાં છે. આ કારણે તે કૉંગ્રેસ તરફ વધારે ઢળેલા હતા. ૨૦૦૭ અને ૨૦૧૨માં રામરહીમસિંહે પંજાબમાં કૉંગ્રેસને ટેકો જાહેર કર્યો હતો. રામરહીમસિંહ એ પછી ભાજપ તરફ ઢળેલા છતાં ભાજપે તેમને સજા કરાવી હતી એ પણ ભૂલવા જેવું નથી.

ભાજપના કારણે રામરહીમ ૨૦૧૭થી જેલમાં છે એ પણ ભૂલવા જેવું નથી. . ૨૫ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ રામરહીમને પોતાના જ આશ્રમની બે સાધ્વીઓ પર બળાત્કાર કરવાના કેસમાં ૨૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. એ પછી, ૧૭ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ રામ રહીમને પત્રકાર રામચંદ્ર છત્રપતિ હત્યા કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી. ઓક્ટોબર ૨૦૨૧માં સીબીઆઈ કોર્ટે ડેરા મેનેજર રણજીત સિંહની હત્યા કેસમાં રામરહીમને આજીવન કેદની સજા ફટકારી હતી.

આ ત્રણેય કેસની તપાસ ભાજપ શાસનમાં જ ઝડપથી થઈ અને રામરહીમને સજા થઈ. આ સજાના ત્રણ વર્ષ પછી ગયા વરસે રામરહીમને હાઇ કોર્ટે આ રણજીતસિંહની હત્યાના કેસમાં નિર્દોષ જાહેર કર્યો છે પણ બીજા બે કેસ હજુ પેન્ડિંગ છે તેથી હાલમાં રામરહીમ રોહતકની સુનારિયા જેલમાં બંધ છે. છેલ્લા કેટલાંક વરસોથી રામ રહીમ જેલમાં ઓછો ને બહાર વધારે રહે છે તેનું કારણ ભાજપ સાથેનો ઘરોબો છે, પણ એ પહેલાંનાં પાપોને કૉંગ્રેસે જ ઢાંક્યાં છે. બલકે સંપૂર્ણ રીતે છાવર્યો હતો એમ કહી શકાય.

રામરહીમ સામેના બે કેસ પેન્ડિંગ છે, પણ અત્યારે જે માહોલ છે એ જોતાં એ બાકીના બંને કેસમાં પણ નિર્દોષ છૂટી જાય તોય નવાઈ નહીં. રામરહીમ અત્યાર સુધીમાં ૧૨ વખત પેરોલ અને ફર્લો પર બહાર આવ્યો છે. હવે ૧૩મી વખત રામરહીમ જેલમાંથી બહાર આવ્યો છે પણ અત્યાર સુધી એવું બનતું કે રામરહીમ પેરોલ પર છૂટ્યા પછી હરિયાણામાં પૂરો સમય નહોતો આવતો.

છેલ્લે ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ૩૦ દિવસના પેરોલ પર જેલમાંથી બહાર આવ્યો ત્યારે રામરહીમ સિરસા ડેરામાં ૧૦ દિવસ અને યુપીના બરનાવામાં ૨૦ દિવસ રહ્યો હતો. એ પહેલાં તો ઉત્તર પ્રદેશના બાગપતના બરનાવા આશ્રમમાં રહેતો અને ઓનલાઇન સત્સંગ કરતો. રામરહીમને સિરસા ડેરામાં રહેવાની મંજૂરી મળી તેનું કારણ રામરહીમ ડેરાનો સ્થાપના દિવસ છે. ૨૯ એપ્રિલે ડેરાના ૭૭મા સ્થાપના દિવસની ઉજવણી થવાની છે. ડેરા સચ્ચા સૌદાની સ્થાપના ૨૯ એપ્રિલ ૧૯૪૮ના રોજ સંત શાહ મસ્તાના દ્વારા કરવામાં આવી હતી. રામરહીમને સ્થાપના દિવસ ભાગ લેવા માટે પેરોલ મળ્યા છે. સ્થાપના દિવસની ઉજવણી એક દિવસની હોય કે બહુ બહુ તો બે-ચાર દિવસની હોય. બહુ ખેંચાય તો અઠવાડિયું જલસો ચાલે.

રામરહીમને સ્થાપના દિવસની ઉજવણીમાં જ હાજર રાખવો હોય તો વધુમાં વધુ અઠવાડિયું સિરસા આશ્રમમાં રહેવાની મંજૂરી આપવી જોઈતી હતી પણ તેના બદલે રામ રહીમને પૂરા ૨૧ દિવસ સિરસા આશ્રમમાં રહેવાની મંજૂરી અપાઈ રહી છે તેનો અર્થ એ થયો કે, હરિયાણામાં ધીરે ધીરે ફરી તેના પગ જમાવવાની મથામણ ચાલી રહી છે. સિરસા આશ્રમમાં બેસીને રામ રહીમ વગદાર લોકોને પાયલાગણ કરવા બોલાવશે ને ધીરે ધીરે પાછા એ જ ધંધા ચાલુ થઈ જશે જે પહેલાં ચાલતા હતા.

રામરહીમ જેવો લંપટ ફરી વગદાર થઈ જાય એ આપણી કમનસીબી કહેવાય. રામરહીમ પાસે લખલૂટ પૈસો છે, તેના ઈશારે મતદાન કરતા માનસિક રીતે આંધળા અનુયાયીઓ છે, તેના એક ઈશારે ગુંડાગીરી કરી શકતા અનુયાયીઓનું ટોળુ છે, રામરહીમના આદેશને માથે ચડાવવામાં ધન્યતા અનુભવતી યુવાન સાધ્વીઓ છે. રામ રહીમ પોતાના આ રીસોર્સનો ભરપૂર ઉપયોગ કરી રહ્યો છે એ સ્પષ્ટ છે.

રામરહીમ નેતાઓ ધારે છે તેના કરતાં વધારે મોટો ખેલાડી છે. રાજકારણીઓને રમાડતાં તેને સારી રીતે આવડે છે ને તેના જોરે જ એ ટકેલો છે. તેના જોરે જ એ બહાર આવી જશે એવું લાગે છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૧૧–૪–૨૦૨૫, હાટકેશ્વર જયંતી, નૃસિંહ ડોલોત્સવ, હનુમાન જન્મોત્સવ ઉપવાસ.

- ભારતીય દ્વિનાંક ૨૧, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ –૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ–૧૪
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની બપોરે ક. ૧૫–૦૯ સુધી, પછી હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક.૧૧–૩૩, રાત્રે ક. ૨૩–૩૧
- ઓટઃ સાંજે ક. ૧૭–૩૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૪૫ (તા. ૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – ચતુર્દશી. હાટકેશ્વર જયંતી, નૃસિંહ ડોલોત્સવ, શિવદમનક ચતુર્થી, હનુમાન જન્મોત્સવ ઉપવાસ, ત્રિવેન્દ્રમ આર્ટ (કેરાલા), ભદ્રા પ્રારંભ ક. ૨૭–૨૩.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સૂર્ય, ચંદ્ર, શુક્ર ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, પરદેશનું પસ્તાનું, દુકાન–વેપાર, નવા વસ્રો, આભૂષણ, મહેંદી, વિદ્યારંભ, હજામત, પ્રથમ વાહન, નૌકા બાંધવી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, બાળકને નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, પશુ લે–વેંચ, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન. તુલસીપૂજા, શ્રી સુક્ત પુરુસુક્ત અભિષેક. ગણેશ અથર્વશીર્ષમ અભિષેક.
- આચમનઃ ચંદ્ર–નેપ્ચ્યૂન પ્રતિયુતિ નાણાં વ્યવહારમાં નિપુણ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચ્યૂન પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય–મીન, માર્ગી મંગળ–કર્ક, માર્ગી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, વક્રી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# ગ્વાલિયરમાં આગ, સિલિન્ડર બ્લાસ્ટઃ બે ફાયર ફાઈટર ઘાયલ

ગ્વાલિયરઃ મધ્ય પ્રદેશના ગ્વાલિયર શહેરમાં ગુરુવારે વહેલી સવારે ચાર માળનાં મકાનમાં આગ ફાટી નીકળ્યા બાદ ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતાં બે અગ્નિશામક ઘાયલ થયા હતા.

એસપી મનીષ યાદવે જણાવ્યું હતું કે, મકાનના ભોંયતળિયે દોરા બનાવવાની ફેક્ટરી આવેલી છે જ્યાં લગભગ બે વાગ્યે આગ ફાટી નીકળી હોવાનું માનવામાં આવે છે. આ ઈમારત ગીચ વસ્તીવાળા ચાવરી બજારમાં આવેલી છે.

ગ્વાલિયર મ્યુનિસિપલ કોર્પોરેશન અને મહારાજપુરામાં એરફોર્સ સ્ટેશનના ફાયર ટેન્કરોની મદદ લેવામાં આવી હતી. આગ ઓલવવામાં આવે તે પહેલા સિલિન્ડર બ્લાસ્ટમાં ફાયર બ્રિગેડના બે કર્મચારી - પરશોત્તમ અને યોગેશ - ઘાયલ થયા હતા. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

''બિલ્ડિંગ ગલીમાં આવેલી હોવાથી, ફાયર ટેન્ડરો માટે સ્થળ સુધી પહોંચવું મુશ્કેલ હતું. બિલ્ડિંગના તમામ (સાત) ફ્લેટ ખાલી કરાવવામાં આવ્યા હતા, અને મહત્તમ એલપીજી સિલિન્ડરો દૂર કરવામાં આવ્યા હતા,'' એમ તેમણે જણાવ્યું હતું.

ગ્વાલિયરના સિવિક કમિશનર સંઘ પ્રિયાએ જણાવ્યું હતું કે, આગને કાબૂમાં લેવા માટે લગભગ ૨૨ ફાયર ટેન્ડરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને સવારે લગભગ ૬ વાગ્યા સુધીમાં આગને કાબૂમાં લેવામાં આવી હતી.

યાદવે જણાવ્યું હતું કે આગના કારણની તપાસ ચાલુ છે અને ફેક્ટરી રહેણાક મકાનમાં કાયદેસર રીતે કાર્યરત હતી કે કેમ તે જાણવા માટે.

# ડોમિનિકન રિપબ્લિકમાં નાઈટક્લબમાં છત તૂટી પડતાં મૃતકોની સંખ્યા વધીને ૨૧૮ થઈ

સેન્ટો ડોમિંગો (ડોમિનિકન રિપબ્લિક): ડોમિનિકન રિપબ્લિકમાં એક પ્રતિષ્ઠિત નાઈટક્લબમાં છત તૂટી પડતાં મૃતકોની સંખ્યા ગુરુવારે વધીને ૨૧૮ થઈ ગઈ છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

ઇમરજન્સી ઓપરેશન્સ સેન્ટરના ડિરેક્ટર જુઆન મેન્યુઅલ મેન્ડેઝે જણાવ્યું હતું કે ઘટનાસ્થળ પરના ક્રૂ હજુ પણ પીડિત અને સંભવિત બચી ગયેલા લોકોને શોધી રહ્યા છે, જોકે મંગળવારની બપોર પછી કોઈ પણ જીવિત મળ્યું નથી.

'અમે કોઈને છોડી દેવાના નથી. અમારું કાર્ય ચાલુ રહેશે,' તેમણે કહ્યું.

દરમિયાન, સાન્ટો ડોમિંગોની રાજધાનીમાં ડઝનેક લોકો હજી પણ તેમના પ્રિયજનોની શોધમાં હતા, હોસ્પિટલો અને દેશની ફોરેન્સિક સંસ્થાની મુલાકાત લીધા પછી કોઈ જવાબ ન મળતા હતાશ થઈ ગયા હતા.

ડોક્ટરોએ ચેતવણી આપી હતી કે હોસ્પિટલમાં દાખલ બે ડઝન દર્દીમાંથી આઠની હાલત ગંભીર હતી.

''જો આઘાત ખૂબ જ મોટો છે, તો તે સ્થિતિમાં દર્દીઓને બચાવવા માટે ઘણો સમય બાકી નથી'', એમ આરોગ્ય પ્રધાન વિક્ટર અતાલ્લાહે જણાવ્યું હતું.

તેમણે અને અન્ય ડોક્ટરોએ જણાવ્યું હતું કે ઇજાઓમાં ખોપરી, ઉર્વસ્થિ અને પેલ્વિસમાં ફ્રેક્ચરનો સમાવેશ થાય છે જે સેન્ટો ડોમિંગોમાં જેટ સેટ નાઇટક્લબમાં મેરેન્ગ્યુ કોન્સર્ટમાં હાજરી આપતા લોકો પર પડતા સિમેન્ટના સ્લેબને કારણે થયા છે, જ્યાં ૨૦૦થી વધુ ઘાયલ થયા હતા.

સરકારે બુધવારે રાત્રે જણાવ્યું હતું કે તે મૃતદેહો શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરીને પુનઃપ્રાપ્તિના તબક્કામાં આગળ વધી રહી છે.સુપ્રસિદ્ધ ક્લબ સંગીતકારો, વ્યાવસાયિક રમતવીરો અને સરકારી અધિકારીઓથી ભરપૂર હતી જ્યારે મંગળવારે વહેલી સવારે છત પરથી અને લોકોના પીણાંમાં ધૂળ ઊડવા લાગી હતી. મિનિટો પછી, છત તૂટી પડી હતી.

# ભારત અને પાક સેનાએ પૂંછમાં ફ્લેગ મીટિંગ યોજી

જમ્મુઃ ભારત અને પાકિસ્તાનની સેનાઓએ ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) પર બ્રિગેડ કમાન્ડર-સ્તરની ફ્લેગ મીટિંગ યોજી હતી અને સરહદ વ્યવસ્થાપન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

આ મહિનામાં બંને પક્ષો વચ્ચે આ પ્રકારની બીજી બેઠક છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બંને પક્ષોના બ્રિગેડિયર-સ્તરના અધિકારીઓની આગેવાની હેઠળ ચકન-દા-બાગ ક્રોસ-પોઇન્ટ પર બેઠક યોજાઈ હતી.

સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''ફ્લેગ મીટિંગ એ બંને પક્ષો વચ્ચે ડીજીએમઓની સમજણ અનુસાર નિયમિત એલઓસી અને સરહદ વ્યવસ્થાપન પ્રક્રિયા છે.''

તેમણે કહ્યું કે ગુરુવારની બેઠક એલઓસી પરના નિયમિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે યોજવામાં આવી હતી.

ભારતીય સૈન્ય અધિકારીઓએ ઘૂસણખોરીના પ્રયાસો, યુદ્ધવિરામ ભંગ અને આઈઈડી વિસ્ફોટોનો મુદ્દો પણ તેમના સમકક્ષો સાથે ઉઠાવ્યો હતો અને તેમની સામે વિરોધ નોંધાવ્યો હતો, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

# બિહારમાં પ્રદર્શનકારીઓના હુમલામાં પોલીસકર્મી ઘાયલ

સારણઃ બિહારના સારણ જિલ્લામાં એક બાળકનું અકસ્માતમાં મૃત્યુ થયા બાદ રસ્તો રોકીને વિરોધ પ્રદર્શન કરી રહેલા પ્રદર્શનકારીઓના એક ટોળા દ્વારા હુમલો કરવામાં આવતા પોલીસના એક સહાયક સબ-ઇન્સ્પેક્ટર(એએસઆઇ) ઘાયલ થયા હતા. આ જાણકારી અધિકારીઓએ ગુરૂવારે આપી હતી.

આ ઘટના ત્યારે બની જ્યારે એએસઆઇ અન્ય પોલીસકર્મીઓ સાથે અમનૌર પોલીસ સ્ટેશનની હદમાં આવતા પકરીટોલા કેવરી કલા વિસ્તારમાં ટ્રકની નીચે કચડાઇને સાત વર્ષના બાળકના મોતના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા લોકોના એક ટોળા દ્વારા લગાવવામાં આવેલા રોડ બ્લોક હટાવવા ગયા હતા.

સારણ જિલ્લા પોલીસે એક નિવેદનમાં જણાવ્યું કે સહાયક સબ ઇન્સ્પેક્ટર સંજય કુમાર પર પ્રદર્શનકારીઓએ ત્યારે હુમલો કર્યો જ્યારે તેઓ ટ્રક ડ્રાઇવર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવું સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. નિવેદનમાં જણાવાયું છે કે કુમારે સ્વબચાવમાં હવામાં ગોળીબાર કર્યો હતો. વધારાનાં દળો ઘટનાસ્થળે પહોંચ્યાં હતાં અને કુમારને બચાવ્યા હતા. તેમને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. જ્યાં તેમની હાલત સ્થિર હોવાનું જણાવાઇ રહ્યું છે.

આ મામલે વધુ તપાસ ચાલી રહી છે. તેમજ ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી છે. હવે પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે.

નિવેદનમાં જણાવાયું છે કે તપાસકર્તાઓ પોલીસકર્મી પર હુમલો કરનારાઓને ઓળખવાના પ્રયાસો પણ કરી રહ્યા છે. આ ઘટનાનો એક કથિત વીડિયો ગુરુવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેમાં ટોળા દ્વારા એએસઆઇનો પીછો કરવામાં આવી રહ્યો હોવાનું જોવા મળે છે.

# ઉધમપુરમાં આતંકવાદી અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ

સુરેશ અસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં ગુરુવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. અધિકારીઓએ માહિતી આપી હતી કે જોફફર વિસ્તારમાં ગુરુવારે સવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે સામસામો ગોળીબાર ફરી શરૂ થયો હતો. અથડામણની શરૂઆત બુધવારે થઈ હતી.

સંયુક્ત દળોએ રાતના દરમિયાન અથડામણના સ્થળે ઘેરાબંદી કરી હતી જેથી આતંકવાદી અંધારાનો લાભ લઈને નાશી ન જાય. એક સ્થાનિક વ્યક્તિએ સુરક્ષા દળોને જાણકારી આપી હતી કે બુધવારે રાત્રે સુમારે આઠ વાગ્યે કાળા કપડા પહેરનાર ત્રણ આતંકવાદી તેના ઘરમાં ઘૂસ્યા હતા અને રાત્રે સાડાઅગિયાર વાગ્યે જતા રહ્યા.ત્યાર બાદ સુરક્ષા દળોએ તેમની સામે અભિયાન શરૂ કર્યું હતું.

અગાઉ જૈશના આતંકવાદીઓ બુધવારે રાત્રે એક સ્થાનિક નિવાસીના ઘરમાં ઘૂસ્યા હતા. એ સમયે રામનગરના નજીકના વિસ્તારમાં મોટે પાયે શોધ અભિયાન ચાલું હતું. સોમવારે સાંજે ત્યાં અથડામણ થઈ હતી.

ઘરના માલિક અને બસંતગઢના સ્થાનિક નિવાસી રશપાલ એક ટીવી ચેનલને કહ્યું હતું કે મોડી રાત્રે આઠ વાગ્યે અમારા ઘરમાં આતંકવાદી આવ્યા અને રાતના સાડાઅગિયાર વાગ્યે જતા રહ્યા. ઘરે અમે ચાર જણ હતા. ત્રણ આતંકવાદી કાળા કપડાં પરિધાન કરીને ઘરે આવ્યા હતા. તેઓ હથિયારથી સજ્જ હતા. એકની પાસે સામાન્ય હથિયાર હતું. બીજા પાસે અત્યાધુનિક બંદૂક હતી અને જેમાં એક સ્કોપ હતો જે એકે એમ ચાર હોઈ શકે.

સાક્ષીઓના જણાવ્યા અનુસાર આ આતંકવાદી યુવાન હતા અને તેમની વય ૨૦ની આસપાસ હતી. આતંકવાદી ઉર્દુ બોલતા હતા અને સ્થાનિક ડોગરી ભાષા સમજતા હતા. રશપાલે કહ્યું હતું કે આતંકવાદીઓએ મારા ફોનનો ઉપયોગ કરીને એક વોટ્સ એપ કોલ કર્યો અને અજ્ઞાત ભાષામાં વાતચીત કરી. કોલ પછી આતંકવાદીએ સીમ કાર્ડ પાછું આપ્યું હતું, પરંતુ ડીવાઈસ સાથે લઈ ગયા હતા. આતંકવાદીઓએ થોડું જમવાનું ખાધું અને બાકીનું પોતાની સાથે લઈ ગયા.

પહેલા પાનાનું ચાલુ

### રાણાની સામે કેસ

(મુંબઈ હુમલા)ને લગતી અન્ય બાબતો માટે ખાસ સરકારી વકીલ તરીકે નરેન્દ્ર માનની નિમણૂક ત્રણ વર્ષ માટે કરાઇ છે.

જાહેરનામામાં જણાવાયું હતું કે કેન્દ્ર સરકાર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (બીએનએસએસ)ની કલમ ૧૮ની પેટા-કલમ (૮)ને નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી એક્ટ, ૨૦૦૮ (૨૦૦૮ની ૩૪)ની કલમ ૧૫ની પેટા-કલમ (૧)ની સાથે વાંચતા મળતા અધિકાર મુજબ ખાસ વકીલ તરીકે નરેન્દ્ર માનની નિમણૂક કરીએ છીએ. તેઓ આ ખટલો અને નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ના કેસ આરસી-૦૪ / ૨૦૦૯ / એનઆઇએ / ડીએલઆઇને લગતી અન્ય બાબત એનઆઇએની દિલ્હીમાંની ખાસ અદાલત અને અપીલ માટેની અન્ય અદાલતોમાં આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી ત્રણ વર્ષ સુધી અથવા આ કેસ પૂરો થાય ત્યાં સુધી, જે કોઇ તારીખ પહેલી હોય તે મુદત સુધી ચલાવશે. (એજન્સી)

### ઑલિમ્પિક્સમાં

અફઘાનિસ્તાન, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, આયરલૅન્ડ અને ઝિમ્બાબ્વેનો સમાવેશ છે. આઇસીસીમાં બીજા ૯૪ અસોસિયેટ મેમ્બર-રાષ્ટ્ર પણ સામેલ છે.

જોકે ૨૦૨૮ની ઑલિમ્પિક્સ માટેની છ ટીમમાં સ્થાન મેળવવા વિવિધ દેશો વચ્ચે હરીફાઈ થશે. અમેરિકા યજમાન હોવાથી (પુરુષ તથા મહિલા) બન્ને ક્રિકેટ ટૂર્નામેન્ટમાં એનો સમાવેશ મોટા ભાગે નક્કી કહેવાશે. ટૂર્નામેન્ટમાં બીજા પાંચ-પાંચ દેશનો સમાવેશ ક્વૉલિફિકેશન રાઉન્ડને આધારે નક્કી થશે. એવું મનાય છે કે આઇસીસીના રૅન્કિંગ્સની યાદીમાં (કટ-ઑફ તારીખ)ને દિવસે જે પાંચ દેશ ટોચના પાંચ ક્રમે હશે તેઓ ઑલિમ્પિક્સમાં રમી શકશે.

૨૦૨૮ની આગામી ઑલિમ્પક્સમાં ક્રિકેટ ઉપરાંત બીજી ચાર નવી રમતોની પણ હરીફાઈ યોજાશે અને એમાં બેઝબૉલ, સૉફ્ટબૉલ, ફ્લૅગ ફૂટબૉલ, લૅક્રોઝી (સિક્સીસ) અને સ્ક્વૉશનો સમાવેશ છે.

એ રીતે, ગયા વર્ષની પૅરિસ ઑલિમ્પિક્સની તુલનામાં લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં વધુ બાવીસ મેડલ આપવામાં આવશે.

ઑલિમ્પિક્સના ઇતિહાસમાં પહેલી વખત તમામ ટીમ-સ્પોર્ટ્સમાં પુરુષ તેમ જ મહિલા ટીમ ભાગ લેશે.

### ભાજપ વક્ફ કાયદા

મુસલમાનો, ખાસ કરીને પછાત વર્ગના લોકોના લાભાર્થે અને તેઓની મિલકતના યોગ્ય મેનેજમેન્ટ માટે અસરકારક પારદર્શક નીતિ અપનાવી રહી છે.

ભાજપ દ્વારા શાસિત રાજ્યોમાંના વક્ફ બોર્ડના સભ્યો અને લઘુમતી કોમના કાર્યકરોએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો.

નડ્ડાએ દાવો કર્યો હતો કે નવો વક્ફ કાયદો આઠ એપ્રિલથી અમલમાં મુકાયો છે અને તેને લીધે વક્ફની સંપત્તિ ગરીબ મુસલમાનો માટે વાપરવાનું સરળ બનશે તેમ જ તે અમુક વગદાર લોકોની નિયંત્રણમાંથી મુક્ત થશે.

ભાજપના મહામંત્રી રાધામોહનદાસ અગ્રવાલ અને પક્ષના લઘુમતી એકમના પ્રમુખ જમાલ સિદ્દીકી વીસ એપ્રિલથી પાંચ મે સુધી ચાલનારા જનજાગૃતિ અભિયાનનું નેતૃત્વ કરશે. (એજન્સી)

### અમેરિકાની સામે

વહીવટીતંત્રનો સંપર્ક કર્યો છે. દરમિયાન, ચીને અમેરિકાથી આયાત કરાતા માલસામાન પર ૮૪ ટકા ટૅરિફ નાખવાની જાહેરાત કરી હતી અને ટ્રમ્પની કહેવાતી 'દાદાગીરી' સામે 'અંત સુધી લડી લેવાની' તૈયારી દર્શાવી હતી. ચીન સિવાયના દેશો સાથેનું અમેરિકાનું 'વેપાર-યુદ્ધ' હાલમાં શાંત થયું છે અને દુનિયાના અન્ય દેશો બીજિંગ અને વૉશિંગ્ટન વચ્ચેના 'વેપાર-યુદ્ધ' અને તેની અસરને જોવા ટાંપીને બેઠા છે. દરમિયાન, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લીન જિયાને દાવો કર્યો હતો કે અમેરિકાની ટૅરિફ વધારવાની નીતિ નિષ્ફળ જશે. તેને આ મુદ્દે પોતાના લોકોનો પણ ટેકો નથી મળતો.તેમણે જણાવ્યું હતું કે ચીન આ કિસ્સામાં યુરોપિયન યુનિયનની સાથે મંત્રણા કરી રહ્યું છે. ચીનના નેતા અને યુરોપિયન કમિશનનાં પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયની સાથે ફૉન પર ટૅરિફ અંગે ચર્ચા કરી હતી. (એજન્સી)

### બિહારમાં વીજળી

હતાં. નાલંદામાં એક મંદિર પર પીપળનું વૃક્ષ પડતાં મંદિરની છત પડી ગઈ હતી એની નીચે થોડા જણ દટાયા હોવાની આશંકા છે. નાલંદા માટે પ્રશાસને હેલ્પલાઈન નંબર જારી કર્યો છે.

લોકોએ વરસાદ અને તોફાનથી બચવા મંદિરમાં આશરો લીધો હતો. ચીફ મિનિસ્ટર્સ ઑફિસ (સીએમઓ)એ બહાર પાડેલાં નિવેદન પ્રમાણે નાલંદામાં ૧૮, સિવાનમાં બે અને કટિહાર, દરભંગા, બેગુસરાઈ, ભાગલપુર અને જેહાનાબાદ દરેકમાં એક જણનાં મૃત્યુ થયાં હતાં. મુખ્ય પ્રધાન નીતીશ કુમારે આ મરણ અંગે સંવેદના વ્યક્ત કરી છે. અને દરેક મૃતકના કુટુંબને ચાર લાખ રૂપિયનું વળતર આપવાની જાહેરાત કરી હતી. બુધવારે બિહારના ચાર જિલ્લામાં વીજળી પડવાને લીધે ૧૩ જણાનાં મૃત્યુ થયાં હતા. બિહાર શરીફમાં કુલ છ જણ મરણ પામ્યાં છે.

બિહારમાં ચોમાસામાં વીજળી પડવાથી દર વર્ષે મરણ થાય છે. ૨૦૧૭-૨૦૨૩ સુધી ૨૭૧ લોકોનાં મરણ થયા છે. જોકે આ વખતે ચોમાસા પેહલાં જ વીજળી પડવાથી મરણ થયા છે. (એજન્સી)

### સુપ્રીમ વક્ફ કાયદાની

કોર્ટ અને હાઇકોર્ટોમાં એ સુનિશ્ચિત કરવા માટે દાખલ કરવામાં આવે છે કે તેને સાંભળ્યા વિના કોઇ આદેશ પસાર કરવામાં ન આવે.

સુપ્રીમ કોર્ટમાં નવા ઘડાયેલા કાયદાની માન્યતાને પડકારતી ૧૦થી વધુ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. આ અરજીઓ કરવામાં રાજનેતાઓ અને ઓલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (એઆઇએમપીએલબી) અને જમિયત ઉલેમા-એ-હિંદ સામેલ છે. નોંધનીય છે કે કેન્દ્ર સરકારે મંગળવારે વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ને અધિસુચિત કર્યું હતું. જેને ગયા અઠવાડિયે સંસદ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ત્રાસવાદી તહવ્વૂર

રાણાનું પ્રત્યર્પણ કરવા ૨૦૨૩ની ૧૬ મેએ આદેશ આપ્યો હતો, પરંતુ બાદમાં રાણાએ પોતાની ભારતને સોંપણી રોકવા માટે અમેરિકાની સર્વોચ્ચ અદાલતમાં અનેક અરજી કરી હતી, જે નકારી કાઢવામાં આવી હતી.

રાણાએ ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાની, ત્રાસવાદી સંગઠનો - લશ્કરે તૈયબા અને હરકત-ઉલ-જિહાદી ઇસ્લામી તેમ જ કેટલાક પાકિસ્તાનીઓની સાથે મળીને મુંબઈ પરના હુમલાનું ષડ્યંત્ર ઘડ્યું હતું.

પાકિસ્તાનના દસ ત્રાસવાદીઓ સમુદ્રના માર્ગે મુંબઈ પહોંચ્યા બાદ મહાનગરના એક રેલવે સ્ટેશન, બે લક્ઝરી હૉટેલ અને એક યહૂદી કેન્દ્ર પર કરેલા હુમલામાં માર્યા ગયેલા ૧૬૬ જણમાં અમેરિકી, બ્રિટિશ અને ઇઝરાયલી નાગરિકોનો સમાવેશ થતો હતો.

રાણાએ ૧૯૯૦ના દાયકામાં કૅનેડા જતાં પહેલાં પાકિસ્તાન લશ્કરના મેડિકલ કોર્પ્સમાં કામ કર્યું હતું.

ભારતે લશ્કરે તૈયબા અને હરકત-ઉલ-જિહાદી ઇસ્લામીને ત્રાસવાદી જાહેર કર્યા હતા.

રાણાએ ૨૦૦૮માં ૧૩ નવેમ્બરથી ૨૩ નવેમ્બરના સમયગાળામાં પોતાની પત્ની સમરાઝ રાણા અખ્તરની સાથે મુંબઈ, અમદાવાદ, કેરળના કોચી, દિલ્હી, ઉત્તર પ્રદેશના આગરા અને હાપૂરની મુલાકાત લીધી હતી. (એજન્સી)

# રાષ્ટ્રીય સલામત માતૃત્વ દિવસઃ ગુજરાતમાં એક વર્ષમાં પાંચ લાખથી વધુ મહિલાઓને સરકારી યોજનાનો લાભ મળ્યો

ગાંધીનગરઃ માતા અને બાળકના સ્વાસ્થ્યની કાળજીને સમજીને રાજ્ય સરકારે ગુજરાતમાં મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અમલી બનાવી છે. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાયેલ એક મહત્ત્વપૂર્ણ પહેલ છે, જે સગર્ભા સ્ત્રીઓ અને ૨ વર્ષનું બાળક ધરાવતી માતાઓને પોષણયુક્ત આહાર આપીને માતા અને બાળકના સ્વાસ્થ્યમાં સુધારો લાવવાના હેતુથી અમલી બનાવવામાં આવી છે.

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અંતર્ગત વર્ષ દરમિયાન પાંચ લાખથી વધુ લાભાર્થીઓને પોષણ પૂરું પાડવામાં આવ્યું છે. જે માટે રાજ્ય સરકારે રૂ. ૩૫૪.૧૫ કરોડની નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. માતા અને બાળકના સ્વાસ્થ્યમાં સુધારો કરવા માટે જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસો પર ધ્યાનન કેન્દ્રિ ત કરવું આવશ્યક છે. જે ગર્ભધારણથી બાળકના બીજા જન્મ દિવસ વચ્ચેનો એક મહત્ત્વનો સમયગાળો છે જે દરમિયાન શ્રેષ્ઠ સ્વાસ્થ્ય વૃદ્ધિ અને સમગ્ર જીવનકાળમાં માનસિક વિકાસ સ્થાપિત થાય છે.

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના વર્ષ ૨૦૨૨થી અમલી બનાવવામાં આવી છે. જેમાં પ્રથમ ૧૦૦૦ દિવસને તકની પ્રથમ બારી ગણવામાં આવે છે. આ તબક્કા દરમિયાન માતાઓને તેમના વિકાસતા ગર્ભને અને ત્યારબાદ સ્તથનપાન કરાવવા માટે પ્રોટીન, ચરબી અને વિટામિન-સી જેવા વધુ પોષક તત્ત્વોની જરૂર હોય છે. આ યોજના હેઠળ પ્રથમ વખતની સગર્ભા અને ૨ વર્ષ સુધીના બાળકની આંગણવાડીમાં નોંધણી કરાવેલ માતાને લાભ મળે છે. જેમાં લાભાર્થીને ૨ કિલો ચણા, ૧ કિલો તુવેરદાળ અને ૧ લિટર સિંગતેલ દર માસે આપવામાં આવે છે. આ પોષક તત્વોથી ભરપૂર ખોરાક માતા અને બાળકના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા માટે મહત્ત્વપૂર્ણ છે. સમગ્ર દેશમાં શરૂ કરેલ રાષ્ટ્રીય પોષણ અભિયાનનો નિશ્ચિત ધ્યેય હાંસલ કરવાની દિશામાં ગુજરાત સરકાર જન્મથી ૬ વર્ષના બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રીમાતાઓ માટે પૌષ્ટીક આહાર પૂરો પાડવા માટે વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ૪૪ લાખથી વધુ લાભાર્થીઓને લાભ અપાયો હોવાનો દાવો રાજ્ય સરકારે કર્યો છે. દર વર્ષે ૧૧ એપ્રિલે રાષ્ટ્રીય સલામત માતૃત્વ દિવસ ઉજવવામાં આવે છે. આ ઉજવણીનો હેતુ મહિલાઓની માતૃત્વ સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે. વર્ષ ૨૦૦૩માં ભારત સરકારે ૧૧મી એપ્રિલના રોજ રાષ્ટ્રીય સલામત માતૃત્વ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.

# રાહુલ ગાંધી ગુજરાતમાં ફરી નાખશે ધામાઃ કોંગ્રેસના નવા જિલ્લાધ્યક્ષોની થશે વરણી

અમદાવાદઃ ગુજરાત ખાતે બે દિવસીય અધિવેશન દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જાહેરાત કરી હતી કે પક્ષને ફરી બેઠો કરવા માટે જિલ્લા સ્તરે કામગીરીને મજબૂત બનાવવામાં આવશે અને જિલ્લાધ્યક્ષને જવાબદારી અને સત્તા સોંપવામાં આવશે. આ સાથે દરેક ચૂંટણીઓમાં ઉમેદવારની પસંદગીમાં પણ જિલ્લા અધ્યક્ષનું મંતવ્ય મહત્વનું બની રહેશે. રાહુલ ગાંધીની આ જાહેરાત બાદ જિલ્લા સ્તરે કામ કરતા કાર્યકરોમાં આશા જન્મી છે. પક્ષ દરેક રાજ્યમાં નવા જિલ્લાધ્યક્ષની વરણી કરશે અને તેની માટે ખાસ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે. આ નવી કસરતની શરૂઆત કોંગ્રેસ ગુજરાતથી કરવાની છે. ૧૫મી એપ્રિલથી ગુજરાતમાં આ નવી પદ્ધતિથી કામ કરવાનું શરૂ થશે. આ સમયે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગે અને સાંસદ રાહુલ ગાંધી હાજર રહે તેવી શક્યતા છે. ગુજરાત બાદ ૨૮મી એપ્રિલથી રાજસ્થાનમાં આ કામગીરી થશે, તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યું હતું.

કોંગ્રેસના જિલ્લા અધ્યક્ષ અને કમિટીના સભ્યોને વિશેષ જવાબદારી સોંપવામાં આવશે અને તેમને સત્તા પર આપવામાં આવશે. પક્ષની તમામ પ્રવૃત્તિઓમાં તેમને સાથે લઈ આગળ વધવામાં આવશે, તેમ કાગ્રેસે જણાવ્યું હતું. પક્ષ જો ખરેખર આ રીતે જમીની કામ કરતા કાર્યકરોને આગળ કરી કામ કરશે તો ફાયદો થશે અને નિષ્ઠાવાન કાર્યકરોને બળ મળશે, તેમ એક નેતાએ જણાવ્યું હતું. ખરગેએ પોતાના ભાષણમાં જે લોકો કામ કરવા નથી માગતા અને માત્ર નામ ખાતર પક્ષ સાથે જોડાયેલા છે તે તમામને નિવૃત્ત થઈ જવા પણ કહ્યું હતું.

આ અધિવેશન ગુજરાતમાં યોજી ખાસ રિઝોલ્યુશન બહાર પાડવામાં આવ્યું છે. ગુજરાતમાં ૨૦૨૭માં યોજાનાર વિધાનસભાની ચૂંટણી જીતવાનો હુંકાર પણ અધિવેશનમાં કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૨માં પક્ષે ખૂબ જ કંગાળ દેખાવ કર્યો હતો અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ એક જ સાંસદ જીતી શક્યાં છે. ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી સત્તાથી વંચિત રહેલી કોંગ્રેસને ફરી બેઠી કરવા પક્ષ કેટલા અને કેવા પ્રયોગો કરે છે તે જોવાનું રહ્યું.

# ગુજરાત શિક્ષણ બોર્ડે વર્ષ ૨૦૨૫-૨૬નું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કર્યું

ગાંધીનગરઃ ગુજરાતના બોર્ડના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગે નવા શૈક્ષણિક વર્ષનું કેલેન્ડર બહાર પાડ્યું છે. વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે જાહેર થયેલા આ કેલેન્ડરમાં શૈક્ષણિક સત્રના દિવસો, પરીક્ષાની તારીખો, વેકેશનનો સમયગાળો તેમ જ જાહેર રજાની વિગતો દર્શાવવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને એકેડેમિક કેલેન્ડર મોકલી દેવામાં આવ્યું છે. દસમા-બારમાના વિદ્યાર્થીઓ અને સ્કૂલો પોતાના આખા વર્ષનું ટાઈમટેબલ બનાવી શકે તે માટે વર્ષની શરૂઆતથી પરીક્ષાઓની તારીખો જાહેર કરવામાં આવે છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા કેલેન્ડર મુજબ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૧૬મી માર્ચ, ૨૦૨૬ દરમિયાન લેવામાં આવશે. જ્યારે ધોરણ ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા ૯મી એપ્રિલથી ૨૬મી એપ્રિલ ૨૦૨૬ દરમિયાન લેવામાં આવશે.

શૈક્ષણિક કાર્ય માટે વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૨૪૯ દિવસ ફાળવવામાં આવ્યા છે. જે પૈકી આગામી ૯મી જૂનથી ૧૫મી ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન ૧૦૫ દિવસનું પ્રથમ સત્ર રહેશે. જે બાદ ૧૬મી ઓક્ટોબરથી ૫મી નવેમ્બર એમ ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે. જ્યારે ૬ટ્ઠી નવેમ્બર ૨૦૨૫થી ૧૪૪ દિવસનું બીજુ સત્ર શરૂ થશે, જે ૩મી મે ૨૦૨૬ના રોજ પુરુ થશે. જે બાદ ૪મી મે થી ૭મી જૂન સુધીના ૩૫ દિવસનું ઉનાળું વેકેશન રહેશે.

# ગુજરાતમાં મહાવીર જયંતીની ભક્તિમય વાતાવરણ વચ્ચે ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતભરમાં મહાવીર જયંતીની ધૂમધામથી ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ સહિત વડોદરા, સુરત, રાજકોટ, જૂનાગઢ સહિતના શહેરોમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં મોટા પ્રમાણમાં જૈન સમુદાય વસે છે. અહીં તેમના દ્વારા ૨૦ કિ.મી. લાંબી રથયાત્રા યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં જૈનો જોડાયા હતા અને ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. આ શોભાયાત્રામાં સાતથી ૧૦ હજાર લોકો જોડાયા હતાં. વડોદરા શહેરમાં બેન્ડવાજા, ઢોલ-નગારાં સાથે ધર્મયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રમાં પણ મહાવીર જયંતીની ભવ્ય ઉજવણી થઈ હતી. મણિયારા દેરાસરથી આ ધર્મયાત્રા શરૂ કરવામાં આવી હતી. સેંકડો જૈનો આ યાત્રામાં જોડાયા હતાં અને મહાવીર જૈનનો સંદેશ લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન તેમ જ રાજ્યપાલે મહાવીર જયંતી નિમિત્તે શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે કરુણા અને અહિંસાના તત્વ ચિંતનને ભગવાન મહાવીર સ્વામીએ જીવન આચરણથી હંમેશાં આત્મસાત કરાવ્યું છે. આ દિવસે જૈન ધર્મના પાયામાં રહેલા કરુણા અને અહિંસાના વ્રતોને આત્મસાત કરવાનો સંકલ્પ સૌ કોઈ લે તે જરૂરી છે. મહાવીર સ્વામીએ પ્રબોધેલા કરુણા, જીવદયા અને અહિંસાના માર્ગે ચાલીને સમરસ, સૌહાર્દપૂર્ણ સમાજના નિર્માણ માટે સૌ સંકલ્પબદ્ધ થઇએ એમ પણ ભૂપેન્દ્ર પટેલે મહાવીર જનકલ્યાણકની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું.

# રાજકોટમાં સદીમાં પહેલીવાર એપ્રિલમાં આવી ગરમી

એક અહેવાલ પ્રમાણે રાજકોટમાં બુધવારે ૪૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે છેલ્લા ૧૩૩ વર્ષમાં એપ્રિલ મહિનામાં સૌથી ઊંચું તાપમાન માનવામાં આવે છે. શહેરમાં સૂકી અને ગરમ હવાઓની લહેર આખો દિવસ રહી હતી. મોડી સાંજ સુધી સખત ઉકળાટનો અનુભવ થયો હોવાથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ગયા હતા. દરમિયાન સ્થાનિક તંત્રએ ગરમીને ધ્યાનમાં લઈ શહેરીજનોની સુવિધા માટે અમુક નિર્ણયો લીધા હતા. રાજકોટ ટ્રાફિક પોલીસે બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ બંધ રાખવાનો નિર્ણય લઈ વાહનચાલકોને રાહત આપી છે. આકરા તાપના કારણે સરકારી સ્કૂલોનો સમય પણ સવારનો કરાયો છે. જાહેર સ્થળોએ છાશ વિતરણ કેંદ્રો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. દવાનો સ્ટોક પૂરતી માત્રામાં રાખવા સૂચના આપવામાં આવી છે. ગરમીને લીધે ઝાડા-ઊલટી, ચક્કર આવવા, માથું દુઃખવું વગેરે કેસ વધી રહ્યા છે. સરકારે લોકોને સુરક્ષિત રહેવા તાકીદ કરી છે.

# ગુજરાત આખું ધખધખ્યુંઃ આજથી ત્રણ દિવસ ગરમીમાં રાહતની શક્યતા

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી આકરો તાપ પડી રહ્યો છે અને લગભગ સમગ્ર રાજ્યમાં તાપમાનનો પારો ૪૦થી ૪૫ ડિગ્રીએ પહોંચી જતા જનજીવનને પર અસર થઈ છે. જોકે હવામાન વિભાગે ગરમીમાં ઘટાડાના સંકેતો આપ્યા છે. હવામાન વિભાગે કરેલી આગાહી અનુસાર આજથી આવનારા બે-ત્રણ દિવસો માટે ગરમીમાં બેથી ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાવાની શક્યતા છે. રાજ્યના અમુક ભાગોમાં જ ગરમીની લહેર વર્તાશે. બુધ અને ગુરુવારે રાજ્યભરમાં ગરમીની લહેર ફરી વળી હતી. કંડલામાં ૪૬ જ્યારે રાજકોટમાં ૪૫ ડિગ્રી ગરમીએ રહેવાસીઓને હેરાન-પરેશાન કરી નાખ્યા હતા. સૌરાષ્ટ્રના અમરેલી, કેશોદ, સુરેન્દ્રનગરમાં માં ૪૪ ડિગ્રી અમદાવાદ, વડોદરા, પોરબંદર, ભુજમાં ૪૩ ડિગ્રી, સુરત અને ભાવનગરમાં ૪૧ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું. જોકે તાપમાન કરતા પણ શહેરોમાં ગીચતા અને પ્રદૂષણને લીધે ગરમીનો અનુભવ વધારે થાય છે. અમદાવાદ-વડોદરા જેવા શહેરમાં દિવસ જેટલો ઉકળાટ રાત્રે પણ અનુભવાય છે. મોડી રાત્રે ૧૨ વાગ્યા પછી થોડી રાહત અનુભવાય છે જ્યારે સવારે સાડા સાત આસપાસ સૂરજ તપવા લાગે છે અને લોકોએ આકારા તાપ વચ્ચે જ રોજિંદા કામો કરવાના રહે છે.

# સાબરકાંઠામાં ૧૨ હજારના પગારદારને ૩૬ કરોડની આવકવેરા વિભાગની નોટિસ

અમદાવાદ : ગુજરાતમાં આવકવેરા વિભાગે એક વ્યક્તિને આશ્ચર્ય ઉપજાવે તેવી નોટિસ પાઠવી છે. જેમાં આવક વેરા વિભાગે સાબરકાંઠા જિલ્લાના રતનપુર ગામમાં રહેતા એક વ્યક્તિને રૂ. ૩૬ કરોડના વ્યવહાર અંગે સ્પષ્ટતા કરવા નોટિસ પાઠવી છે. જીતેશકુમાર મકવાણા નામની આ વ્યક્તિની આવક માસિક ૧૨,૦૦૦ રૂપિયા છે. તે એક ઇન્ફોર્મેશન ટેકનોલોજી કંપનીમાં ઓફિસ બોય તરીકે કામ કરે છે. જીતેશકુમાર મકવાણાએ જણાવ્યું હતું કે તેમની આવક એટલી ઓછી છે કે તેઓ આવકવેરા રિટર્ન ફાઇલ જ કરી શકતા નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે મેં ૩૬ કરોડ રૂપિયાની નોટિસ જોઈ ત્યારે મને આઘાત લાગ્યો. હું કાગળ તરફ જોતો રહ્યો અને તેનો અર્થ સમજવાનો પ્રયાસ કરતો રહ્યો. મારા બેંક ખાતામાં ફક્ત ૧૨ રૂપિયા છે. તેમણે કહ્યું કે નોટિસ મળ્યા પછી તેમણે સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો. જેણે તેમને સાયબર ક્રાઈમ યુનિટમાં જવા કહ્યું. યુનિટે મને આવકવેરા કચેરીમાં મોકલ્યો. જ્યાં મને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિકારીઓનો સંપર્ક કરવાનું કહેવામાં આવ્યું. તેમણે મને પાછો મોકલી દીધો.

# સાબરકાંઠાના હિંમતનગરની હાથમતી નદીમાંથી છ દિવસ જૂનો મૃતદેહ મળ્યો

હિંમતનગરઃ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં હાથમતી નદીના પટમાંથી એક અજાણ્યા પુરુષનો કોહવાઈ ગયેલો મૃતદેહ મળી આવ્યો છે. આ ઘટના ભોલેશ્વર ઓવરબ્રિજ વિસ્તારમાં બ્રહ્માણી માતાજીના મંદિર નજીક ગુર્જર ભારતી આશ્રમ શાળાની પાછળના ભાગમાં બની હતી. લાશની દુર્ગંધની જાણ કરાતા હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના ડ્યૂટી અને બીટ જમાદાર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે નગરપાલિકાના ફાયર વિભાગની ટીમને પણ બોલાવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે મૃતક અંદાજે ૫૦ વર્ષની ઉંમરનો પુરુષ છે. મૃતદેહ છેલ્લા છ દિવસથી વધુ સમયથી ત્યાં પડી હોવાનું અનુમાન છે. મૃતદેહ કોહવાઈ ગયો હોવાથી ઓળખ કરવામાં મુશ્કેલી પડી રહી છે. પોલીસે અકસ્માતે મોતનો કેસ નોંધી મૃતદેહને હિંમતનગર સિવિલ હૉસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં મોકલ્યો હોવાની માહિતી મળી છે. વધુ તપાસ માટે મૃતદેહને અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવશે. પોસ્ટમોર્ટમ બાદ મૃત્યુનું કારણ અને સમય અંગે વધુ માહિતી મળવાની શક્યતા છે.

# આઈઆઈએમ અમદાવાદનું કેમ્પસ દુબઈમાં શરૂ થશે

અમદાવાદઃ ભારતની ટોપની બિઝનેસ સ્કૂલ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ હવે દેશની સીમા બહાર પણ શિક્ષણ આપશે. આઈઆઈએમએ દુબઈમાં કેમ્પસ શરૂ કરવા જઈ રહ્યું છે, આ કેમ્પસ શરૂ કરવા માટે સંસ્થાએએ યુનાઇટેડ અરબ અમીરાત સરકાર સાથે એમઓયુ સાઈન કર્યા છે. આ એમઓયુ પર આઠ એપ્રિલના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. દુબઈ કેમ્પસ આઈઆઈએમએની આંતરરાષ્ટ્રીય સફરમાં એક માઈલસ્ટોન માનવામાં આવી રહ્યું છે.

અહેવાલ મુજબ દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમ અને ભારતના વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલની હાજરીમાં આ એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતાં. આઈઆઈએમએના ડિરેક્ટર પ્રોફેસર ભરત ભાસ્કર અને દુબઈના અર્થતંત્ર અને પર્યટન વિભાગના ડિરેક્ટર જનરલ હેલાલ સઈદ અલમારી વચ્ચે આ એમઓયુની આપ-લે કરવામાં આવી હતી.

એડમિશન અંગે મળતી વિગતો અનુસાર હાલ દુબઈ કેમ્પસમાં વર્કિંગ પ્રોફેશનલ્સ અને એન્ટરપ્રેન્યોર્સ માટે એક વર્ષનો ફૂલ ટાઈમ એમબીએ પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે. આ પ્રોગ્રામ સપ્ટેમ્બર ૨૦૨૫ માં શરૂ થશે અને પાંચ ટર્મ સુધી ચાલુ રહેશે. જીમેટ અથવા જીઆરઈ કોર્સના આધારે આઈઆઈએમએ દુબઈના એમબીએ પ્રોગ્રામમાં પ્રવેશ મળી શકશે. રજિસ્ટ્રેશન પ્રોસેસ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

દુબઈમાં કેમ્પસ બે તબક્કામાં શરૂ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં, આઈઆઈએમએ દુબઈ ઇન્ટરનેશનલ એકેડેમિક સિટીની અંદર યુએઈ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી ઇમારતમાં કાર્યરત થશે. બીજા તબક્કામાં એક કાયમી કેમ્પસ બનાવવામાં આવશે, જે ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

આ સંસ્થા સાથે જોડાયેલા તમામે આનંદ વ્યક્ત કર્યો હતો.

# ઉનાળુ પાકને નુકસાન થયું હોવાથી વિરમગામના ખેડૂતોએ સિંચાઈના પાણી માટે કરી માગણી

અમદાવાદઃ ખેતી માટે સૌથી આવશ્યક સિંચાઈ માટેનું પાણી છે. સિંચાઈ માટે પાણી જો સમયસર મળી રહે તો સારી એવી ખેતી થઈ શકે છે, અન્યથા ખેડૂતોને મોટું નુકસાન વેઠવાનો વારો આવે છે. નોંધનીય છે કે, પાકને થતા નુકસાનને લઈને વિરમગામ પંથકના ખેડૂતોએ તંત્ર સમક્ષ રજૂઆત કરી છે. અહીં પાણીના અભાવે પાકને મોટું નુકસાન થઈ રહ્યું છે. જેથી વિરમગામના તમામ ગામોમાં સિંચાઇના પાણીની સુવિધા કરી આપવામાં આવે તેવી ખેડૂતો દ્વારા માગણી કરવામાં આવી છે. ખેડૂતોની એક જ માગ છે કે, સિંચાઈ માટે પાણી આપવામાં આવે જેથી પાકને ગરમીથી બચાવી શકાય. કારણ કે, ખરીફ પાકોને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે ખૂબ જ જરૂરી છે. નોંધનીય છે કે, નર્મદાની નરસિંહપુરા બ્રાન્ચ માઇનોર કેનાલમા છેલ્લા ઘણાં દિવસોથી પાણી બંધ કરી દેવામાં આવ્યું છે, જેનાથી અત્યારે ઊભો પાક સૂકાઈ રહ્યો હોવાથી ખેડૂતો ચિંતિત થયા હતા. ચોમાસામાં ખેડૂતોને ડાંગરના પાકના કારણે મોટું નુકસાન થયું હતું જેથી આ વર્ષે પંથકના ખેડૂતોએ ઉનાળુ ડાંગરનું વાવેતર કરતા હાલ હજારો હેક્ટર જમીનમાં ડાંગરનો ઊભો પાક સૂકાઈ રહ્યો છે. આ પાકને બચાવવા માટે પાણી મળવું આવશ્યક છે. સોકલી કરકથળ ગામ પાસેથી પસાર થતી નર્મદાની નરસિંહપુરા બ્રાન્ચ માઇનોર કેનાલમાં સિંચાઈનું પાણી બંધ કરી દેવામાં આવ્યું છે. જેના કારણે વિરમગામ તાલુકાના ૩૦થી વધુ ગામમાં ઉનાળુ ડાંગરના પાક સૂકાઈ રહ્યા છે. જેથી ખેડૂતો દ્વારા સરકાર પાસે કેનાલમાં પાણી છોડવા માટે ઉગ્ર માંગણી કરવામાં આવી છે. ગામડાઓની વાત કરવામાં આવે તો, વિરમગામ તાલુકાના હાસલપુર, સોકલી, કાજીપુરા ,વાંસવા, લિયા, થોરી મુબારક જાલમપુરા ધોડા થુલેટા સહિત ૩૦ થી વધુ ગામોના ખેડૂતો અત્યારે પાણી માટે માંગણી કરી રહ્યાં છે. જો સરકાર દ્વારા પાણી છોડવામાં આવે તો પાકને વચાવી શકાય તેમ છે.

# સાત વર્ષની બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ કરી મોતને ઘાટ ઉતારી, પોલીસે ૧૪ કલાકમાં આરોપીને દબોચી લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ચાંગોદરમાં એક સાત વર્ષની બાળકી સાથે દુષ્કર્મ અને હત્યાનો બનાવ બન્યો હતો. આ ગુનામાં પોલીસે ૧૪ જ કલાકમાં આરોપીની ધરપકડ કરી લીધી હતી. આરોપીએ અવાવરું જગ્યામાં પતરાની ઓરડીમાં બાળકી પર દુષ્કર્મ ગુજાર્યુ હતું અને બાદમાં ક્રૂરતાપૂર્વક હત્યા કરી દીધી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ હત્યા અને દુષ્કર્મનો ગુનો નોંધીની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે ૩૦ થી ૪૦ સીસીટીવી કેમેરાઓની ઝીણવટપૂર્વક તપાસ કરી હતી. એટલું જ નહીં પરંતુ આસપાસ રહેતા ૧૦૦થી વધારે લોકોની પૂછપરછ કરવામાં આવેલ હતી. દરેક પ્રકારની તપાસ કર્યા બાદ ટેકિનકલ એનાલિસિસ અને હ્યુમનસોર્સથી સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ડોગ સ્કવોડની મદદથી તપાસ કરવામાં આવતા કેટલાક શંકાસ્પદ ઇસમોને ટ્રેક કરવામાં આવેલ હતા. જેમાંથી મૂળ આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. રવિન્દ્રકુમાર છોટાલાલસિંઘ મોજીસાવ (ઉંમર વર્ષ - ૩૦)ની પૂછપરછ કરવામાં આવતા તે ભાંગી પડ્યો હતો અને આખરે પોતાનો ગુનો માની લીધો હતો. આરોપીએ ઘટનાની વિગત જણાવી કે, તેણે પહેલા બાળકીને બિસ્કિટ આપવાનું કહી હાથ પકડી પોતાની રૂમમાં લઈ ગયો અને પછી તેની સાથે શારીરિક અડપલા કરી દુષ્કર્મ કરવા પ્રયત્ન કર્યો પરંતુ બાળકીએ બૂમાબૂમ કરી એટલે માથામાં ઇંટનો ટુકડો મારી હત્યા કરી દીધી હતી. અત્યારે પોલીસે આ કેસમાં આગળની કાર્યવાહી હાથ ધરી દીધી છે.

# ગુજરાતમાં સિંહની ગણતરીમાં એઆઇની મદદ લેવાશેઃ સરકારની જાહેરાત

અમદાવાદઃ ગુજરાત રાજ્ય એશિયાટિક લાયન્સનું ઘર છે અને અહીં સાસણ ગીરના જંગલોમાં મોટી સંખ્યામાં સિંહોનો વસવાટ છે. આ વિસ્તાર પર્યટકોનો પ્રિય વિસ્તાર છે અને વર્ષે લાખોની સંખ્યામાં પર્યટકો સિંહ જોવા આવે છે. આ સિંહોની ગણતરી કરવાની જાહેરાત રાજ્ય સરકારે અગાઉ કરી છે ત્યારે આ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદ લેવામાં આવશે, તેમ વન્ય ખાતા અને પ્રવાસન ખાતાના પ્રધાન મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું. મે મહિનાની ૧૦મીથી ૧૩ તારીખ દરમિયાન ૧૧ વનવિભાગ ઉપરાંત સ્વયંસેવકો, સામાજિક સંસ્થાઓની મદદથી ગણતરી કરવામાં આવશે, જેમાં એઆઈ પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે. આ અંગે વન્ય ખાતાના પ્રધાન મુળુભાઈ બેરાએ નિવેદન આપતા જણાવ્યા હતું કે દરેક પાંચ વર્ષે થતી આ ગણતરી હવે લગભગ દસ વર્ષે કરવામાં આવી રહી છે. કોરોના મહામારીને કારણે ૨૦૨૦માં પૂરતી તૈયારી સાથે વિધિવત ગણતરી કરી શકાઈ નહોતી, જેના કારણે આ વખતે તે વધુ મહત્ત્વની બની છે. વન વિભાગ દ્વારા જાણવા મળ્યું છે કે આ ગણતરી બે તબક્કામાં ૨૪-૨૪ કલાક ચાલશે. ગીરના જંગલમાં ૨૦૨૦ ની ગણતરી મુજબ લગભગ ૬૭૪ સિંહનો વસવાટ હતો. ગત ચાર વર્ષમાં પણ સિંહોની સંખ્યામાં ઘણો વધારો થયો છે અને તેની ગણતરી આ મહિનામાં થશે.

# પશ્ચિમ રેલવે દ્વારા વટવા અને હુબલી વચ્ચે ઉનાળુ સ્પેશિયલ ટ્રેન શરૂ કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને વટવા અને હુબલી વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક ઉનાળુ વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેના કારણે આ રૂટમાં મુસાફરી કરતા મુસાફરોને ઘણો ફાયદો થવાનો છે.

આ વિસ્તારોમાં વેકેશનમાં પ્રવાસે જનારા લોકો પણ મોટી સંખ્યામાં હોય છે. આ ટ્રેનની વિગતે વાત કરવામાં આવે તો, ટ્રેન નંબર ૦૭૩૩૪ વટવા-હુબલી સ્પેશિયલ ૧૪ એપ્રિલ ૨૦૨૫ થી ૧૬ જૂન ૨૦૨૫ સુધી દર સોમવારે વટવાથી ૨૧:૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૯:૪૫ કલાકે હુબલીથી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૭૩૩૩ હુબલી - વટવા સ્પેશિયલ ૧૩ એપ્રિલ ૨૦૨૫ થી ૧૫ જૂન ૨૦૨૫ સુધી દર રવિવારે હુબલીથી ૧૯:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૪૫ કલાકે વટવાથી પહોંચશે. પશ્ચિમ રેલ્વે દ્વારા આ મુસાફરોની સુવિધા માટે આ ટ્રેન શરૂ કરી છે.

ટ્રેનના રૂટની વાત કરવામાં આવે તો, બંને દિશાઓમાં આ ટ્રેન આણંદ, વડોદરા, સુરત, વાપી, બોઈસર, વસઈ રોડ, કલ્યાણ, લોનાવાલા, પુણે, સાંગલી, મિરજ, કુડાલ, રાયબાગ, ઘટપ્રભા, ગોકાક રોડ, બેલગામ, લોંડા, અલનાવર અને ધારવાડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૭૩૩૪ નું બુકિંગ ૧૧ એપ્રિલ એટલે કે આજથી ૨૦૨૫થી પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ સમય અને સંરચના અને તેની અન્ય દરેક બાબતોની મુસાફરોને જાણ હોવી જરૂરી છે.

# અમદાવાદની ખારીકટ કેનાલની કાયાપલટનું કામ પૂરજોશમાં, બે વર્ષમા પૂર્ણ થવાની સંભાવના

અમદાવાદ : બ્રિટિશકાળમા નિર્માણ પામેલી અને અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી ૨૨ કિલોમીટર લાંબી ખારીકટ કેનાલ નવા રૂપરંગ ધારણ કરી રહી છે. હાલ આ કેનાલનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આગામી બે વર્ષમાં તે પૂર્ણ થશે, તેવો દાવો તંત્ર કરી રહ્યું છે. અમદાવાદ જિલ્લાના રાયપુર ગામેથી શરૂ થઈ ચંડોળા તળાવ સુધી વિસ્તરેલી ખારીકટ કેનાલ જળ-પ્રદૂષણ અને ગંદકીનો ભોગ બની હતી, જેથી સ્થાનિક રહેવાસીઓ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. આ સમસ્યાના ઉકેલરૂપે ગુજરાત સરકારે રૂ. ૧૨૦૦ કરોડના ખર્ચે ખારીકટ કેનાલનું નવનિર્માણ આરંભ્યુ છે. કેનાલને છ લેનવાળા રસ્તામાં રૂપાતંરિત કરવામાં આવી રહી છે. આ અંગે અમદાવાદ મહાનગરપાલિકાના એડીશનલ સિટી એન્જિનિયર રાકેશ બોડીવાલાએ જણાવ્યું હતું.

# બીજા તબક્કા માટે ₹ ૧,૦૦૩ કરોડને મંજૂરી આપી દીધી

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રંટ બાદ ખારીકટ કેનાલ બીજો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે, જે શહેરને એક નવી ઓળખ આપશે. ખારીકટ કેનાલના વિકાસના પ્રથમ તબક્કામાં ૧૨ કિલોમીટર લાંબા રસ્તા બનાવાશે. જેનું હાલ ૮૦ ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે બીજા તબક્કા માટે રૂ.૧,૦૦૩ કરોડને મંજૂરી આપી દીધી છે. ૨૦૨૭માં જ્યારે ખારીકટ કેનાલ પૂર્ણ થશે.

# દેશવ્યાપી જાતિ વસ્તી ગણતરી કરો: છગન ભુજબળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અજીત પવારની આગેવાની હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના સિનિયર નેતા છગન ભુજબળે ગુરુવારે દેશમાં જાતિ આધારિત વસ્તી ગણતરીની માગણીને ટેકો આપ્યો હતો.

પત્રકારો સાથે વાત કરતા ભુજબળે કહ્યું હતું કે અન્ય પછાત વર્ગો (ઓબીસી)ને તેમની અનામત માટે કોર્ટમાં લડવું પડે છે.

'અમને અમારી અનામત મળવી જોઈએ. હાલમાં પણ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં અમારા ક્વોટાનો મુદ્દો સુપ્રીમ કોર્ટમાં અટવાયેલો છે,' એમ નાસિક જિલ્લાના યેવલા વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા રાજ્યના અગ્રણી ઓબીસી નેતા ભુજબળે કહ્યું હતું. 'જાતિ આધારિત વસ્તી ગણતરી કરો,' એમ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાને કહ્યું હતું. છેલ્લા કેટલાક વર્ષોથી વિપક્ષ કોંગ્રેસ રાષ્ટ્રવ્યાપી જાતિ આધારિત વસ્તી ગણતરીની માગણી કરી રહી છે અને કહ્યું છે કે તે તેમની વસ્તી અનુસાર બધાને સમાન તકો મળી રહે તે સુનિશ્ચિત કરશે.

# અર્બન માઓવાદીઓ માટે વિશેષ કાયદાની જરૂર: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે વિશેષ જાહેર સલામતી કાયદો લાવવો જરૂરી છે, કારણ કે ઘણા પ્રતિબંધિત માઓવાદી સંગઠનોએ તેમના થાણાં રાજ્યમાં ખસેડ્યા છે, તેમના સંલગ્ન જૂથો હવે શહેરી વિસ્તારોમાં કાર્યરત છે.

પ્રસ્તાવિત કાયદો નાગરિકોની વ્યક્તિગત સ્વતંત્રતામાં દખલ કરતો નથી, પરંતુ ફક્ત રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા સંગઠનોને લક્ષ્ય રાખીને કરવામાં આવ્યો છે, ફડણવીસે બુધવારે વિવિધ પત્રકાર જૂથો સાથે વાતચીત કરતી વખતે આવી સ્પષ્ટતા કરી હતી.

તેમણે ૩૦ જૂનથી શરૂ થઈ રહેલા રાજ્ય વિધાનસભાના ચોમાસુ સત્રમાં રજૂ થનારા ડ્રાફ્ટ બિલ અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓને નિરસ્ત કરી હતી.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત કાયદો આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વપૂર્ણ છે અને ખાતરી આપી હતી કે આ કાયદો પત્રકારો કે સામાન્ય જનતા માટે કોઈ મુશ્કેલીઓ ઉભી કરશે નહીં, કે તેમની અભિવ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકશે નહીં.

'પ્રસ્તાવિત વિશેષ જાહેર સલામતી કાયદો નાગરિકોની વ્યક્તિગત સ્વતંત્રતામાં દખલ કરતો નથી, પરંતુ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં સંગઠનો પર નિર્દેશિત છે,' એમ તેમણે કહ્યું હતું.

પત્રકાર સંગઠનોમાં પ્રસ્તાવિત મહારાષ્ટ્ર વિશેષ જાહેર સલામતી કાયદાની જોગવાઈઓ અંગે ચિંતાઓ ઉભી થઈ છે.

મુખ્ય પ્રધાન કાર્યાલયના એક નિવેદન અનુસાર, આ ચિંતાઓને દૂર કરવા અને દેશની આંતરિક સુરક્ષા માટે આ કાયદાની ઉપયોગિતા સમજાવવા માટે, બેઠક દરમિયાન વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

ફડણવીસે કહ્યું કે ચાર અન્ય રાજ્યો અને કેન્દ્ર સરકારે પહેલાથી જ જાહેર સલામતી કાયદા લાગુ કરી દીધા છે.

'મહારાષ્ટ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત કાયદો ચાર અન્ય રાજ્યો દ્વારા ઘડવામાં આવેલા કાયદાની તુલનામાં વધુ રક્ષણાત્મક છે. દેશના ઘણા ભાગોમાં તેમની કામગીરી પર પ્રતિબંધને ધ્યાનમાં રાખીને, ઘણા પ્રતિબંધિત માઓવાદી સંગઠનોએ તેમના મુખ્ય મથક મહારાષ્ટ્રમાં ખસેડ્યા છે અને તેમના સંલગ્ન જૂથો હવે શહેરી વિસ્તારોમાં કાર્યરત છે,' એમ તેમણે કહ્યું હતું

'આ કાયદો રજૂ કરવામાં નિષ્ફળતા ભવિષ્યમાં મહારાષ્ટ્ર માટે નોંધપાત્ર પડકારો તરફ દોરી શકે છે,' એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

ગયા ડિસેમ્બરમાં રાજ્ય વિધાનસભાના શિયાળુ સત્ર દરમિયાન આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું.

# 'સારું થયું તહવ્વૂર રાણા ભારતને સોંપાયો'

## ૨૬/૧૧ વખતે કેન્દ્રીય ગૃહ પ્રધાનનો હોદ્દો સંભાળનાર સુશિલકુમાર શિંદે

મુંબઈ: કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સુશિલકુમાર શિંદે અને અન્ય વિપક્ષોએ ૨૦૦૮ના મુંબઈ હુમલાના આરોપી તહવ્વૂર હુસૈન રાણાના પ્રત્યર્પણને આવકાર્યો હતો. આ બહુ સારા સમાચાર છે, એમ સુશિલકુમાર શિંદેએ અમદાવાદમાં એઆઇસીસીના સત્ર વખતે પત્રકારોને કહ્યું હતું. ૨૦૧૨માં કોંગ્રેસના નેતૃત્ત્વ હેઠળની યુપીએ સરકાર વખતે શિંદે કેન્દ્રીય ગૃહ પ્રધાન હતા જ્યારે મુંબઈ હુમલામાં જીવંત પકડાયેલા એકમાત્ર પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબને પુણેની યરવડા જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

અમેરિકાની સુપ્રીમ કોર્ટે રાણાની અરજી ફગાવી દેતા તેનો પ્રત્યર્પણથી બચવાનો છેલ્લો પ્રયાસ પણ નિષ્ફળ રહ્યો હતો.

રાણાને ભારતમાં લાવ્યા બાદ નવી દિલ્હીની તિહાર જેલમાં રાખવામાં આવી શકે છે. રાણા પાકિસ્તાનમાં જન્મેલો કેનેડાનો નાગરિક છે અને તે ૨૦૦૮ના મુંબઈ હુમલાના મુખ્ય કાવતરાંખોરોમાંથી એક ડેવિડ કોલમન હેડલી ઉર્ફે દાઉદ ગિલાનીનો નજીકનો સાથે હતી. ગિલાની અમેરિકી નાગરિક છે. એનસીપી-એસપીના મહારાષ્ટ્રના પ્રમુખ અને ભૂતપૂર્વ ગૃહ પ્રધાન જયંત પાટીલે જણાવ્યું હતું કે રાણાના પ્રત્યર્પણને કારણે આતંકવાદમાં પાકિસ્તાનની ભૂમિકા તથા ૨૬/૧૧ના મુંબઈ હુમલાના મુખ્ય સૂત્રધારોના વધુ નામ ઉઘાડા પડશે. રાણા સામે યોગ્ય રીતે સુનાવણી થવી જોઇએ, એમ પાટીલે જણાવ્યું હતું. શિવસેના-યુબીટીનાં સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું હતું કે રાણાનું પ્રત્યર્પણને કારણે આ હુમલાના પીડિતોના પરિવારોને ન્યાય મળશે.

'૧૬ વર્ષ બાદ રાણાને ભારતને સોંપવામાં આવી રહ્યો છે ત્યારે હવે ડેવિડ હેડલી, હાફિઝ સઇદને પણ ભારત લાવવા જોઇએ જેથી તેમને સજા કરી શકાય', એમ ચતુર્વેદીએ એક્સ પર પોસ્ટ કર્યું હતું.

### હવે તહવ્વૂર રાણાને બિરયાની ન ખવડાવતા: ૨૬/૧૧માં લોકોને મદદ કરનાર છોટુ ચાયવાલા કહે છે

૨૦૦૮માં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)માં આતંકવાદીઓએ હુમલો કર્યો ત્યારે લોકો આ હુમલાથી બચવામાં મદદ કરનાર મોહમ્મદ તૌફિક ઉર્ફે છોટુ ચાયવાલાએ કહ્યું હતું કે તહવ્વૂર રાણાને જેલમાં કોઇ વિશેષ સુવિધા આપવાની જરૂર નથી. તેને બિરયાની ખવડાવતા નહીં. સીએસએમટીની બહાર ટી-સ્ટોલ ચલાવતા તૌફીકે હુમલા વખતે અનેક લોકોને ગોળીબારમાં પોતાની નજર સામે મરતા જોયા હતા. તેણે લોકોને હુમલાના સ્થળ તરફ ન જવા ચેત્યા હતા અને ઘાયલોને હોસ્પિટલમાં પહોંચાડવામાં પણ મદદ કરી હતી. 'અજમલ કસાબની જેમ તહવ્વૂર રાણાને અલગ જેલ, બિરયાની અને અન્ય સુવિધાઓ પૂરી પાડવાની જરૂર નથી. તેને ફાંસીની સજા થવી જોઇએ', એમ જણાવતા તેણે દેશમાં આતંકવાદ સામેના કાયદા વધુ કડક બનાવવાની માગણી પણ કરી હતી.

### જાહેરમાં ફાંસીએ ચડાવો: ૨૬/૧૧માં શહીદ થયેલા તુકારામ ઓમ્બલેના ભાઈની માગણી

કેન્દ્ર સરકારે રાણાને ફાંસીની સજા આપીને પાકિસ્તાનને કડક સંદેશ પહોંચાડવો જોઇએ, એમ અશોકચક્ર વિજેતા અને ૨૬/૧૧ હુમલામાં શહીદ થયેલા પોલીસ તુકારામ ઓમ્બલેના ભાઇ એકનાથ ઓંબલેએ જણાવ્યું હતું.

મુંબઈ હુમલામાં મુંબઈ પોલીસમાં સબ-ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા તુકારામ ઓમ્બલેએ બહાદુરી દેખાડી અજમલ કસાબને પકડી રાખ્યો હતો જેથી તેને પાકિસ્તાની આંતકવાદીને જીવંત પકડવામાં સફળતા મળી હતી. તેમ છતાં આ અથડામણમાં ગંભીર રીતે ઘાયલ થયેલા તુકારામ ઓમ્બલે શહીદ થયા હતા. રાણાને અમેરિકાથી ભારત લાવવા પર આનંદ વ્યક્ત કરતા તુકારામ ઓંબલેના ભાઇ એકનાથે કહ્યું હતું કે કસાબ પકડાયેલો ત્યારે તેને સજા આપવામાં ઘણો વિલંબ થયો હતો. રાણાને ભારત લાવવામાં આવ્યો છે, હવે ડેવિડ હેડલીને પણ લાવવો જોઇએ. રાણાને જાહેરમાં ફાંસી આપવી જોઇએ.

### શહીદો અને પીડિતોને ન્યાય મળશે: ૨૬/૧૧ વખતે કસાબને પકડનાર પોલીસ ટીમના સભ્ય હેમંત બાવધનકર

૨૬/૧૧ના હુમલા વખતે અજમલ કસાબને જીવંત પકડનારી પોલીસની ટીમમાં સામેલ પોલીસ અધિકારી હેમંત બાવધનકરે તહવ્વૂર રાણાના પ્રત્યર્પણ પર નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી(એનઆઇએ)ને અભિનંદન આપતા કહ્યું હતું કે મુંબઈ હુમલાના તમામ આરોપીઓને ભારતમાં લાવી તેમની સામે ખટલો ચલાવવો જોઇએ અને તમામને ફાંસીની સજા આપવી જોઇએ. 'ફક્ત મારી જ નહીં, પણ તમામ ભારતીયોની ઇચ્છા છે કે ૨૬/૧૧ના તમામ કાવતરાખોરો સામે ભારતમાં કામ ચલાવવામાં આવે અને બધાને ફાંસીની સજા આપવામાં આવે જેથી આ હુમલામાં પોતાની જીવનું બલિદાન આપનારા શહીદો અને જે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો એમ તમામને ન્યાય મળશે', એમ હાલમાં નિવૃત્ત હેમંત બાવધનકરે જણાવ્યું હતું.

## સંસ્થા સમાચાર

### માટુંગા (કિંગ્સ સર્કલ)માં યોગના નવા વર્ગ

શ્રી અંબિકા યોગ કુટિર (થાણા) હઠયોગી પ.પૂ. નિકમ ગુરુજીની કૃપાથી માટુંગા (કિંગ્સ સર્કલ)માં યોગ અભ્યાસના નવા વર્ગો, નિઃશુલ્ક વર્ગોની શરૂઆતની સાથે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. ૧૩ એપ્રિલથી શરૂ થતા આ વર્ગો માત્ર દર રવિવારે સવારે સાડા સાતથી સાડા નવ કલાક સુધી યોજવામાં આવશે.

### ફ્રી નિદાન કેમ્પ અને જળો ચિકિત્સા શિબિર

આરોગ્ય રક્ષા પરિવાર ટ્રસ્ટ-કેશોદ દ્વારા ૧૨ અને ૧૩ એપ્રિલ શનિવાર અને રવિવારે સવારે ૯ થી ૧ અને સાંજે ૪ થી ૮ દરમ્યાન ફ્રિ નિદાન કેમ્પ અને જળો ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. વૈદ્ય પ્રબોધ ગોસ્વામી, ફ્લેટ-૨૫, એ-૧, દ્વારકેશ પાર્ક એપાર્ટમેન્ટ, ભાટિયા હાઈસ્કૂલની સામે, સાઈબાબા નગર, બોરીવલી (વે)માં ચામડીના રોગ, સફેદ દાગનું નિદાનના કેમ્પનો લોકો લાભ લઈ શકશે. સાથે જ આયુર્વેદિક દવાઓ રાહતદરે આપવામાં આવશે.

# અજિતદાદાના દીકરાની સગાઈમાં શરદ પવાર, સુપ્રિયા સુળે હાજર

પુણે: એનસીપી (એસપી)ના વડા શરદ પવારે ગુરુવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નાના પુત્ર જય પવારની સગાઈના સમારંભમાં હાજરી આપી હતી.

પવાર સિનિયર અને તેમના ભત્રીજા અજિત પવાર અત્યારે મહારાષ્ટ્રમાં રાજકીય ધુરીમાં વિરુદ્ધ દિશામાં છે. અજિત પવારે ૨૦૨૩માં કાકા સામે બળવો કરીને ભાજપના નેતૃત્ત્વ હેઠળની સરકાર સાથે જોડાણ કર્યું હતું.

અજિત પવારના દીકરાની સગાઈ ઋતુજા પાટીલ સાતે પુણેની ભાગોળે આવેલા ઘોટવડેના ફાર્મહાઉસમાં થઈ હતી. શરદ પવાર ઉપરાંત તેમના પત્ની પ્રતિભા પવાર, તેમની દીકરી અને એનસીપી (એસપી)ના કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુળેએ પણ સગાઈમાં હાજરી આપી હતી. ગયા મહિને જય પવાર અને તેની વાગ્દતાએ પુણેમાં શરદ પવારના નિવાસસ્થાનની મુલાકાત લઈને તેમના આશિર્વાદ લીધા હતા.

# નવી મુંબઈના બિલ્ડર પર ચેમ્બુરમાં ગોળીબાર કરી બે શૂટર ફરાર

મુંબઈ: નવી મુંબઈના બેલાપુરમાં રહેતા બિલ્ડર પર ચેમ્બુર નજીક ગોળીબાર કરી બે શૂટર બાઈક પર ફરાર થઈ જતાં પોલીસ અધિકારીઓની અલગ અલગ ટીમ તેમની શોધમાં લાગી હતી. બિલ્ડરની કાર ટ્રાફિક સિગ્નલ પર ઊભી રહી ત્યારે ગોળીબાર કરવામાં આવ્યો હતો અને પછી લગભગ એક કિલોમીટર સુધી શૂટરોએ બિલ્ડરની કારનો પીછો પણ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની રાતે ચેમ્બુરના ડાયમંડ ગાર્ડન જંક્શન પાસે બની હતી. શૂટરોએ પિસ્તોલમાંથી ત્રણ રાઉન્ડ ફાયર કર્યા હતા, જેમાંથી એક ગોળી બિલ્ડર સદરુદ્દીન ખાન (૫૦)ની ગરદન સાથે ઘસાઈને પસાર થઈ હતી. સારવાર માટે ખાનને નજીકની ઝેન હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવાર બાદ ખાનની તબિયત સ્થિર હોવાનું પોલીસે જણાવ્યું હતું. નવી મુંબઈના બેલાપુરમાં રહેતો ખાન તેની લૅન્ડ રોવર કારમાં ઘરે જઈ રહ્યો હતો.

રાતે ૯.૩૦ વાગ્યાની આસપાસ કાર ડાયમંડ ગાર્ડન જંક્શન ખાતેના સિગ્નલ પર ઊભી રહી ત્યારે બાઈક પર આવેલા બે શૂટરે પિસ્તોલમાંથી ગોળીબાર કર્યો હતો. ગોળીબારથી ડરી ગયેલા ખાનના ડ્રાઈવરે કાર પૂરપાટ વેગે ટ્રોમ્બેની દિશામાં દોડાવી મૂકી હતી. બન્ને શૂટરે પણ લગભગ એક કિલોમીટર દૂર મૈત્રી પાર્ક સુધી કારનો પીછો કર્યો હતો. બાદમાં શૂટરો ફરાર થઈ ગયા હતા. પોલીસ શૂટરોની ઓળખ મેળવવા માટે ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે.

નવમા પાનાનું ચાલુ

## પશ્ચિમ રેલવેમાં

ટ્રેનના શેડ્યુલ ખોરવાશે. આજે પહેલો બ્લોક રાતના ૧૧ વાગ્યાથી ૧૨મી એપ્રિલના સવારના ૮.૩૦ વાગ્યા સુધી બ્લોક રહેશે, જ્યારે બીજો બ્લોક ૧૨મી એપ્રિલના શનિવારે રાતના ૧૧.૩૦ વાગ્યાથી ૧૩મી એપ્રિલના રવિવારે સવારના નવ વાગ્યા સુધી બ્લોક રહેશે. સ્લો અને ફાસ્ટ કોરિડોરની ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જ્યારે એક્સ્ટ્રા ટ્રેન પણ દોડાવવાને કારણે અમુક તબક્કે પ્રવાસીઓને ડે ટાઈમમાં રાહત થઈ શકે છે, પરંતુ પૂર્વ આયોજન કરીને ટ્રાવેલ કરવાનું રાતના સમયે ફાયદાકારક સાબિત થઈ શકે છે, એમ રેલવેએ જણાવ્યું છે.

કુલ મળીને ૩૩૪ ટ્રેન રદ કરવામાં આવી છે, જેમાં ૧૧ એપ્રિલના ૧૩૨ અને ૧૨ એપ્રિલના ૨૦૨ ટ્રેનનો સમાવેશ થાય છે, જ્યારે ૧૮૫ ટ્રેન આંશિક રીતે રદ રહેશે, જેમાં ૬૮ પહેલા અને બીજા દિવસે ૧૧૭ ટ્રેનનો સમાવેશ થાય છે. વિશેષ સમયગાળા દરમિયાન પશ્ચિમ રેલવે ૧૧૦ વધુ ટ્રેન પર દોડાવશે, ૧૧ એપ્રિલના ૪૨ અને ૧૨ એપ્રિલના ૬૮ ટ્રેન દોડાવવામાં આવશે. જોકે, લાંબા અંતરની નવ ટ્રેન આંશિક રીતે રદ રહેશે, જ્યારે ૧૧ અન્ય ટ્રેનને રેગ્યુલેટ અથવા રી-શેડ્યુલ કરવામાં આવી છે.

૧૧-૧૨ એપ્રિલ અને ૧૨-૧૩ એપ્રિલના રાતના માહિમ અને બાંદ્રા સ્ટેશનની વચ્ચે બ્લોકને કારણે અમુક ટ્રેનોને મહાલક્ષ્મી, લોઅર પરેલ, પ્રભાદેવી, માટુંગા રોડ, માહિમ અને ખાર રોડ સ્ટેશન પર હોલ્ટ રહેશે. તમારી યોજના પ્રમાણે ટ્રાવેલ કરવાનું હિતાવહ રહેશે. પશ્ચિમ રેલવે ચર્ચગેટથી પાલઘર જિલ્લાના દહાણુ રોડ સુધી રોજની ૧,૪૦૦થી વધુ ટ્રેન સર્વિસીસ છે, જ્યારે ૧૦૦થી વધુ એસી લોકલ ટ્રેનનો સમાવેશ થાય છે. બે નાઈટ બ્લોકને કારણે ૫૦૦થી વધુ ટ્રેન રદ થવાથી ટ્રેનોમાં ભીડ વધી શકે છે, જ્યારે સ્ટેશન પર પ્રવાસીઓની ભીડ વધી શકે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

બે દિવસના નાઈટ બ્લોક પૈકી આવતી કાલે આજે રાતના ૧૦.૨૩ વાગ્યાથી ૧૧.૫૮ વાગ્યા સુધીની તમામ સ્લો લોકલ ટ્રેનને મુંબઈ સેન્ટ્રલ અને સાંતાક્રુઝની વચ્ચે ફાસ્ટ લાઈનમાં દોડાવવામાં આવશે, પરિણામે સ્લો લોકલ મહાલક્ષ્મી, લોઅર પરેલ, પ્રભાદેવી, માટુંગા રોડ, માહિમ અને ખાર રોડ સ્ટેશનનો હોલ્ટ રહેશે નહીં. ચર્ચગેટથી બોરીવલીની લાસ્ટ સ્લો લોકલ ૧૦.૧૫ વાગ્યાની રહેશે, ત્યારબાદ તમામ ટ્રેન ફાસ્ટ કોરિડોરમાં દોડાવવામાં આવશે

એ જ રીતે અપ લાઈનમાં વિરાર, ભાયંદર અને બોરીવલીથી સ્લો ટ્રેન પણ સાંતાક્રુઝ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે સ્લો લાઈનમાં હોલ્ટ રહેશે નહીં, જેથી ખાર, માહિમ, માટુંગા, પ્રભાદેવી, લોઅર પરેલ અને મહાલક્ષ્મીમાં હોલ્ટ રહેશે નહીં.

આજે ચર્ચગેટથી લાસ્ટ સ્લો લોકલ રાતના ૧૧.૪૦ વાગ્યાની વિરાર હશે, જે મહાલક્ષ્મી, લોઅર પરેલ, માટુંગા, માહિમ, ખાર રોડનો હોલ્ટ રહેશે નહીં, જ્યારે ભાયંદરથી ચર્ચગેટની લાસ્ટ સ્લો લોકલ રાતના ૧૦.૨૩ વાગ્યાની રહેશે. આજે ચર્ચગેટથી લાસ્ટ ફાસ્ટ લોકલ ટ્રેન ૧૧.૪૦ વાગ્યાની વિરારની ટ્રેન રહેશે, જ્યારે વિરારથી ચર્ચગેટની રાતના લાસ્ટ ફાસ્ટ લોકલ ટ્રેન ૧૧.૫૮ વાગ્યાની રહેશે. આજે ચર્ચગેટથી લાસ્ટ લોકલ રાતના ૧૨.૦૫ વાગ્યાની ચર્ચગેટ અને વિરારની રહેશે, જ્યારે બ્લોકના પિરિયડ વખતે દાદર અને ચર્ચગેટ વખતે ફાસ્ટ લાઇનમાં ટ્રેન દોડાવવામાં આવશે. બ્લોકના સમયગાળા દરમિયાન ગોરેગાંવ-બાંદ્રાની ચાલુ રહેશે, જ્યારે વિરાર-અંધેરી વચ્ચેની લોકલ ટ્રેનો પણ રેગ્યુલર રીતે ચાલુ રહેશે.

### બેસ્ટ દોડાવશે વધારાની બસ

પશ્ચિમ રેલવેમાં માહિમ અને બાન્દ્રા રેલવે સ્ટેશન વચ્ચે ગર્ડર નાખવા માટે શુક્રવાર મધરાતથી શનિવાર અને શનિવાર રાતથી રવિવાર વહેલી સવાર સુધીનો રેલવે બ્લોક લેવામાં આવ્યો છે. આ દરમ્યાન બેસ્ટ ઉપક્રમ દ્વારા વધારાની બસ દોડાવવામાં આવવાની છે. ખાસ કરીને મહત્ત્વનાં સ્ટેશન ગણાતાં બોરીવલી, અંધેરી, બાન્દ્રા, દાદર સ્ટેશન બહારથી શુક્રવાર અને શનિવાર રાતના ૧૧.૩૦ વાગ્યાથી સવારના ૬.૩૦ વાગ્યા સુધી બસની ફેરી વધારાશે, જેમાં દાદરના ખોદાદાદ સર્કલથી અંધેરી સ્ટેશન (પશ્ચિમ) માટે ઓશિવરા ડેપોથી બે અને વડાલા ડેપોથી બે એમ કુલ ચાર વધારાની બસ દોડાવાશે. સાંતાક્રુઝ ડેપોથી દાદર વચ્ચે બે વધારાની બસ દોડાવવામાં આવશે. એની સાથે જ શનિવાર અને રવિવાર બંને દિવસ વહેલી સવારના છ વાગ્યાથી નવ વાગ્યા સુધી ખોદાદાદ સર્કલથી અંધેરી સ્ટેશન (પશ્ચિમ) માટે વધારાની છ, સાંતાક્રુઝ ડેપોથી દાદર વચ્ચે ત્રણ સાંતાક્રુઝ ડેપોથી કોલાબા બસ સ્ટેશન વચ્ચે બે, બાન્દ્રા સ્ટેશનથી દિંડોશી વચ્ચચે ત્રણ, ગોરાઈથી માહિમ વચ્ચે બે, ગોરેગામ બસ ડેપોથી વરલી ડેપો વચ્ચે બે વધારાની બસ દોડાવવાશે.

# જૈન મરણ

સ્વ. કમળાબેન તથા સ્વ. ઉત્તમચંદ દડીઆના સુપુત્ર સતીષભાઇ (ઉં.વ. ૮૪) તા. ૯-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચારુબેનના પતિ. સેજલ રમેશભાઇ સત્રાના પિતાશ્રી. કુશ, મેહાના નાનાજી. સ્વ. જયોત્સનાબેન, સ્વ. વિણાબેન, સ્વ. ધીરેનભાઇ તથા રાજેશભાઇના ભાઇ. તે સ્વ.શાંતાબેન તથા મનુભાઇ શેઠના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૧-૪-૨૫ શુક્રવારના ૫થી ૬.૩૦. ઠે. લવેન્ડર બાગ, ૬ઠ્ઠે માળે, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઉમરાળા નિવાસી હાલ કાંદિવલી સ્વ. વૃજલાલ દીપચંદ દોશીના ધર્મપત્ની કમળાબેન (ઉં. વ. ૯૦) તા. ૯-૪-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. પરમાણંદભાઇ, શાંતિભાઇ, સ્વ. અરવિંદભાઇ, પ્રવીણભાઇ, હસુબેન વૃજલાલ શાહના ભાભી. પિયરપક્ષે સોનગઢ નિવાસી હાલ મુંબઇ સ્વ. શાહ ત્રિભોવનદાસ વસ્તાના દીકરી. સ્વ. વૃજલાલભાઇ, સ્વ. નરોતમભાઇના બેન.

**દશા શ્રીમાળી જૈન**

મોટી મોણપરી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. દલીચંદ ભુરાભાઇ કમાણીના ધર્મપત્ની હિરાલક્ષ્મી (ઉં. વ. ૯૬) તે સ્વ. જયોત્સનાબેન, સ્વ. કુમુદબેન તથા ભૂપેન્દ્રભાઇના માતુશ્રી. અ. સૌ. નીતાબેનના સાસુ. સૌ. પાયલ હર્ષ શાહ, સૌ. શ્વેતા દેવાંગ મહેતાના દાદી. અગતરાય નિવાસી સ્વ. ખુશાલચંદ જગજીવનદાસ બદાણીના દીકરી. તે સ્વ. છબીલદાસ બદાણી, સ્વ. નગીનભાઇ બદાણી, મનહરલાલ બદાણી, સ્વ. વિજયાબેન, સ્વ. રમાબેન, સ્વ. કનકબેન, ગં. સ્વ. ગુલાબબેન, ગં. સ્વ. ઇન્દુબેનના બહેન. બુધવાર, તા. ૯-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**અમદાવાદ વિશા ઓશવાળ જૈન**

દિનેશભાઈ કાંતિલાલ કોઠારી (ઉં.વ.૮૯) ગુરુવાર, તા. ૧૦-૪-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે તરુણાબેનના પતિ. પિન્કુબેન, પરણીબેન, પૂર્વીબેન અને આશીતભાઈના પિતાશ્રી. દેવલભાઈ, મુકેશભાઈ તથા મોનાલીબેનના સસરા. રૂષભ, વિવાન, જેનીકા, આહાન અને દેવના દાદા. ભરતભાઈ, કમલેશભાઈ, સ્વ. સુશીલાબેન, સ્વ. તરુણાબેન, વિભાબેન, ઈનાબેન, સ્વ. રૂપાબેન, સ્વ. શ્રીદેવીબેનના ભાઈ. સાસરા પક્ષ સુરેન્દ્રભાઈ જગાભાઈ શેઠ. પ્રાર્થનાસભા ભારતીય વિદ્યાભવન, ૪થી ૬. ૧૧-૪-૨૦૨૫.

**ક. દ. ઓ. જૈન**

કોટડી મહાદેવપૂરીના દામજી ગાલા હાલ ભાંડુપ (ઉં.વ. ૭૯) તા. ૮-૪-૨૫ના કચ્છ કોટડી મહાદેવપૂરી મધ્યે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પુરબાઇ હંસરાજ નેણશી ગાલાના પુત્ર. નિર્મલાબેનના પતિ. ચેતન અને ડિમ્પલના પિતાશ્રી. સ્વ. નવીન હંસરાજ ગાલાના ભાઇ. વરાડિયાના હંસરાજ વીરજી ડાઘાના જમાઇ. નિલમબેન અને કેતન મણીલાલ નંદુના સસરા. પ્રાર્થનાસભા તા. ૧૧-૪-૨૫ શુક્રવારે ૪થી ૫.૩૦. ઠે. મેવાડ કેશરી ભવન, ભાંડુપ (વેસ્ટ), રેસી: સી-૧૭૦૪, મહાવીર યુનિવર્સ, ભાંડુપ (વેસ્ટ).

**દશા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી, હાલ મુંબઈ સ્વ. હીરાલક્ષ્મીબેન ઈશ્વરલાલ ગાંધીના સુપુત્ર ચંદ્રકાન્ત ગાંધી તા. ૯-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ધનલક્ષ્મીબેન ગાંધીના પતિ. રાજેશભાઈ, વિરાજભાઈ તથા ભૈરવીબેનના પિતા. અ.સૌ. રૂપાબેન, શિબાની અમરીશભાઈ દફતરીના સસરા. જીનેન, જિનેશ તથા જાનવીના દાદા. મિલનબેન સંઘવી, સરલાબેન દોશી, રાજશ્રીબેન વિરાણી, હસમુખભાઈ તથા નરેન્દ્રભાઈના મોટાભાઈ. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૧-૪-૨૫ સાંજે ૫.૩૦થી ૭. ઈમ્પિરિયલ હોલ, ૮મે માળે, સેન્ટ રિજીસ હોટલ. લોઅર પરેલ. મુંબઈ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બરવાળા બાવીસી નિવાસી હાલમાં વસઈ, લાભુબેન ઠાકરશી ઘેલાણીના સુપુત્ર દીનકરભાઈ ઘેલાણી (ઉં.વ.૮૬) રવિવાર તા.૬.૦૪.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. બિપીનભાઈ, ચેતનભાઈ, સોનલબેન, ભાવનાબેનના પિતાશ્રી, હરેશકુમાર બાવીસી, ભરતકુમાર મહીડા, સ્વ. દર્શના ઘેલાનીના સસરા. દેવના દાદા. ગુલાબરાય ઘેલાણી, સ્વ. પુષ્પાબેન કામદાર, જશીબેન પંચમીયા, વિલાશબેન ખોખાણી, સ્વ.મંજુબેન મકાણી, હેમલતાબેન મહેતાના મોટાભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ગામ મોણપર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. કિશોરભાઈ પોપટલાલ મહેતાના ધર્મપત્ની રેખાબેન (ઉં. વ. ૭૨) ૮/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અમરીશ તથા ધરાના માતુશ્રી. ચિરાગ ચંદ્રવદન ભટ્ટ તથા દર્શિકાના સાસુ. જ્યોતિ નવીનચંદ્ર દેસાઈ, નિલેશભાઈ તથા તૃપ્તિબેનના ભાભી. પિયરપક્ષે ચેન્નાઈ નિવાસી સ્વ.મનસુખલાલ હરજીવનદાસ વોરાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સણોસરાના ચંદ્રેશ નાગડા (ઉં. વ. ૫૫) તા. ૮-૪-૨૦૨૫ના અવસાન પામેલ છે. ભાણબાઇ પાસુ પચાણના પૌત્ર. કેસરબેન સુંદરજી (મંગલ)ના સુપુત્ર. અશ્વિન, પ્રીતી (યુ.એસ.એ.)ના ભાઇ. હાલાપુરના નાનબાઇ નરશી મારૂના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : અશ્વિન સુંદરજી નાગડા, ૧૦૧, બી વિંગ, નૂરીબાગ બીલ્ડીંગ, નુરી દરગાહ રોડ, મખમલી તળાવ, થાણા (વેસ્ટ).

વડાલાના કલ્યાણજી જેઠાલાલ ગાલા (ઉં. વ. ૭૪) તા. ૯-૪-૨૫ના અરિહંત શરણ પામેલ છે. મણીબેન જેઠાલાલના સુપુત્ર. અમૃતબેનના પતિ. વિરલ, નેહલના પિતાજી. કાંતિલાલના ભાઈ. કપાયાના લક્ષ્મીબેન મુરજી દેવજીના જમાઈ. પ્રાર્થના : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં.કરસન લધુ નિસર હોલ, દાદર (વે), બપોરે ૪ થી ૫.૩૦.

નાની તુંબડીના કાંતિલાલ (કવિ-કાંત) સાવલા (ઉં. વ. ૭૨) તા. ૮-૪-૨૫ દેહ પરિવર્તન પામેલ છે. કસ્તુરબેન કુંવરજીના પુત્ર. કુસુમના પતિ. તારેન, શિલ્પાના પિતા. લાલજી, લક્ષ્મીચંદ, પ્રવિણ, જવેરબેનના ભાઇ. મેરાઉ દેવકાબેન પોપટલાલના જમાઇ. ગુણાનુવાદ સભા : શ્રી માટુંગા ક.વિ.ઓ. જૈ.સં. નારાયણજી શામજી વાડી, માટુંગા (સે.રે.) ૪ થી ૫.૩૦.

નાની ખાખરના નવિનચંદ્ર વસનજી છેડા (ઉં. વ. ૭૬) તા. ૯-૪-૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન વસનજી પાસુભાઈ છેડાના સુપુત્ર. વીણાબેનના પતિ. ડો. ભારતીના પિતાશ્રી. ડો. વિનોદ, શાંતિલાલ, વસંત, કસ્તુરબેન દિનેશ લખમશી, ભાનુમતી મુલચંદ દેવજીના ભાઈ. મોરબીના ઈન્દુબેન રમણીકલાલ પારેખના જમાઈ. પ્રા: માટુંગા ક.શ્વે. મૂ.જૈન સંઘ : નારાણજી શામજી વાડી (૧લે માળે), ટા. ૧.૩૦ થી ૩.

રાયધણજરના ચુનીલાલ દેવજી હરીયા (ઉં. વ. ૭૪) તા. ૭-૪-૨૫ના ગિરનાર મધ્યે અવસાન પામેલ છે. વેલબાઇ દેવજીના પુત્ર. ઝવેરબેનના પતિ. મનોજ, જ્યોતિના પિતા. ચંચલબેન, લક્ષ્મીચંદ, જયંતિલાલ, કાજલના ભાઈ. પાનબાઈ કલ્યાણજીના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઈ). ટા. : ૩ થી ૪.૩૦.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# હિન્દુ મરણ

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

દાઠાવાળા હાલ વિલેપાર્લે નિવાસી સ્વ. પ્રભાવતીબેન દુર્લભજીભાઇ બગરિયાના સુપુત્ર મહેશભાઇ (ઉં. વ. ૭૪) તે જયોત્સનાબેનના પતિ. વિપુલભાઇ, રશ્મીબેન હિતેશભાઇ જોગી, સ્વાતિબેન વિપુલભાઇ મેર, મીતાબેન નિશાંતભાઇ મહેતાના પિતા. વંદનાબેનના સસરા. સ્વ. નટવરલાલ બગરિયા, સ્વ. પ્રિયકાંતભાઇ બગરિયા અને ઉમેશભાઇ બગરિયા તથા હંસાબેન નવનીતલાલ પડિયા, સુરેખાબેન મહેન્દ્રકુમાર નિર્મળના ભાઇ. તે સ્વ. નરસિદાસ ગાંગજી બોસમિયાના જમાઇ. તા. ૮-૪-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૪-૨૫ના શુક્રવારના ૪થી ૬. ઠે. સંન્યાસ આશ્રમ, ૧લા માળે, વિશ્વેશ્વરભવન, વિલેપાર્લે (પશ્ચિમ), લૌકિક પ્રથા બંધ છે.

**બાલાસિનોર મોઢ વણિક**

બાલાસિનોર નિવાસી હાલ મલાડ સ્વ. જયોત્સનાબેન શાહ (ઉં. વ. ૮૪) તે સ્વ. રમેશભાઇના પત્ની. તે પુંડરીકલાલ ચીમનલાલ શાહના પુત્રી. તા. ૯-૪-૨૫ના બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. અ. સૌ. સ્મિતાબેન અને સ્વ. વિપુલભાઇના માતુશ્રી. તે કેતનભાઇ શાહ અને મમતાબેન પરીખના સાસુ. આકાશ-ખુશ્બુ, વિરાલી-વૈભવ, યસ્વી-હર્ષના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલી નિવાસી હાલ માટુંગા તે સ્વ. ગિરિજાલક્ષ્મી હરગોવિંદભાઇ મહેતાના સુપુત્ર. ડો. મુકુંદભાઇ મહેતા (ઉં. વ. ૮૮) તે જયાબેનના પતિ. પૂજાના પિતાશ્રી. તે સ્વ. તારાબેન ગોરડીયા, સ્વ. નવલભાઇ, સ્વ. હિંમતભાઇ, દિનેશભાઇ, હારીતાભાઇ, હીનાબેન અહલુવાલિયા, નલિનીબેન દવે, હરેશભાઇના ભાઇ. હરસુખભાઇ, સ્વ. મુકતાબેન જગદીશભાઇ ડોકટર, જવાહરભાઇના બનેવી. બુધવાર, તા. ૯-૪-૨૫ના શ્રીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાડાસિનોર દશાનીમા વણિક**

શ્રીમતી સુધાબેન મેહતા (ઉં.વ. ૮૩) સ્વ. શરદભાઈ રમણલાલ મેહતાનાં પત્ની. શ્રુતિના માતુશ્રી. સચિવના સાસુ. સલોની, સનાના નાની. રાહિલ, મહેશના નાની સાસુ. અને સાયરાના મોટી નાની તા. ૧૦-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૨-૪-૨૫ના શનિવારે ૫.૩૦થી ૭.૦૦. એફ.પી.એચ. ગરવારે હોલ, લાલા લજપતરાય માર્ગ, મુંબઈ-૩૪. લાલા કોલેજની બાજુમાં. લૌકિક પ્રથા તથા બારમાં તેરમાંની પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ધરમપુરવાળા હાલ બોરીવલી, સ્વ.નિર્મળાબેન રમણીકલાલ વસાણીના પુત્ર મધુકરભાઈ (ઉં. વ. ૮૯) ૯/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.નિનાબેનના પતિ. સ્વ. હીરાબાઈ હીરજીભાઈ જીવાજી પીઠાવાળાના જમાઈ. સ્વ.શારદાબેન, સ્વ.પુષ્પાબેન, સ્વ.ઇન્દુબેન, સ્વ.હસમુખભાઈ, સ્વ.વિપિનભાઈના ભાઈ. આરતી દિપક વસાણીના કાકાજી સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેસાઈ સઇ સુતાર જ્ઞાતી**

નેસડા નીવાસી હાલ કાંદીવલી, હર્ષદભાઈ સરવૈયા (ઉં. વ. ૬૭) તે ગં.સ્વ.જયાબેન અમૃતલાલ સરવૈયાના પુત્ર. વસંતભાઈ તથા વિનોદભાઈના ભાઈ. રાજેશના પિતા. મયુરીબેન વિપુલકુમાર ગોહિલ, રિનાબેન જયેશકુમાર સોલંકીના કાકા. રાહુલના દાદા તા. ૬/૪/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૧૧/૪/૨૫ શુક્રવારે ૪ થી ૬. શ્રી દેસાઈ સુથાર જ્ઞાતિ મંડળ મુંબઈ. પહેલો માળો,પ્લોટ નંબર ૧૫, અશોક ચક્રવર્તી નગર ૪, ગણેશ મંદિરની સામે,અશોકનગર, કાંદીવલી પૂર્વ.

**ઘોઘારી લોહાણા**

હાલ કાંદિવલી, મુળગામ અમરેલી સ્વ.દિવાળીબેન અને ગીરધરલાલ સોઢાના સુપુત્ર જયંતીભાઈ (ઉં. વ. ૮૨) તા.૯.૪.૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.મીનાબેનના પતિ. ધર્મેશભાઈ, હિતેષભાઇ તથા જાગૃતિબેન પ્રગ્નેશકુમાર પોંદાના પિતાશ્રી. સ્વ.જયાબેન અને સ્વ.લીલાધર કોટેચાના જમાઈ. મનીષા તથા કાશ્મીરાના સસરાજી. યશ, રિયા, સાક્ષી, મીતના દાદા. પ્રાર્થનાસભા તા.૧૧.૪.૨૫ના શુક્રવાર ૫ થી ૭ લોહાણા મહાજનવાડી, ૧લે માળે શંકરમંદિરની બાજુમાં, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

વલભીપુરના હાલ મુંબઈ, ભુપતભાઈ નાથાલાલ કાનજી મહેતાના ધર્મપત્ની અ.સૌ.શારદા (ઉં. વ. ૭૪) તે નીતિનભાઈ, સ્વ.ચંદુબેન બટુકરાય, વિરમતી વામનરાય, ભાનુબેન પ્રવિણચંદ્ર, મધુરી રાજેશકુમાર, સાધના નીતિનના ભાભી. અમિત નિલેશ અંકિત, જીજ્ઞા ગૌરવકુમારના માતુશ્રી. જુલી, વિધિ, જાનકી, ગૌરવકુમાર જગન્નાથના સાસુમા. વળાવડના સ્વ.દુર્ગાબા અને ભુપતરાય મહિપતરામ મહેતાના દીકરી. બુધવાર, તા.૦૯/૦૪/૨૫ના કૈલાશવાસી થયાં છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૧૧/૦૪/૨૫ના ૫ થી ૭. લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી પશ્ચિમ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટીની

## કવર સ્ટોરી
### હેમા શાસ્ત્રી

# ૭૫૦ ફિલ્મો પછી પહેલો એવોર્ડ!

**હિન્દી અને ભોજપુરી ફિલ્મોમાં ત્રણ દાયકા એક્ટિંગ કર્યા પછી પહેલો એવોર્ડ મેળવનારા રવિ કિશનની યાત્રા સંઘર્ષપૂર્ણ છે**



*ઝિંદગી ઝંડ બા ફિર ભી ઘમંડ બા...*

એક રિયાલિટી શોમાં સાથી કલાકાર પર ખૂબ રોષ ચઢ્યો હોવા છતાં મારપીટ કરવા અસમર્થ હોવાથી આ શબ્દો બોલી કલાકારે પોતાની હૈયાવરાળ ઠાલવી હતી. ત્યારે એને ક્યાં ખબર હતી કે આવેશમાં બોલાયેલા એ શબ્દો એક ડાયલોગનું સ્વરૂપ ધારણ કરી લેશે ને ઠેર ઠેર લોકો એનો પેલો ડાયલોગ બોલતા થયા હતા અને પછી તો એ ડાયલોગ કલાકારની ઓળખ બની ગયો.

૧૯૯૩માં પહેલી હિન્દી ફિલ્મ 'પીતાંબર' કરી એના ૩૩ વર્ષ પછી 'ઝિંદગી ઝંડ બા ફિર ભી ઘમંડ બા' ( અર્થાત એનો કાચો અનુવાદ કંઈક આવો થાય :

'આ જિંદગી બડી કડાકૂટવાલી છે, છતાં એને મજા કંઈક ઔર જ છે !') જેવા ડાયલોગના જન્મદાતા રવિ કિશનને પહેલી વાર એવોર્ડ મળ્યો છે.

ગયા મહિને જયપુરમાં આયોજિત ૨૫મા ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડેમી એવોર્ડ્સ ('આઈફા' એવોર્ડ્સ)માં રવિ કિશનને સબ ઈન્સ્પેક્ટર શ્યામ મનોહરના રોલ માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો એવોર્ડ એનાયત થયો ત્યારે ભાવવિભોર થયેલા રવિ કિશને કહ્યું હતું કે 'હિન્દી, ભોજપુરી અને સાઉથની મળીને ૭૫૦ ફિલ્મો કર્યા પછી પહેલી વાર એવોર્ડ મળ્યો છે. લોગ ચલકર ઉપર આતે હૈં, મૈં રેંગકર ઉપર આયા હૂં' (લોકો ચાલીને ઉપર પહોંચે છે હું સાપની જેમ પેટે ચાલીને - કીડી વેગે અહીં સુધી પહોંચ્યો છું).

રવિ કિશનની ભલે કોઈ પણ છબી તમારા મનમાં હોય, 'લાપતા લેડીઝ' જોશો તો એના માટે માત્ર ને માત્ર આદર જ થશે એની ગેરંટી. ત્રણ દાયકાની કારકિર્દીમાં ટેલિવિઝન શો, હિન્દી ઉપરાંત ભોજપુરી, કન્નડ અને તેલુગુ ફિલ્મોમાં પણ અભિનયના અજવાળા પાથરનારા આ એક્ટરને આવો પ્રતિષ્ઠિત એવોર્ડ પહેલી વાર મળ્યો છે.

અઢળક ફિલ્મો કર્યા પછી રવિ કિશન એવોર્ડથી સન્માનિત તો થયો. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એવા કેટલાક જ્વલંત ઉદાહરણ છે, જેમને અનેક વર્ષ ઉમદા ફિલ્મો કર્યા પછી એક સુધ્ધાં 'ફિલ્મફેર' પણ એવોર્ડ નથી મળ્યો. 'ફિલ્મફેર' એવોર્ડની વાત કરવાનું એકમાત્ર કારણ એ હતું કે ઘણાં વર્ષો સુધી એ પ્રતિષ્ઠિત એવોર્ડ માનવામાં આવ્યો છે.

આ એવોર્ડ ન પામવાનું સૌથી પ્રતિષ્ઠિત ઉદાહરણ છે ધરમ પ્રાજી - ધર્મેન્દ્રનું. ૧૯૬૦માં 'દિલ ભી તેરા હમ ભી તેરે' ફિલ્મથી અભિનય યાત્રાનો પ્રારંભ કરનારા ધરમજીને 'બેસ્ટ એક્ટરઃનો 'ફિલ્મફેર' એવોર્ડ એક પણ વાર નથી મળ્યો. હા, ચાર નોમિનેશન (ફૂલ ઔર પત્થર, મેરા ગાંવ મેરા દેસ, યાદોં કી બારાત અને રેશમ કી ડોરી) મળ્યા છે ખરા. એમણે સત્યકામ, બંદિની, કાજલ, મમતા, અનુપમા, શોલે, ખામોશી, નયા ઝમાના, વગેરે વગેરે ફિલ્મોમાં વૈવિધ્યપૂર્ણ અને આદર મેળવનારી ભૂમિકાઓ કરવા છતાં 'ફિલ્મફેર' એવોર્ડના નામે મોટું મીંડું!

બીજું ઊડીને આંખે વળગે એવું ઉદાહરણ છે શશી કપૂર. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કપૂર પરિવારના યોગદાનથી આપણે પરિચિત છીએ. યશ ચોપડા દિગ્દર્શિત 'ધર્મપુત્ર'થી હીરો બનેલા હેન્ડસમ શશી કપૂરની ખ્યાતિ વધી 'જબ જબ ફૂલ ખિલે' ફિલ્મથી. અનેક વૈવિધ્યપૂર્ણ રોલ (હસીના માન જાયેગી, કન્યાદાન, શર્મિલી, ચોર મચાયે શોર, કભી કભી, કલયુગ ઈત્યાદિ) કરવા છતાં 'બેસ્ટ એક્ટર'નો એકપણ 'ફિલ્મફેર' એવોર્ડ નથી મળ્યો. હા, 'દીવાર' માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતા તરીકે સન્માનિત થયા હતા ખરા.

ત્રીજું ઉદાહરણ છે ખામોશ - શોટગન સિન્હા - શત્રુઘ્ન સિન્હાનું. મનોજ કુમાર - આશા પારેખની મોહન સેહગલ દિગ્દર્શિત 'સાજન' ફિલ્મમાં કોન્સ્ટેબલ તિવારી તરીકે શરૂઆત કર્યા પછી વિલન, હીરો અને બીજી કેટલીક યાદગાર ફિલ્મોમાં શત્રુજીએ પોતાની કાબેલિયત દેખાડી. 'બ્લેકમેલ, દોસ્ત, કાલીચરણ, વિશ્વનાથ, દોસ્તાના' જેવી ફિલ્મો દ્વારા દર્શકોના દિલમાં રાજ કરનારા શત્રુઘ્ન સિન્હાને 'બેસ્ટ એક્ટર' નું 'ફિલ્મફેર' એવોર્ડનું એક જ નોમિનેશન મળ્યું હતું ફિલ્મ 'દોસ્ત' માટે.

તમને જો કહેવામાં આવે કે ખિલાડી અક્ષય કુમારનું નામ પણ આ લિસ્ટમાં છે તો તમને આઘાત ભલે ન લાગે, આશ્ચર્ય જરૂર થશે. એક મિનિટ, અક્ષય કુમારને બે 'ફિલ્મફેર' એવોર્ડ મળ્યા છે ખરા, પણ બેસ્ટ વિલન (અજનબી) અને બેસ્ટ કોમેડિયન (ગરમ મસાલા) તરીકે.! 'બેસ્ટ એક્ટર' તરીકે તો પાટી કોરીકટ જ રહી છે. આવા બીજા પણ ઉદાહરણ છે.

કહેવાનું તાત્પર્ય એટલું જ કે પ્રતિભા અને પ્રતિષ્ઠાનો મેળ ઘણી વાર નથી ખાતો.

### સૈયાં હમાર - હીરો હમાર

૧૭ જુલાઈ ૧૯૬૯માં જન્મેલા રવિ કિશનને બાળપણથી જ એક્ટિંગનો ચસ્કો લાગ્યો હતો. રામલીલામાં સીતાનો રોલ કરતા હતા જે એમના પરિવારને જરાય પસંદ નહોતું. જોકે, પિતાના વિરોધની પરવા કર્યા વિના રવિ કિશન એક્ટર બનવાનું ખ્વાબ જોતા રહ્યા. ૧૭ વર્ષની ઉંમરે માતુશ્રી પાસેથી ૫૦૦ રૂપિયા લઈ યુપીના જૌનપુરથી મુંબઈ પહોંચી ગયો. પાંચેક વર્ષ એક સ્ટુડિયોથી બીજા - ત્રીજા એમ ચપ્પલ ઘસ્યા પછી એક નાનકડો રોલ મળ્યો. એ ભૂમિકા માટે રવિ કિશને બહુ મહેનત કરી, જેને કારણે ફિલ્મ મેકરોની નજરે ચડી ગયા. પછી તો નિયમિત હિન્દી ફિલ્મોમાં કામ મળવા લાગ્યું. ટીવી શોમાંથી પણ ઓફરો મળવા લાગી. જોકે, કોઈ પણ કલાકારને ચડવા માટે સીડી મળ્યા પછી બીજા - ત્રીજા પગથિયે અટકી જવું પડે તો ન ગમે. રવિ કિશનની બાબતમાં એવું જ બની રહ્યું હતું. અને પછી એક ટર્ન આવ્યો. ભોજપુરી ફિલ્મમેકર મોહનજી પ્રસાદ 'સૈયાં હમાર' ફિલ્મ માટે નવા ચહેરાની તલાશમાં હતા. કોઈએ રવિ કિશનનું નામ સૂચવ્યું. મોહનજીએ એને કહેણ મોકલ્યું પણ રવિ કિશનને મરાઠી એક્ટર સમજી રિજેક્ટ કરી દીધો હતો.

જોકે, એ જૌનપુરનો છે એની જાણ થતા એને સાઈન કરી લીધો. પહેલી જ ફિલ્મે ધૂમ મચાવી અને રવિ કિશન ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો સુપરસ્ટાર બની ગયો. આજે તો ભોજપુરી ઉપરાંત હિન્દી અને સાઉથની ફિલ્મો ઉપરાંત વેબ સિરીઝમાં પણ ખાસ્સો વ્યસ્ત છે.


બાય ધ વે, તમારી જાણ સહજ, રવિ કિશનને અદાકારી જેટલો જ રાજકારણમાં ય શોખ છે. ગોરખપુરના સક્રિય સાંસદ તરીકે પોતાના સંવાદની છટાથી એ લોકસભા પણ અવારનવાર ગજાવે છે !


## સ્ટાર-યાર-કલાકાર
### સંજય છેલ

# લાફાની લપ્પન છપ્પન ને થપ્પડની ગુંજ !


કહેવાય છે કે મશહૂર અભિનેત્રી નૂતન અને સંજીવકુમાર વચ્ચે સોલીડ અફેર ચાલતું હતું. એ વાત ત્યારે મીડિયામાં બહુ ચગેલી. વાત નૂતનનાં ઘર સુધી પહોંચી ને પતિ મિસ્ટર બહેલ ખૂબ નારાજ થયેલા તો પછી 'એ આખી વાત એક અફવા છે' એમ સાબિત કરવા નૂતને પોતાના પતિ બહેલસાહેબને એકવાર ફિલ્મના સેટ પર બોલાવ્યા અને સૌની હાજરીમાં સંજીવકુમારને એક જોરદાર થપ્પડ મારી દીધેલી!

કહે છે કે સંજીવકુમાર અને નૂતને બેઉએ મળીને આ પ્લાન રચેલો, જેથી નૂતનનું લગ્નજીવન બચી જાય! જો એમ હોય તો એ થપ્પડ પાછળ આપણાં ગુજરાતી સ્ટાર હરીભાઇ ઉર્ફ સંજીવકુમારની ખાનદાની ઝળકે છે.


દિલીપ કુમાર


રાજેશ ખન્ના


સંજીવકુમાર


અનુપમ ખેર


શર્મિલા ટાગોર


નૂતન

એ પછી એ જ સંજીવકુમાર સાથે રાજેશ ખન્નાને એક ગેરસમજણ થયેલી, કારણકે રાજેશ ખન્નાની ત્યારની ગર્લફ્રેંડ અભિનેત્રી અંજુ મહેંદ્રુ સાથે સંજીવજીની સારી મૈત્રી હતી, જે રાજેશ ખન્નાને ગમતું નહીં અને 'આપ કી કસમ' ફિલ્મના શૂટિંગ દરમિયાન એક સીન વખતે રાજેશ ખન્નાએ સાચી થપ્પડ સંજીવકુમારને ઝીંકી દીધેલી અને બેઉ વચ્ચે વરસો સુધી અણબનાવ રહેલો.

એ પછી અંજુએ 'ફિલ્મફેર'માં ચોખવટ કરેલી કે 'સંજીવજી તો માત્ર મિત્ર કે ભાઇ સમાન છે' એના આ ખુલાસા પછી રાજેશ અને સંજીવકુમારના સંબંધ ફરી નોર્મલ થયેલા.

એ જ રીતે ઐશ્વર્યા રાય અને સલમાન વચ્ચે દોસ્તી હતી ત્યારે સલમાને મોડી રાતે ઐશ્વર્યાને એસએમએસ કરવા માટે નિર્માતા- નિર્દેશક સુભાષ ઘાઇને જોરદાર થપ્પડ મારીને બાથરુમમાં રીતર સર કમોડમાં ધક્કો મારેલો. એડફિલ્મમેકર કૈલાશ સુરેન્દ્રનાથના ઘરે યોજાયેલી એક પાર્ટીમાંની આ ઘટનાનાં અમે સાક્ષી હતા. ત્યાર બાદ સલમાનના લેખક પિતાએ સલમાનને બીજે દિવસે માફી માગવા મોકલેલો અને પછી તો સુભાષજી સાથે સલમાને 'યુવરાજ' ફિલ્મ પણ કરેલી. આમ લાફાલાફીથી સંબંધો સંધાઇ પણ જતા હોય છે.

આવી લાફાબાજી બોલિવૂડમાં જ નહીં, હોલિવૂડમાં પણ ચાલે છે. ૨૦૨૨માં ઓસ્કાર એવોર્ડ નાઈટ વખતે અભિનેતા વિલ સ્મિથે એંકર કોમેડિયન ક્રિસ રોકને સ્ટેજ પર જઇને થપ્પડ ફટકારી દીધી, કારણકે ક્રિસે વિલની પત્નીના ટાલિયા હોવા પર ભદ્દી મજાક કરી..પછી તો જોકે વિલ સ્મિથે માફી પણ માગી લીધી પણ જેમ મન, મોતી ને કાચ એકવાર ભાંગે તો ના સંધાય એમ થપ્પડ પણ એકવાર લાગતા લાગી તે લાગી.

આપણે ત્યાં બોલિવૂડમાં સંજય દત્ત ને સલમાને ઘણાં પત્રકારોને થપ્પડ મારી છે અને હજી કોર્ટના ધક્કા ખાય છે.

હી- મેન ધર્મેંદ્ર તો દેવયાની ચૌબલ નામની ગોસિપ પત્રકાર પાછળ સ્ટુડિયોમાં ચપ્પલ લઇને મારવા દોડેલો.

સામાન્ય રીતે ભદ્ર એવો શાહરુખ, નૃત્ય-નિર્દેશક ફરાહ ખાનના સળીબાજ પતિ શિરીષ કુંદેરથી ભડકીને બાંદ્રાની એક પાર્ટીમાં એણે સૌની વચ્ચે થપ્પડ ઝીંકી દીધેલી, જેના અમો સ્વયં સાક્ષી છીએં.

ગ્લેમર જગતમાં કલાકારો એકમેકને થપ્પડ મારેને પછી એકમેકને ગળે ભેટીને રડી લે એ બહુ કોમન છે. નાટક કે ફિલ્મના સીનમાં જ્યારે થપ્પડ મારવામાં આવે છે ત્યારે એક ખાસ ટેકનિક હોય છે કે થપ્પડ મારનારો સામેના પાત્રના ગાલ પાસેથી હાથ લઇ જાય અને જેને લાફો પડવાનો છે એ તરત પોતાનો હાથ ગાલ પાસે લાવે જેથી એક જાતની તાળી જેવો અવાજ આવે. આ બંને ઘટના એક ક્ષણમાં એવી ત્વરાથી બને કે પ્રેક્ષકને લાગે કે ખરેખર થપ્પડ પડી! પણ એમાંયે નાના પાટેકર જેવા સેડિસ્ટ કલાકારો સામેનાને સાચે જ થપ્પડ મારીને મજા લે ને સામેનાને હડધૂત પણ કરે!

'હમ દોનોં ' ફિલ્મના સેટ પર અનેક પત્રકારો સામે અમારા મુરબ્બી મિત્ર અને અભિનેતા-નિર્દેશક શફી ઇનામદારને નફફટ નાના પાટેકરે લાફો મારેલો અને એ અપમાનની અસર સ્વમાની શફીભાઇ પર લાંબા સમય સુધી રહેલી એટલે આ ઘટના પછી જ નાના સાથે કામ કરવા બહુ ઓછા લોકો તૈયાર હતા.

જૂના જમાનાના સંવાદના જાદૂગર રાજકુમાર થપ્પડનાં સીનથી બહુ દૂર ભાગતા, કારણકે એ વિગ પહેરતા અને થપ્પડથી એ વિગ હલી જાય તો? વળી રાજકુમાર અભિનેતા બન્યા એ પહેલાં મુંબઇના માહિમ પોલીસ સ્ટેશનમાં ઇન્સપેક્ટર હતા ત્યારે એમણે એક શકમંદને એવી થપ્પડ મારેલી કે- પછી માર મારેલો કે પેલો રીતસર મરી ગયેલો ને રાજકુમારે જેલમાં જવું પડે એવો વરસો સુધી એમના પર કેસ થયેલો.

વળી કોઇ કારણથી ગુસ્સામાં કે વેરમાં મારામારી થાય તો એમાં લોજિક હોય છે પણ એક બીજી વિચિત્ર વાત જુઓ : કાદરખાન જેવા હાસ્ય અભિનેતાએ વાતવાતમાં સામેના પાત્રને થપ્પડ મારવાની સ્ટાઇલ શરૂ કરેલી. સામેનું પાત્ર સંવાદનો પંચ મારે અને એનો જવાબ ના હોય તો કાદરખાન લાફો મારે! આ પણ એકજાતની વિકૃતિ જ છે ને?

થપ્પડનો નાટ્યાત્મક ઉપયોગ 'કર્મા' ફિલ્મમાં થયેલો જેમાં જેલર દિલીપ કુમારની થપ્પડ ખાઇને વિલન અનુપમ ખેર ( ડો. ડેંગ )ને કહે છેઃ

'યે થપ્પડ કી ગુંજ સુની તુમને? યે ગુંજ તુમ્હે મરતે દમ તક સુનાઇ દેગી. ! '

લવ સીનમાં પણ થપ્પડ વપરાય છે. 'આવિષ્કાર' નામની ક્લાસિક ફિલ્મમાં રાજેશ ખન્ના અને શર્મિલા બેઉના ભગ્ન લગ્નજીવનની વાત બાસુ ભટ્ટાચાર્યએ સુંદર રીતે રજૂ કરેલી. એમાં એક સીનમાં રાજેશ ખન્ના સિગરેટ સળગાવે છે અને પત્ની શર્મિલા લાફો મારીને સિગરેટ પાડી નાખે છે. રાજેશ ફરી સિગરેટ સળગાવે છે અને શર્મિલા ફરી લાફો મારે છે...આમ ૭-૮ વાર થયા જ કરે છે અને બ્લેક એંડ વ્હાઇટ રંગમાં ઝાંખી મૂડ લાઇટિંગ સાથે ખરાબ મેરિડ-લાઇફનું સુંદર ચિત્રણ સતત થપ્પડોથી આબાદ દેખાડવામાં આવેલું.

તાપસી પન્નુની એક ફિલ્મ 'થપ્પડ'માં એક પત્નીને મારેલો સણસણતો તમાચો જ કેન્દ્રમાં છે. તો એનાથી સાવ ઉંધું એક પાકિસ્તાની સી-ગ્રેડની ફિલ્મમાં ભાવાવેશમાં આવીને હીરો-હીરોઇન એકમેકને સતત થપ્પડ મારે છે ને પછી અચાનક 'આઇ લવ યુ' કહીને ભેટી પડે છે ને ચૂમાચાટી કરવા માંડે છે. આવા લવ-સીનના લાફાઓને સમજવા સિગ્મંડ ફ્રોઇડ જેવા મનોવૈજ્ઞાનિકે પણ સાત વાર જાતને થપ્પડ મારીને વિચારવું પડે! બાકી કલાકારો તો ઠીક પણ આપણે સહુ પણ જીવનમાં કેટકેટલા અપમાનોની અદ્રશ્ય થપ્પડો ખાઇને જીવી જ લઇએ છીએંને?! ■




### અરવિંદ વેકરિયા

# લોકોના 'ટોન્ટ'માંથી 'મોટીવેશનલ' લેવાનું, 'ડિપ્રેશન' નહીં...

ગયા સપ્તાહે ડોલર પટેલના સહ-નિર્માતા સુભાષ ખન્નાની થોડી 'અંગત' વાત કરી. આ વાત ડોલર પટેલને, એનાં મિત્ર અને હવે તો નિર્માણમાં પણ ભાગીદાર હોવા છતાં જાણ નહોતી. મેં આ વાત કરી ત્યારે માત્ર 'એમ' કહી વાતનું પડીકું વાળી દીધું. એને માટે મારી આ વાત અર્થ વગરની લાગી. અર્થ ના સમજાય ત્યાં સુધી બધું વ્યર્થ લાગે માની મેં પણ વાત ત્યાં પડતી મૂકી.


મૂળ વાત તો આપણે આ 'બોલ્ડ' નાટકની કરવાની છે. મારે ભાગે આવેલા છ દિવસમાંથી આજે પાંચમો દિવસ હતો. પરમ દિવસથી જી.આર. શરૂ કરવાનાં હતા. જી.આર. માટે હિન્દુજા થિયેટર નક્કી કર્યું (જે હવે નથી).

સાંજે ફરી બધા મળ્યાં. મૂળ વાત નાટકનાં ટાઈટલની નીકળી. મનહર ગઢિયા પણ આ ચર્ચામાં સામેલ હતો. જાત-જાતના બધાં પોતપોતાની રીતે બોલતા થયાં. સાવ 'ઉઘાડું' પણ ન ખપે અને પ્રેક્ષકો અંધારામાં રહી જાય એવું 'ઓઢેલું' પણ ન જોઈએ.

નાટકનાં ટાઈટલ વિશે એટલું ચોક્કસ કે એ વાંચીને નાટક જોવાની જિજ્ઞાસા જાગે એવું તો હોવું જ જોઈએ. એક વાર પ્રેક્ષક થિયેટર સુધી આવે પછી તો સારું-નરસું એ જ નક્કી કરે એવું દરેક નિર્માતા-દિગ્દર્શક માનતા હોય છે.

અમારી મીટિંગમાં પણ આવી જાતજાતની 'ફેંકા ફેંકી' ચાલી, પણ મનને સંતોષ થાય એવું કોઈ ટાઈટલ મળે નહીં.

એક તો વિષય...એને લગતું શીર્ષક. એ દિવસે તો ન મળ્યું. માત્ર રિહર્સલ પતાવી બીજે દિવસે જી.આર. માટે સવારે ફરી મળવાનું નક્કી કરી છૂટાં પડ્યાં. હા, નાટકનું રેકોર્ડિંગ હોવાથી હું અને




રાજેશ મહેતા સ્ટુડિયોમાં જવાના હતા અને ત્યાંથી થિયેટર. પ્રવીણ ભોસલે અને શૈલેશને સમયસર સેટ અને લાઈટ લગાવી દેવા જણાવી દીધું. હું રોલ નહોતો કરતો એટલે 'પાત્ર'ની અધુરપ નહોતી. એ બધા બરાબર રિહર્સલ કરે એ જોવાની જવાબદારી મેં નરહરી જાનીને સોંપી દીધી.

રાત્રે ફરી મેં સ્ક્રીપ્ટ જોઈ, મ્યુઝિકની જગ્યાઓ માર્ક કરી લીધી. મનમાં ફરી શંકાનો કીડો સળવળવા લાગ્યો કે મેં ફરી બોલ્ડ વિષય લઈ ભૂલ તો નથી કરી ને? મને ચિંતામાં પથારીમાં બેઠેલો જોઈ પત્ની ભારતી પણ બેઠી થઈ ગઈ. તમારું જયારે નવું નાટક આવવાનું હોય છે ત્યારે મને પણ જાગરણ કરાવો છો. સુઈ જાવ, બધું સારું જ થશે. એ બોલી. મેં મારી 'સિલેકશન વ્યથા' એને કરી. મને કહે, 'હવે તો તીર કમાનમાંથી નીકળી ચુક્યું છે. આ બધું પહેલા વિચારવાનું હતું. હવે શું? જુઓ, વિતાવશું તો ઉંમર છે, પણ જીવીશું તો જીંદગી..તકલીફ બંને છેડે સરખી છે. માણસને ઈશ્વર નથી મળતો અને ઈશ્વરને માણસ... સારું થશે એવા હકારાત્મક વિચાર સાથે શાંતિથી સુઈ જાવ, જેથી હું પણ શાંતિથી ઊંઘી શકું.'

વાત એની સાચી હતી. બીજી સવારે રાજેશ મહેતા સાથે અમે 'રેડિયો વાણી' સ્ટુડિયો, વરલી પહોંચી ગયાં. એનાઉન્સમેન્ટ સનત વ્યાસ કરવાનાં હતાં. એ પણ આવી ગયો હતો. સ્ટુડિયોનો રેકોર્ડિસ્ટ તુષાર બહુ હોંશિયાર. મ્યુઝિક સ્ટોકમાંથી સિલેક્ટ કરી રાખેલ એટલે કામ તરત શરૂ કરી દીધું. મૂળ વાત ત્યાં અટકી કે ટાઈટલ શું નક્કી કરવું જે અધ્યાય ગઈ કાલે પણ અધૂરો રહી ગયેલો. મારો સબ્જેક્ટ માટેનો ડર મેં મહેતાને કહ્યો. મહેતા મને કહે, 'લોકોને કદાચ' તારી ભૂલ દેખાય તો કહી દેવાનું કે 'માણસ માત્ર ભૂલને પાત્ર' એ મને શીખ આપીને ચુપ થઈ ગયા પણ એના પરથી મને ટાઈટલ સુજી આવ્યું : 'માણસ માત્ર લફરાંને પાત્ર '! . મહેતાને પણ એ કહ્યું. ગમ્યું. મેં હિન્દુજા ફોન કરી ડોલર અને સુભાષને જણાવ્યું. ઈમ્તિયાઝને પણ કહ્યું. બધાને બહુ ગમ્યું. હાજર રહેલા સનતને પણ અપીલ કરી ગયું. મેં સનતને મિત્ર ભાવે પૂછ્યું, 'વાંધો નહી આવે ને? છીછરું તો...' મને વચ્ચેથી કાપતા કહ્યું કે,'લોકોના 'ટોન્ટ'માંથી 'મોટીવેશનલ' લેવાનું, 'ડિપ્રેશન' નહીં, અને આમ પણ નાટકનો આખો વિષય આ ટાઈટલ આવરી લે છે.'

મ્યુઝિક સાથે ટાઈટલ પણ રેકોર્ડ થઇ ગયું. રાજેશ મહેતાનું સંગીત હોય એટલે ઓપરેટર એમનો પુત્ર જયેશ કે પુત્રી દીપ્તિ હોય, પણ ડોલરની સિરીયલમાં મદદ કરતા એક યુવકને ડોલરે પ્રોમિસ આપેલું એટલે એ ઓપરેટ કરવાનો હતો. (એનું નામ યાદ નથી.)

હું અને રાજેશ મહેતા હિન્દુજા પહોંચ્યા. બધાને મ્યુઝિક સાંભળવાની તાલાવેલી હતી. મેં જોયું, સેટ પ્રવીણે સરસ બનાવ્યો હતો. છેલ ભાઈ તો હતા, સેટ પરની બારીકી પરેશ દરૂ કરી રહ્યાં હતાં. છેલભાઈની પ્રેમભરી ગાળો સાથે ઇન્સ્ટ્રક્સન ચાલુ હતી. એ બાબત પરેશભાઈની પ્રકૃતિ શાંત. એમનું માનવું કે સૌને પોતાની જવાબદારીનું ભાન હોય જ છે. આપણી અપેક્ષા ઉતાવળી હોય છે એટલે આપણે ગુસ્સે થઈ જતાં હોઈએ છીએ. કોઈના મહત્ત્વને ઓછું ન આંકવું, આખો સમુદ્ર એક ફુગ્ગાને ડુબાડી નથી શકતો.. !.' એમની આ માન્યતા ૧૦૦% સાચી છે એવું એકલા બેસીને વિચારો તો ખબર પડે. ■



**ડબ્બલ રિચાર્જ**

કહે છે કે પતિ પરિવારનો 'હેડ' હોય છે પણ લોકો ભૂલી જાય છે કે પત્ની પરિવારની 'ગરદન' હોય છે. 'ગરદન' જે તરફ ફરે, 'હેડ'ને પણ ત્યાં જ ફરવું પડે છે.

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# મનોજ કુમારની સંગીત જુગલબંધી

## હિન્દી સિનેમાના આ 'ભારત કુમાર'એ એમની કારકિર્દી દરમિયાન સંગીતકાર લક્ષ્મીકાંત - પ્યારેલાલ અને ગીતકાર વર્મા મલિક સાથે કેટલાંક ખરેખર યાદગાર ગીત આપ્યાં છે




મનોજ કુમાર અને લક્ષ્મીકાંત - પ્યારેલાલ

૧૯૫૭માં રિલીઝ થયેલી 'ફેશન'માં એક નાનકડી ભૂમિકાથી શરૂઆત કર્યા બાદ ૧૯૬૫માં આવેલી 'શહીદ'થી મનોજ કુમાર પર દેશભક્તિનો સિક્કો લાગ્યો. તત્કાલીન વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની વિનંતીને માન આપી 'ઉપકાર' બનાવી અને મનોજ કુમાર એક્ટરની સાથે નિર્માતા તેમજ દિગ્દર્શક પણ બની ગયા. ૧૯૬૦નો દાયકો હિન્દી ફિલ્મ સંગીતનો સુવર્ણ દોર ગણાય છે અને મનોજ કુમારની કારકિર્દીને નિખાર મળ્યો ૧૯૬૦ના દાયકામાં એટલે મનોજ કુમારની પ્રારંભિક ફિલ્મોમાં ગીત - સંગીતનું પલડું ભારે જોવા મળે છે. એક ખાસ નોંધવા જેવી વાત એ છે કે મનોજ કુમારની એક પણ ફિલ્મમાં નૌશાદનું સંગીત નહોતું, જ્યારે બર્મનદા માત્ર 'ડો. વિદ્યા'માં અને ઓ. પી. નય્યર ફક્ત 'સાવન કી ઘટા'માં હાજર હતા. એમની શરૂઆતની અમુક ફિલ્મોમાં શંકર- જયકિશનની હાજરી હતી, પણ મુખ્યત્વે સંગીત કલ્યાણજી-આનંદજી અને લક્ષ્મીકાંત- પ્યારેલાલનું જોવા મળે છે. મનોજ કુમાર એક્ટર હોય અને સંગીતકાર લક્ષ્મીકાંત - પ્યારેલાલ હોય એવી ૧૦ ફિલ્મની સત્તાવાર નોંધ છે.

૧૯૬૭માં પહેલી વાર મનોજ કુમારની ફિલ્મમાં સંગીત લક્ષ્મીકાંત - પ્યારેલાલનું હતું. એલપી સાથેનું પહેલું ચિત્રપટ હતું રાજા નવાથે દિગ્દર્શિત 'પત્થર કે સનમ'. મનોજ કુમાર સાથે બે હીરોઈન હતી વહિદા રેહમાન અને મુમતાઝ. ફિલ્મના ગીત - સંગીત સુપરહિટ સાબિત થયા. ફિલ્મમાં કુલ સાત ગીત હતાં, જેમાંથી ચાર ગીતે ધૂમ મચાવી હતી. જૂના ફિલ્મ સંગીતના શોખીનોને ચોક્કસ યાદ હશે. એક હતું મોહમ્મદ રફીના સ્વરમાં ટાઈટલ સોંગ - 'પત્થર કે સનમ તુજે હમને મોહબ્બત કા ખૂદા જાના, બડી ભૂલ હુઈ અરે હમને યે ક્યા સમજા યે ક્યા જાના.' બીજું હતું : મુકેશના સ્વરમાં 'તૌબા યે મતવાલી ચાલ, ઝૂક જાએ ફૂલોં કી ડાલ, ચાંદ ઔર સૂરજ આકર માંગે તુજ સે રંગ - એ - જમાલ, હસીના, તેરી મિસાલ કહાં'.

આ બંને ગીત મનોજ કુમાર પર પિક્ચરાઈઝ થયા હતા. આ સિવાય મુકેશ અને લતા મંગેશકરનું યુગલ ગીત 'મેહબૂબ મેરે, મેહબૂબ મેરે' મનોજ કુમાર અને વહિદા રેહમાન પર પિક્ચરાઈઝ થયું હતું.

૧૯૬૭માં જ રાજ ખોસલાની સસ્પેન્સ ફિલ્મની ત્રિલોજીની અંતિમ ફિલ્મ 'અનિતા' (બાકીની બે હતી 'વો કૌન થી' અને 'મેરા સાયા') રિલીઝ થઈ હતી. ફિલ્મની મજેદાર વાત એ હતી કે પહેલી બે ફિલ્મમાં મદન મોહનનું સુપર હિટ સંગીત હોવા છતાં મનોજ કુમારના આગ્રહથી રાજ ખોસલાએ ગીતો સ્વરબદ્ધ કરવાની જવાબદારી લક્ષ્મીકાંત - પ્યારેલાલને સોંપી. મુકેશનાં બે ગીત ખાસ્સા લોકપ્રિય થયાં હતાં - 'ગોરે ગોરે ચાંદ સે મુખ પર કાલી કાલી આંખેં હૈં' અને 'તુમ બિન જીવન કૈસે બીતા, પૂછો મેરે દિલ સે'.

અલબત્ત, 'પત્થર કે સનમ'ની સરખામણીમાં 'અનિતા'ના ગીત - સંગીતની લોકપ્રિયતા ઓછી હતી. જોકે, મનોજ કુમારને એલપીની શૈલી માટે લગાવ વધી ગયો હતો.

એક્ટર - સંગીતકારની ત્રીજી ફિલ્મ હતી 'સાજન' (૧૯૬૯). મોહન સેહગલ દિગ્દર્શિત આ ફિલ્મમાં 'ઉપકાર'ની હિટ જોડી હતી - મનોજ કુમાર અને આશા પારેખ. રફી - લતાનું મધુર યુગલ ગીત 'રેશમ કી ડોરી, રેશમ કી ડોરી, કહાં જઈ હો નિંદિયા ચુરા કે ચોરી ચોરી' તેમજ રફી અને લતાના સ્વરમાં ટાઈટલ સોન્ગ (બંને સોલો સોંગ) 'સાજન સાજન પુકારું ગલિયોં મેં' લોકપ્રિય સાબિત થયાં હતાં. આ એ દોરની ફિલ્મો છે જેના ગીત - સંગીતને ફિલ્મની સ્ટોરી અને એના કલાકારો કરતાં વધુ આવકાર મળતો હતો.

૧૯૭૨ની ફિલ્મ 'શોર' મનોજ કુમારનું પોતાનું પ્રોડક્શન હતું. પોતાના નિર્માણ હેઠળની પહેલી બે ફિલ્મ 'ઉપકાર' અને 'પૂરબ ઔર પશ્ચિમ'માં કલ્યાણજી-આનંદજીનું સ્વરાંકન હતું અને એના સંગીતને ખૂબ પસંદ કરવામાં આવ્યું હતું. જોકે, 'શોર' માટે મનોજ કુમારએ લક્ષ્મી - પ્યારેને પસંદ કર્યા અને એમના અફલાતૂન સ્વરાંકને કારણે ચાર ગીત તો આજે પણ લોકો ગણગણે છે. મુકેશનું સોલો અને લતા - મુકેશનું યુગલ ગીત 'એક પ્યાર કા નગમા હૈ' અને એમાં પ્યારેલાલજીનું વાયોલિન વાદન અદભુત છે. આ સિવાય 'પાની રે પાની તેરા રંગ કૈસા' અને 'જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ - ઓ - શામ' પણ કર્ણપ્રિય બન્યાં હતાં.

'શોર' પછી મનોજ કુમારના નિર્માણ હેઠળ બનેલી ત્રણ ફિલ્મમાં પણ લક્ષ્મી - પ્યારે જ સંગીતકાર હતા. 'શોર'ની સફળતામાં સંગીતનું કેટલું મહત્ત્વનું યોગદાન હતું એ વાત મનોજ કુમારને સુપેરે સમજાઈ ગઈ હતી એટલે જ 'રોટી કપડા ઔર મકાન' (૧૯૭૪), 'દસ નંબરી' (૧૯૭૬) અને 'ક્રાંતિ' (૧૯૮૧)માં લક્ષ્મી - પ્યારેની હાજરી હતી અને એના ગીત - સંગીતને ચાહના મળી. 'મૈં ના ભુલૂંગા, મૈં ના ભુલૂંગી' (મુકેશ - લતા), 'મેહંગાઇ માર ગયી' (નરેન્દ્ર ચંચલ, જાની બાબુ કવ્વાલ, લતા અને મુકેશ) અને 'હાય હાય યે મજબૂરી (લતા) ગીત કર્ણપ્રિય હોવાની સાથે સાથે જનતાની લાગણીનો પડઘો એમાં ઝીલાયો હતો. 'દસ નંબરી'નું ટાઈટલ સોંગ 'યે દુનિયા એક નંબરી તો મૈં દસ નંબરી' (મુકેશ) તેમજ 'પ્રેમ કા રોગ બડા બૂરા' (લતા) અને 'કહત કબીર સુનો ભાઈ સાધો' (આશા ભોસલે, મન્ના ડે અને મુકેશ) અને 'ક્રાંતિ'ના 'જિંદગી કી ના ટૂટે લડી' (લતા - નીતિન મુકેશ), 'તુમ તુમ તરારા, તુમ તુમ તરમ...ચના જોર ગરમ બાબુ' (નીતિન મુકેશ, રફી, લતા, કિશોર)ની લોકપ્રિયતાએ ફિલ્મની સફળતામાં સિંહફાળો આપ્યો હતો.

જોકે, ત્યાર પછી રિલીઝ થયેલી મનોજ કુમાર - લક્ષ્મી પ્યારેની ફિલ્મોમાં અગાઉ જેવો ગીત - સંગીતનો જાદુ જોવા ન મળ્યો. 'સંતોષ' (૧૯૮૯), 'દેશવાસી' (૧૯૯૧) અને 'જય હિન્દ' (૧૯૯૯) ફિલ્મો કોઈ પણ રીતે પ્રેક્ષકો પર પ્રભાવ પાડવામાં નિષ્ફળ રહી હતી.

સંગીતકાર માટે ચીવટ રાખતા મનોજ કુમાર ગીતકારની પસંદગીમાં પણ ચોક્કસ હતા. 'પૂરબ ઔર પશ્ચિમ'થી સંતોષ આનંદ પાસે ગીત લખાવ્યા અને ત્યારબાદ 'શોર', 'રોટી કપડા ઔર મકાન'માં પણ સંતોષજીની કલમનો જાદુ જોવા મળ્યો હતો.

### વર્મા મલિકઃ મનોજ કુમારે તક આપી



દેશભક્તિના ગીત અને ભજન લખી જાણીતા થયેલા વર્મા મલિક સ્વાતંત્ર્ય લડતમાં સહભાગી થયા હતા. આઝાદી મળ્યા પછી ફિલ્મોમાં ગીત લખવાની શરૂઆત કરનારા વર્મા મલિકની આ રવિવારે જન્મશતાબ્દી છે. જોકે, એમની શરૂઆતની ફિલ્મો કે એનાં ગીતો આવીને તરત વિસરાઈ પણ ગયા. કોઈ કારણસર ૧૯૬૧માં એ ગાયબ થઈ ગયા અને ૧૯૬૭માં 'દિલ ઔર મહોબ્બત'થી વર્મા મલિકની કલમ ફરી સક્રિય થઈ. જોકે, એમને મહત્ત્વનો બ્રેક મનોજ કુમાર અભિનીત ફિલ્મ 'યાદગાર'માં મળ્યો. ફિલ્મ મનોજ કુમારનું પોતાનું નિર્માણ નહોતું, પણ એમના આગ્રહથી જ બે ગીત લખવાની તક વર્મા મલિકને મળી હતી. એમાંથી એક ગીત 'એક તારા બોલે તુન તુન' ખાસ્સું લોકપ્રિય થયું હતું અને આજે પણ સંગીત પ્રેમીઓને યાદ હશે. એ જ વર્ષે આવેલી મનોજ કુમાર અભિનીત 'પેહચાન'નું મુકેશ, સુમન કલ્યાણપુર અને શારદાનું 'વો પરી કહાં સે લાઉં, તેરી દુલહન જિસે બનાઉં કે ગોરી કોઈ પસંદ ન આયે તુજકો'થી મલિક સાહેબની ડિમાન્ડ વધી ગઈ હતી.


'રોટી કપડાં ઔર મકાન'નું સુપરહિટ સોંગ 'હાય હાય યે મજબૂરી' વર્મા મલિકની કલમની જ કમાલ હતી.

વર્મા મલિકના અન્ય યાદગાર ગીતોમાં 'આજ મેરે યાર કી શાદી હૈ' (આદમી સડક કા), 'તેરે સંગ પ્યાર મૈં નહીં છોડના' (નાગિન), 'દો બેચારે બીના સહારે' (વિક્ટોરિયા નંબર ૨૦૩), 'હમ બોલેગા તો બોલોગે કી બોલતા હૈ (કસોટી), 'કાન મેં ઝુમકા, ચાલ મેં ઠુમકા' (સાવન ભાદો), 'એક સે બઢકર એક, લાઈ હું તૌફે અનેક' (એક સે બઢકર એક - રૂના લૈલા), 'હંગામા હો ગયા' (અનહોની)નો સમાવેશ છે.

'અનહોની'ના ગીતના રિમિક્સ વર્ઝનનો ઉપયોગ કંગના રનૌટની 'ક્વીન'માં પણ થયો હતો. પોતાની સેકન્ડ અને યાદગાર સેકન્ડ ઈનિંગ્સ માટે વર્મા મલિક સદૈવ મનોજ કુમારના આભારી રહ્યા હતા. વર્મા મલિકની ફરતે અન્ય ગીતકારો જેવું ગ્લેમર નહોતું, પણ એમનાં ગીતોમાં વૈવિધ્ય કાબિલ - એ - દાદ છે.

ક્લેપ એન્ડ કટ..! સિદ્ધાર્થ છાયા

## પહેલાં પૈસા... પછી ફિલ્મ 'ફૂલે'!





મહારાષ્ટ્રમાં જેમને અત્યંત સત્કાર અને સન્માન આપવામાં આવે છે એવા મહાત્મા ફૂલેના જીવન પર આધારિત ફિલ્મ 'ફૂલે' વિવાદમાં સપડાઈ છે. બન્યું છે એવું એ ફિલ્મના પ્રોડ્યુસરોએ ફિલ્મ બનાવવા માટે મુકેશ ગુપ્તા નામના વ્યક્તિ પાસેથી પૈસા લીધા હતા. પછી જેમ બને છે એમ, ગુપ્તાજીને પૈસા આપવામાં આ પ્રોડ્યુસર્સ આજ-કાલ, કાલ-આજ કરવા લાગ્યા. પછી જ્યારે ફિલ્મ રિલીઝ થવાની અણી પર આવી એટલે ગુપ્તાજીએ હવે નાક દબાવ્યું છે.

મુકેશ ગુપ્તાએ એક ફિલ્મ ટ્રેડ મેગેઝિનમાં કાનૂની નોટિસ ઠપકારી છે જેમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે : 'ફૂલે'ના નિર્માતાઓએ એમને પૈસા નથી આપ્યા એટલે આ ફિલ્મને રિલીઝ નહીં થવા દે. આ ઉપરાંત આ નોટિસમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ફિલ્મના પ્રોડ્યુસર્સ મુકેશ ગુપ્તાની રજા વગર ફિલ્મના ડિજિટલ, સેટેલાઈટ, થિયેટર અને અન્ય રાઈટ્સ કોઈને વેચી શકશે નહીં. વિગેરે,વિગેરે..

આ ફિલ્મમાં પ્રતીક ગાંધી મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને પત્રલેખા સાવિત્રીબાઈ ફૂલેના મુખ્ય રોલમાં છે. આ ફિલ્મ આમ તો આજે રિલીઝ થવાની હતી, પરંતુ હવે તેને ૨૫ એપ્રિલ સુધી પાછળ ધકેલી દેવામાં આવી છે. જો કે, 'ફૂલે' માટે ફક્ત આ એક જ તકલીફ નથી. ફિલ્મનું ટ્રેલર જ્યારે રિલીઝ કરવામાં આવ્યું ત્યારે સમાજના અમુક વર્ગ દ્વારા તેનો વિરોધ ઓલરેડી કરવામાં આવ્યો હતો. હવે જોવાનું એ છે કે આ ફિલ્મના પ્રોડ્યુસર્સ ગુપ્તાજીનું બાકી લ્હેણું ચૂકવ્યા બાદ રાહતનો શ્વાસ લઇ શકશે કે પછી જે સમાજને ફિલ્મ સાથે વાંધો છે એ ફરીથી ફિલ્મને અટકાવશે?

## લંડનમાં 'ડીડીએલજે' અમરત્વ પામશે!





લંડનના લેસ્ટર સ્કવેર પર ભારતીય સિનેમા ઈતિહાસમાં થિયેટરમાં સહુથી લાંબો સમય ચાલેલી ફિલ્મ 'ડીડીએલજે' ઉર્ફે 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' અમર બની જવાની છે. આ સ્થળ 'સિન્સ ઇન ધ સ્ક્વેર' ના નામે દુનિયાભરની આઇકોનિક ફિલ્મોનાં યાદગાર દ્રશ્યોનાં પૂતળાં મૂકવામાં આવ્યાં છે. આવનારા સમયમાં અહીં 'ડીડીએલજે'/ નું પણ એક દ્રશ્ય પ્રતીમા સ્વરૂપે સ્થાન પામવાનું છે. લેસ્ટર સ્ક્વેરની ઇસ્ટર્ન ટેરેસ પર આવેલા 'ઓડિયન' સિનેમાની જરાક બહાર જ આ પ્રતિમા ગોઠવવામાં આવશે.

ઈન્ટરનેટ પર થોડા ખાંખાખોળા કર્યા બાદ અમને એ જાણવા મળ્યું છે જે ફિલ્મમાં જ્યારે રાજ અને સીમરન એકબીજાને પહેલીવાર ક્રોસ કરે છે એ દ્રશ્ય અહીં પથ્થર ઉપર કંડારીને સ્થાપિત કરવામાં આવશે. જો કે લંડનવાસીઓ માટે 'ડીડીએલજે' ઉપર આવી કલાકૃતિ બની હોય એવી આ પહેલી ઘટના નથી.

લંડનના કિંગ્સ ક્રોસ સ્ટેશન, ટાવર બ્રિજ, હાઈડ પાર્ક અને હોર્સગાર્ડ્સ એવન્યૂ પર આ ફિલ્મને સાંકળતી ઘણી બધી કૃતિઓ સ્થાપિત થઇ ચૂકી છે. આ ફિલ્મ તેના ત્રીસ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે ત્યારે આનાથી મોટું બીજું કયું બહુમાન હોઈ શકે ?

## હૃતિક પર ચીટિંગનો આરોપ...



હૃતિક રોશન આજકાલ અમેરિકાની ટૂર ઉપર છે. આ ટૂરના આયોજકો દ્વારા તેના પ્રચાર દરમ્યાન એવું વચન આપવામાં આવ્યું હતું કે ૧૫૦૦ ડૉલરની ટિકિટ લેનારા વીઆઈપી મહેમાનોને હૃતિકને પર્સનલી મળવાની તક મળશે.

ડલાસમાં આ જ પ્રકારે થયેલા એક શો દરમિયાન એક વીઆઈપી દર્શકને કડવો અનુભવ થયો છે.

એક વ્યક્તિએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી છે કે મેં ૧૫૦૦ ડૉલરથી પણ વધુ રકમ ખર્ચી અને ડલાસમાં મારા આઇકન હૃતિકને મળવા ગયો. પ્રોગ્રામ બાદ હૃતિકને મળવાનું તો થયું પરંતુ આ મીટિંગ ફટાફટ પતાવી દેવામાં આવી. ટૂંકમાં આટલા બધા પૈસાનો ખર્ચ કર્યા બાદ પણ હૃતિક રોશનના ડાયહાર્ડ ફેન્સને એની સાથે સરખી રીતે વાત પણ કરવા દેવામાં ન આવી.

આટલું ઓછું હોય તેમ હૃતિક રોશન સાથે આ ફેનને એક ફોટો પણ પાડવા ન મળ્યો. કોઇપણ વ્યક્તિ જ્યારે પોતાની મનપસંદ વ્યક્તિને આટલી મોટી રકમ ચૂકવીને રૂબરૂમાં મળવા જાય ત્યારે એની સાથેની એક યાદગાર મોમેન્ટ ક્લિક કરવાની જરૂર ઈચ્છા હોય, પણ આ ફેનને એમ પણ કરવાની તક મળી નહીં. ■

### કટ એન્ડ ઓકે!

'મારી દીકરીનો નિર્ણય છે કે હાલપૂરતી એ બોલિવૂડમાં એન્ટ્રી કરવાની નથી.'

પોતાની પુત્રી ન્યાસાના બોલિવૂડ પદાર્પણની તાજી અફવાઓ પર પડદો પાડતી મમ્મી કાજોલ.

ફિલ્મનામા

નરેશ શાહ

# ડબલ મિનિંગ વત્તા વલ્ગારિટી એટલે ભોજપુરી ફિલ્મો ને ગીત?

## ભોજપુરી ફિલ્મો અને ગીત -સંગીતમાં મલયાલી ફિલ્મો જેવો ચેન્જ આવશે ખરો?



નશાખોરીમાં ખરાબ રીતે સપડાયા પછી લગભગ બે વરસ સુધી ગુમ થઈ ગયેલાં રેપર યો યો હનીસિંહની કુંડળીમાં વિવાદ નામનો મધપૂડો અંકિત હોય તેવું લાગે છે. ગયા વરસે એની પર બનેલી ડોક્યુમેન્ટરીએ ચર્ચાના તરંગો જન્માવ્યા હતા તો ૨૦૨૫ના આરંભમાં જ ફરી એના એક ગીતે કાંકરીચાળો કર્યો છે.

ગયા મહિને જ યો યો હનીસિંહનું 'મેનિયાક' નામનું મ્યુઝિક આલ્બમ રિલીઝ થયું. આલ્બમનું નામ જ ઘણાં સૂચિતાર્થો આપી જાય તેવું છે, છતાં આ આલ્બમમાં સમાવેશ થયેલાં એક ભોજપુરી ગીતે બબાલ સર્જી છે. હનીસિંહ અને કોઈ તાલીમ વગર જ ગાયિકા બનેલી રાગિણી વિશ્વકર્માએ ગાયેલાં આ ગીતની એક પંક્તિ (હિન્દી સૂર કંઈક આવો) છેઃ 'દીદી કા દેવર, હમારી ચોલી કા... ચખના ચાહતા હૈ!'

આ ગીત- વીડિયો આલ્બમમાં સ્વયં યો યો હનીસિંહ અને અભિનેત્રી મોડેલ એશા ગુપ્તાએ કામ કર્યું છે. ગ્લેમર વર્લ્ડની એ સોચ અને તાસીર રહી છે કે, ચર્ચાઈ જવામાં લિજ્જત છે. જેટલી ચર્ચા, વિરોધ અને વિવાદ વધુ એટલો વધુ ફાયદો થાય એવું ગ્લેમર વર્લ્ડમાં ખાસ માનવામાં આવે છે. એ દ્રષ્ટિએ જોઈએ તો યો યો હનીસિંહને તો કોન્ટ્રોવર્સી નામની કેડબરીનું 'ગોળનું ગાડું' મળી ગયું છે.

આમ જુઓ તો, છેલ્લાં પંદર-વીસ વરસમાં ભોજપુરી ફિલ્મો અને તેનાં ગીતો મોટાભાગે છિછોરાં અને ડબલ મિનિંગ ડોઝથી જ ચાલી રહ્યાં છે. ગૂગલ પર સર્ચ કરીને તમે આવા ડબલ મિનિંગ અથવા જુગુપ્સા જગાવનારા ફિલ્મનાં નામ અને ગીતોના શબ્દો તપાસશો તો ખ્યાલ આવશે કે (સંસદસભ્ય) ગાયક મનોજ તિવારી, મનોજ બાજપાઈ, પંકજ ત્રિપાઠી જ્યાંથી આવ્યા છે, એ સ્થળ વિશેષની ફિલ્મો અને ગીત સંગીતનું સ્તર દિનબદિન નીચલી પાયરી પર જતું જાય છે.

ભોજપુરી ગીત- સંગીત વિશે આપણે કે હિન્દીભાષીઓ બહુ માહિતગાર નથી હોતા પણ કહેવાય છે કે, બિજલી રાની નામની તવાયફે જ્યારે ભોજપુરી ગીતો ગાવાનું શરૂ કર્યું ત્યારથી સ્ત્રીને 'એક આઈટમ યા વસ્તુ' તરીકે ગીતોમાં રજૂ કરવાનું ચલણ વધી ગયું છે. એ જ દોરમાં રાધેશ્યામ રસિયા, ગુડુ રંગીલા સહિતના અનેક ગાયકો-ગીતકારો આવ્યા અને એ સીલસીલામાં પવનસિંહ અને ખેસારીલાલ આવ્યા અને કાઠિયાવાડીમાં કહીએ તો ભોજપુરી ફિલ્મ ઉપરાંત ગીત સંગીતનો દાટ વાળવાનું શરૂ થઈ ગયું. આપણે સમજયા વગર ગાઈએ છીએ એ 'લોલીપોપ લાગેલું' ગાનારા પવનસિંહનું જ એક ગીત ગયા વરસે આવેલુંઃ 'પિયર ફરાક વાલી.'



યો યો હનીસિંહ

આ ગીતમાં છોકરીને પૂછવામાં આવી રહ્યું છે કે, તું રાતે ક્યાં હતી, કેમ કે તારા કપડાં પર ડાઘ પડેલો છે...?

ભોજપુરી ફિલ્મો અને તેના ગીત-સંગીત અત્યારે ભલે ચીપ કે હલકા ગણાતાં હોય (અને એ છે જ) પણ ભોજપુરી ગીત- સંગીતનો ભૂતકાળ આવો નહોતો. ૧૯૬૩માં આવેલી એક ભોજપુરી ફિલ્મનાં ગીતો શૈલેન્દ્રએ લખેલાં અને તેનું સંગીત ચિત્રગુપ્તે આપ્યું હતું. ૧૯૭૦-૮૦ના દશકામાં બનેલી ભોજપુરી ફિલ્મો માટે મોહમ્મદ રફી, મુકેશ, કિશોરકુમાર, લતા મંગેશકર, આશા ભોંસલે, મહેન્દ્ર કપૂરે ગીતો ગાયાં હતાં. પંડિત રવિશંકરે પણ ભોજપુરી ગીતો કમ્પોઝ કર્યાં છે અને જગજીત સિંહ પણ ભોજપુરી ગીત ગાઈ ચુક્યા છે.

મજા તો એ છે કે અમિતાભ બચ્ચન, અજય દેવગણ અને પ્રિયંકા ચોપડા પણ ભોજપુરી ફિલ્મો સાથે સંકળાયેલા રહ્યાં છે (જો કે પ્રિયંકાના 'બમ બમ બોલ રહા કાશી'ના એક આઈટમ સોંગઃ 'બોલેરો કી ચાભી સે ખોદ લેના નાભી!' એ પણ ચર્ચા જગાવી હતી)

આ તરફ, યો યો હનીસિંહના 'મેનિયાક' આલ્બમના અશ્લીલ ગીત માટે અભિનેત્રી નીતુ ચંદ્રા પટણા હાઈ કોર્ટમાં પણ ગઈ છે, પરંતુ એટલે આ દ્વિઅર્થી અને અશ્લીલ પ્રસ્તૃતિનો અંત આવે એવું માનવું વધારે પડતું છે, કારણ કે ભોજપુરી ફિલ્મો અને ગીત-સંગીતમાં ઉત્તરોતર બગાડો વધતો ગયો છે. એક જમાનામાં મલયાલમ ફિલ્મો અતિ બદનામ હતી.

એ ફિલ્મોના ઉત્તેજિત કરતાં દ્રશ્યોના કટકાઓનું સંકલન કરીને 'ડબલ એકસ' ફિલ્મો બનતી હતી, પરંતુ આજે તમિળ, તેલુગુ, કન્નડ અને મલાયલમ ફિલ્મોમાં સૌથી સારી ફિલ્મો મલયાલમ ભાષામાં (દ્રશ્યમ, પ્રેમમ, હૃદયમ, કિંગ ઓફ કોઠા, મીનલ મુરલી, લ્યુસીફર, કુરૂપ) બને છે.

ભોજપુરી ફિલ્મો અને ગીત- સંગીતમાં આવું થશે ખરું? થશે તો ક્યારે? એ અનંત ચર્ચાનો વિષય છે. ■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# યે 'જીબલી... જીબલી' ક્યા હૈ?

## સ્ટુડિયો જીબલી ટ્રેન્ડના સિનેજગત સાથેના નાતા વિશે કેટલીક મજેદાર વાત



સ્ટુડિયો જીબલી (હા, ઘીબલી નહીં) એનિમેટેડ ઈમેજીસનો હમણાં ખૂબ ટ્રેન્ડ ચાલ્યો છે. દુનિયાભરના (વધુ તો ભારતના જ) લોકો ચેટજીપીટી, ગોર્ક, જેમિની જેવી વિવિધ AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) એપ્સ પર પોતાના ફોટોઝ અપલોડ કરીને જીબલી ઈમેજીસની મજા માણી રહ્યા છે.

તમને થશે કે આ જીબલી ટ્રેન્ડની વાત આ મનોરંજન અને સિનેમાની કટારમાં શા માટે?

Vel, એનું કારણ એ છે કે જીબલી એટલે સ્ટુડિયો જીબલી એ જાપાનનો એક અનોખો અને વિશ્વવિખ્યાત એનિમેશન સ્ટુડિયો છે, જેની શરૂઆત જાપાનમાં ૧૯૮૪માં હાયાઓ મિયાઝાકી, ઇસાઓ ટાકાહાતા અને તોશિયો સુઝુકી (જે ૧૯૯૧માં જોડાયા) દ્વારા કરવામાં આવી હતી.

આજની પેઢી માટે જ્યારે ફિલ્મ્સનું નિર્માણ મોટા પાયે કમ્પ્યુટર ઉપર થાય છે અને થોડીક મિનિટોમાં એનિમેટેડ દ્રશ્યો તૈયાર થઈ જાય છે, ત્યાં જીબલી હજી પણ હાથે બનાવેલી ચિત્રશૈલી એટલે કે પરંપરાગત એનિમેશન પર જ ભાર રાખે છે.

જીબલી માત્ર બાળકો માટે ફિલ્મ્સ બનાવતું એનિમેશન હાઉસ નથી. તેમની દરેક ફિલ્મમાં ઊંડો અર્થ છુપાયેલો હોય છે. જીવનના મહત્ત્વથી લઈને કુદરત સાથેના સંબંધ, પ્રેમ, વ્યક્તિગત વિકાસ અને માનવ સંબંધો સુધીના અનેક પાસાં તેમાં જોવા મળે છે. જીબલીની સૌથી જાણીતી ફિલ્મ 'સ્પિરિટેડ અવે' છે, જે ૨૦૦૧માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં એક નાની છોકરી ચિહિરોની વાર્તા છે. ચિહિરો અચાનક એક જાદુઈ દુનિયામાં પહોંચી જાય છે, જ્યાં એનાં માતા-પિતાને એક શાપ લાગેલો હોય છે અને એમને બચાવવા માટે ખૂબ જ હિમ્મત, સમજદારી અને બળનો ઉપયોગ કરવો પડે છે. આ ફિલ્મ બેસ્ટ એનિમેટેડ ફિલ્મની કેટેગરીમાં ઓસ્કર જીતી હતી અને વિશ્વભરમાં તેના ખૂબ વખાણ થયા હતા.







હાયાઓ મિયાઝાકી

આ જ રીતે, જીબલીની બીજી એક ખૂબ જ હૃદયસ્પર્શી ફિલ્મ છે : 'માય નેઈબર ટોટોરો', જે ૧૯૮૮માં આવી હતી. આ ફિલ્મમાં બે બહેન સાટ્સુકી અને મેઈ એક ગામમાં રહેવા આવે છે અને ત્યાં એમને ટોટોરો નામના એક મહાકાય અને રહસ્યમય પ્રાણી સાથે મૈત્રી થાય છે. ટોટોરો હવે જીબલીનું એક ખૂબ જ લોકપ્રિય પાત્ર બની ચૂક્યું છે. ત્યાં સુધી કે જીબલી સ્ટુડિયોનો લોગો પણ ટોટોરોના ચહેરાથી શોભે છે.

જીબલી ફક્ત કલ્પનાશક્તિથી ભરેલી ફેન્ટસી ફિલ્મ્સ જ નથી બનાવતું. જીબલી સ્ટુડિયોની 'ગ્રેવ ઑફ ધ ફાયરફ્લાયઝ' (૧૯૮૮) જેવી ફિલ્મમાં બીજું વિશ્વયુદ્ધ અને તેની અસર હેઠળ એક ભાઈ-બહેન કેવી રીતે જીવતાં રહે છે એની વેદનાભરી વાર્તા છે. એ કોઈ પરીકથા જેવી ફિલ્મ નથી, પણ તેમાં અત્યંત કડવી હકીકત દર્શાવવામાં આવી છે.

જીબલીની ફિલ્મ્સ ઘણીવાર એવાં વિષયોને સ્પર્શે છે, જે બાળકો અને મોટેરાઓ સૌ માટે મહત્ત્વ ધરાવે છે. ૨૦૦૮માં આવેલી 'પોન્યો' જેવી ફિલ્મ એક સમુદ્રની માછલી અને એક છોકરા વચ્ચેના નિર્દોષ પ્રેમ વિશે છે. આ ફિલ્મ પ્રેમ ઉપરાંત કુદરત અને માનવજાત વચ્ચેના સંતુલન વિશે પણ છે.

જીબલી સ્ટુડિયોની ફિલ્મ્સ આટલા દાયકાઓમાં ખૂબ જ લોકપ્રિયતા પામી છે. આટલી બધી સફળતા છતાં, જીબલી હંમેશાં પોતાની આગવી શૈલીમાં વિશ્વાસ રાખે છે. જીબલી સ્ટુડિયોના એક સંસ્થાપક એવા હયાઓ મિયાઝાકી પોતે પણ વારંવાર એવું કહેતા આવ્યા છે કે કલાનું મૂળ મનુષ્યના દિલથી આવે છે, એને મશીન કે કળિયુગની ટેકનોલોજીથી બદલી શકાય તેમ નથી. જોકે એ જ ટેક્નોલોજીના કારણે જે લોકો જીબલી ફિલ્મ્સ વિશે નહોતા જાણતાં એમના સુધી પણ આ AI ટ્રેન્ડના કારણે જીબલીનું નામ ઑપહોંચ્યું છે.

જોકે, તાજેતરમાં AI ના આ વ્યાપક ટ્રેન્ડના કારણે પણ એક વિવાદ ઊભો થયો છે. એ છે જીબલી આર્ટની ચોરીનો. વિવિધ પ્લેટફોર્મ્સ દ્વારા જીબલીની શૈલી જેવી તસવીરો બનાવવામાં આવી રહી છે, જે સોશ્યલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ છે. એ સાથે જ જીબલીના માલિકો સહિત ઘણા કલાકારોએ અવાજ ઉઠાવ્યો છે કે આ બધું જ વગર પરવાનગીની નકલ છે, અને સર્જનાત્મકતા માટે નુકસાનદાયક છે. 'જીબલી'ના મિયાઝાકીએ આ મુદ્દે ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી છે. ૨૦૧૬માં એક ડોક્યુમેન્ટરી લોન્ચ દરમિયાન જ્યારે એમને AI દ્વારા તૈયાર કરેલી એક એનિમેટેડ ક્લિપ બતાવવામાં આવી, ત્યારે પણ એમણે કહ્યું હતું કે 'આ તો માનવજાત માટે અપમાન છે.' મિયાઝાકી માટે એનિમેશન માત્ર ટેક્નિકલ પ્રક્રિયા નથી, એ જીવંત લાગણી છે, જે માત્ર માણસ જ આપી શકે.

બીજી તરફ, ઓપન AI ના સીઈઓ સેમ અલ્ટમેન એવું માને છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તો લોકોને વ્યક્ત થવાનો મોકો આપે છે. એમનું માનવું છે કે દરેક વ્યક્તિ સર્જનાત્મકતા માટે યોગ્ય પ્લેટફોર્મ મળવાથી પોતાની શક્તિને આકાર આપી શકે છે, પણ જીબલી જેવાં સ્ટુડિયો કે જે એનિમેશન પણ હાથે બનાવે છે તેમના માટે આ પ્રકારની નકલ તેમનાં મૂલ્યો વિરુદ્ધ છે. જોકે, આજે જયારે લોકો જ જીબલી ટ્રેન્ડની મદદથી મનોરંજન મેળવી રહ્યા છે અને જીબલી સ્ટુડિયોની જ ફિલ્મ્સની વધુ નજીક જઈ રહ્યા છે ત્યારે જેમ સિનેમા જગતની ઘણી સ્ટાઇલ, સોન્ગ્સ કે ડાયલોગ્સ લોકપ્રિય થઈને દર્શકો રોજિંદા જીવનમાં વાપરે તેમ જીબલી આર્ટ પર પણ લોકોનો અધિકાર ખરો કે નહીં એ પ્રશ્ન હાલ ચર્ચામાં છે.

AIની શક્તિના સ્વીકાર સાથે એક સિનેજગતના ચાહક તરીકે તમારું શું માનવું છે? ■

**લાસ્ટ શોટ**

હયાઓ મિયાઝાકીએ બનાવેલી લેટેસ્ટ ફિલ્મ છે, 'ધ બોય એન્ડ ધ હેરોન'. એ ફિલ્મ ૨૦૨૩માં રિલીઝ થઈ હતી.

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

આ ફિલ્મનું કયું ગીત ઘોડાગાડી પર ફિલ્માવામાં આવ્યું છે?


૧) સાવન કી ઘટા
૨) નયા દૌર
૩) અંદાઝ અપના અપના
૪) હાવરા બ્રિજ
૫) ફિર વોહી દિલ લાયા હું
૬) તુમસા નહીં દેખા
૭) છોટી બહેન




## ક્વિઝ (બ)

આ ફિલ્મોમાં ક્યા પશુ- પક્ષીની ભૂમિકા મહત્ત્વની હતી અને એના હીરો કોણ હતો ?

૧) તેરી મહેરબાનિયા
૨) અજુબા
૩) મૈને પ્યાર કિયા
૪) જંગલી-૨૦૧૯
૫) કૂલી
૬) ખૂન ભરી માંગ
૭) આંખે




જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'





મહેશ નાણાવટી

# મનોજકુમારઃ દેશભક્તિ તો બાળપણથી જ !





લાલબહાદુર શાસ્ત્રી સાથે મનોજકુમાર



જેને 'મિસ્ટર ભારત'નું બિરુદ મળ્યું હતું, જેણે હિન્દી ફિલ્મોમાં દેશભક્તિનો સફળ ટ્રેન્ડ શરૂ કર્યો હતો અને જેને આજના બોલિવૂડની ચોક્કસ ગેંગને આ દેશભક્તિની મજાક બનાવવામાં બહુ રસ હતો એ મનોજકુમારે પોતાનાં બાળપણ- કિશોરવયમાં જે કંઈ જોયું છે, કદાચ એમાં જ એમની દેશદાઝના મૂળ નખાયાં હશે.

મનોજકુમારના નિધન પછી એમના વિશેની લગભગ તમામ જાણીતી વાતો દરેક મીડિયામાં રિપીટ થઈ ચૂકી છે, પરંતુ એમની અમુક વાતો જે ખાસ જાણીતી નથી, તે ખરેખર રસપ્રદ છે. મનોજકુમાર ઉર્ફે હરિક્રીષ્નગિરી ગોસ્વામીનો જન્મ ભલે પેલા ઓસામા બિન લાદેનથી જાણીતા થયેલા અબોટાબાદમાં થયો, પરંતુ એમનું કુટુંબ લાહોરમાં રહેતું હતું. મનોજકુમારની લાહોરની અમુક યાદો ખરેખર અનોખી છે.

એક વીડિયો ઈન્ટરવ્યૂમાં એ કહે છે કે ૧૯૪૬-૪૭માં જ્યારે તે માત્ર નવ-દસ વરસના હતા ત્યારે આઝાદીની લડાઈનો માહોલ હતો. શહેરમાં રોજ કોઈને કોઈ સરઘસ નીકળતું હતું. મહિલાઓનું- પુરુષોનું, પુરુષ-સ્ત્રીનું ભેગું, બાળકોનું વગેરે.

એમાં એક સરઘસ હતું, જેનો નારો હતો : 'લાલ કિલ્લે સે આઈ આવાઝ, સેહગલ, ધિલ્લોં, શાહનવાઝ...'

એ વખતે બાળક મનોજકુમારને તો ખબર પણ નહોતી કે આ લોકો કોણ છે, પરંતુ એ પોતે સરઘસમાં જોડાઈને નારા લગાવી રહ્યા હતા. એવામાં પોલીસે એમની ધરપકડ કરી લીધી! એમને બીજાઓની સાથે પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા. પોલીસે આ મનોજને બાળક સમજીને થોડો ધમકાવ્યો- થોડો સમજાવ્યો, પછી ખબર પડી કે આ તો કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિનો દીકરો છે એટલે મનોજના પિતાજીને ફોન કરવામાં આવ્યો.

ખેર, ઘરે આવ્યા પછી પિતાજીએ મનોજને પૂછ્યું કે તને ખબર છે આ સેહગલ, ધિલ્લોં, શાહનવાઝ કોણ છે? મનોજે કહ્યું મને શી ખબર? ત્યારે પિતાજીએ કહાણી સંભળાવી કે સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફૌજમાં જે ત્રણ શૂરવીર કેદીઓને અંગ્રેજોએ કેદ કર્યા હતા એમનાં આ નામ હતાં, જેમને લાલ કિલ્લામાં રાખેલા હતાં. એમની વિરુદ્ધ જે કેસ ચાલી રહ્યો હતો તે સરદાર વલ્લભભાઈ પટેલ લડી રહ્યા હતા.!

આ પહેલું ભણતર હતું ભારતની દેશભક્તિ વિશે, પરંતુ એ પછી કોમી રમખાણો શરૂ થઈ ગયા. ચારેબાજુ 'અલ્લાહ અકબર' અને 'હર હર મહાદેવ'ના નારા સંભળાતા હતા. કત્લેઆમ શરૂ થઈ ગઈ હતી. મનોજકુમારના પિતાજી તે સમયે લાહોરની શાંતિ સમિતિના પ્રમુખ હતા. કોઈપણ હિંસક ઘટનાની ખબર આવે તો પિતાજીને દોડવું પડતું હતું.

ખેર, એ પછી એમને લાહોર છોડવું પડ્યું. એમનું કુટુંબ દિલ્હીના રેફ્યુજી કેમ્પમાં એ જ ઠેકાણે. એટલે કે લાલ કિલ્લા પાસે રહેતું હતું, જેના નારા એકાદ વરસ પહેલા મનોજે માસૂમિયત સાથે લાહોરની સડકો ઉપર લગાવ્યા હતા.

એ સમયે એક વિચિત્ર ઘટના બની. મનોજકુમાર કહે છે કે તે રેફ્યુજી કેમ્પમાં ગાંધીજી આવ્યા હતા. તે સમયે અમુક લોકોનું માનવું હતું કે આ ભાગલા ગાંધીજીને કારણે થયા છે અને ગાંધીજી પાકિસ્તાનની વધારે પડતી તરફેણ કરી રહ્યા છે તો જ્યારે ગાંધીજી રેફ્યુજી કેમ્પમાંથી બહાર થઈ રહ્યા હતા ત્યારે અમુક લોકોએ પથ્થરબાજી કરી.

એ ઘટના યાદ કરતા મનોજકુમાર કહે છે કે ઉંમરે હું નાદાન હતો અને એ પથ્થરબાજોના જૂથમાં સામેલ પણ હતો! બીજા દિવસે ત્યાં જવાહરલાલ નહેરુ આવવાના હતા. એક ટેન્ટમાં જ્યાં કામચલાઉ હોસ્પિટલ હતી ત્યાં પિતાજીની ઓળખાણથી મનોજ પણ પહોંચી ગયો. જવાહરલાલે પૂછ્યું : 'તેં પણ પથ્થર માર્યા હતા?' મનોજે સાચું જ કહ્યું : 'ના મેં પથ્થર નહોતા માર્યા. પણ હા, હું એમની સાથે હતો.' જવાહરલાલે બહુ પ્રેમથી કહ્યું : 'તો બેટા, હવે એવા લોકોનો સાથ છોડી દેવો જોઈએ.'

આ લાલ કિલ્લાના કેમ્પમાં મનોજે જવાહરલાલને વારંવાર બહુ નજીકથી જોયા હતા. જોકે એક ઘટના તો મનોજકુમાર આજે પણ ભૂલી શકતા નથી. ઘટના એવી હતી કે એમના પિતાજીના નાના ભાઈ, યાને કે મનોજકુમારના કાકાની દિલ્હીમાં જ હત્યા થઈ ગઈ!

એ રાત્રે મનોજે જોયું કે પિતાજીએ રીતસર દીવાલમાં માથું ઠોકીને પોક મુકી હતી. મોડી રાત્રે અંતિમક્રિયા પતાવીને પાછા આવ્યા પછી લગભગ ત્રણ વાગે પિતાજીએ મનોજને જગાડીને કહ્યું કે 'બેટા, સ્નાન કરી લો.'

અહીં રેફ્યુજી કેમ્પમાં સ્નાન પણ ક્યાં કરવું? અહીં કેમ્પમાં બાથરૂમો થોડા હોય? મનોજે ક્યાંક ખુલ્લામાં રાત્રે ત્રણ વાગે સ્નાન કર્યું.

જોકે, સૌથી આશ્ચર્યજનક ઘટના બીજા દિવસે બની. મનોજકુમાર કહે છે 'એ કદાચ ૧૬મી ઑગસ્ટ હતી કે ૧૭મી ઑગસ્ટ... જે મારા કાકાની હત્યા પછીનો બીજો જ દિવસ હતો. તે દિવસે જવાહરલાલ નહેરુ ત્યાં લાલ કિલ્લામાં આવ્યા હતા અને એમણે ત્યાં તિરંગો ફરકાવ્યો. બહુ મોટી મેદની ભેગી થઈ હતી, જેમાં દસેક વરસનો મનોજ પણ હતો. એ વખતે જવાહરલાલે જે ભાષણ કર્યું તેનો એક શબ્દ પણ નાનકડા મનોજને સમજાયો નહોતો, પરંતુ એણે જોયું કે એના પિતાજી ભાષણના એકેએક વાક્ય પર તાળીઓ વગાડી રહ્યા હતા! એ ખુશ હતા. 'જયહિંદ... જયહિંદ...'ના નારા લગાવી રહ્યા હતા!

મનોજને સમજાતું નહોતું કે આ કઈ જાતની લાગણી છે? આગલી રાત્રે જે માણસ પોતાના નાનાભાઈની હત્યા જોઈને દીવાલમાં માથું પછાડી રહ્યો હતો એ જ માણસ આજે આટલો જોશમાં છે?

સભા વિખરાઈ પછી એક નાનકડી ઘટના તો એનાથી પણ અનોખી હતી. ભીડમાંથી છૂટા પડયા પછી નાના મનોજે એક ઠેકાણેથી બે- ત્રણ ગ્લાસ પાણી પીધું, પેલા પાણીવાળા માણસે પૈસા માગ્યા! મનોજને નવાઈ લાગી. કેમકે લાહોરમાં એ લોકો પાણીની પરબ લગાવતા હતા. પાણીના તો કંઈ પૈસા હોતા હશે? એવામાં પિતાજી આવ્યા. મનોજે કહ્યું, 'આ માણસ પાણીના પૈસા માગે છે!'

જરા વિચારો, પિતાજીએ શું જવાબ આપ્યો હશે? એમણે કહ્યું 'બેટા, આપી દો. આઝાદી માટે આપણે એનાથી પણ મોટી મોટી કિંમતો ચૂકવી છે.' કદાચ આ જ સંસ્કારો હતા, જેના કારણે મનોજકુમારમાંથી આપણને 'મિસ્ટર ભારત' મળ્યા,જેમની દેશભક્તિની ફિલ્મોમાં ઈમાનદારી અને સચ્ચાઈનો રણકો હતો. ■

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**




# દિલ્હીનો વિજયી ચોક્કો, રાહુલ અણનમ ૯૩ રન સાથે મૅચ-વિનર

## અક્ષર પટેલની ટીમનો હવે રવિવારે મુંબઈ સામે મુકાબલો

બેંગલૂરુ: દિલ્હી કૅપિટલ્સ (ડીસી)એ આજે અહીં યજમાન રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ને છ વિકેટે હરાવીને 'વિજયનો ચોક્કો' માર્યો હતો. અક્ષર પટેલના સુકાનમાં આ વખતે પહેલી ચારેય મૅચ જીતનારી આ પ્રથમ ટીમે ૧૬૪ રનનો સાધારણ લક્ષ્યાંક ૧૭.૫ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૧૬૯ રનના ટોટલ સાથે મેળવી લીધો હતો.

દિલ્હીના ટોચના ત્રણેય બૅટર તેમ જ સુકાની અક્ષર પટેલ (૧૫ રન) પણ લાંબી ઇનિંગ્સ નહોતો રમી શક્યો, પરંતુ ધાર્યા મુજબ ચોથા નંબરે રમનાર કેએલ રાહુલ (૯૩ અણનમ, ૫૩ બૉલ, છ સિક્સર, સાત ફોર) તથા ટ્રિસ્ટેન સ્ટબ્સ (૩૮ અણનમ, ૨૩ બૉલ, એક સિક્સર, ચાર ફોર)ની જોડીએ દિલ્હીને વિજય અપાવી જ દીધો હતો. રાહુલ સાત રન માટે સદી ચૂક્યો હતો, પણ દિલ્હી માટે તે મૅચ-વિનિંગ રમ્યો હતો. રાહુલ-સ્ટબ્સ વચ્ચે પાંચમી વિકેટ માટે પંચાવન બૉલમાં ૧૧૧ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

એ પહેલાં, રજત પાટીદારની આરસીબી ટીમે સાત વિકેટે ૧૬૩ રન કર્યા હતા.

દિલ્હીની હવે રવિવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) દિલ્હીમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે મૅચ રમાશે. આરસીબી એ જ દિવસે બપોરે જયપુરમાં રાજસ્થાન સામે રમશે. ■

# કોણીના ફ્રૅક્ચરને લીધે ઋતુરાજ આઉટ: ધોની ફરી કૅપ્ટન

## ગાયકવાડને એલ્બૉ ગાર્ડ વગર રમવા બદલ ઈજા, ફ્રૅક્ચર થયા પછી પણ બે મૅચ રમ્યો



ચેન્નઈ: ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને મોટો ઝટકો લાગ્યો છે. કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડને કોણીમાં ફ્રૅક્ચર થયું હોવાથી આઇપીએલની આ સીઝનની બહાર થઈ ગયો છે અને તેની ગેરહાજરીમાં ભૂતપૂર્વ કૅપ્ટન અને સીએસકેને પાંચ ટાઇટલ જિતાડનાર મહેન્દ્રસિંહ ધોની સીએસકેનું સુકાન સંભાળશે.

સીએસકેના હેડ-કોચ સ્ટીફન ફ્લેમિંગે કહ્યું, 'અમારી ટીમમાં એક અનકૅપ્ડ પ્લેયર છે અને એ છે એમએસ ધોની જે આઇપીએલની બાકીની મૅચોમાં ટીમનું નેતૃત્વ સંભાળશે.'

સીએસકેની આજે (શુક્રવારે) કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે મૅચ છે અને એ મૅચથી મેદાન પર ફરી ધોની સુકાન સંભાળતો જોવા મળશે.

આ પહેલાં, ૪૩ વર્ષના ધોનીએ ૨૦૦૮ની પ્રથમ સીઝનથી ૨૦૨૩માં સીએસકેને પાંચમી ટ્રૉફી અપાવી ત્યાં સુધી સીએસકેનું સુકાન સંભાળ્યું હતું. ૨૦૨૪માં તેણે ગાયકવાડને નેતૃત્વની જવાબદારી સોંપી હતી.

ઋતુરાજ ૩૦મી માર્ચે રાજસ્થાન સામેની મૅચમાં એલ્બૉ ગાર્ડ વગર રમ્યો હતો. તેને તુષાર દેશપાંડેનો બૉલ કોણી પર વાગ્યો હતો. એમ છતાં ઋતુરાજ રમતો રહ્યો હતો અને તેણે એ મૅચમાં ૬૩ રન કર્યા હતા. ત્યાર પછી તે દિલ્હી તથા પંજાબ સામેની મૅચમાં પણ રમ્યો હતો જેમાં તેણે અનુક્રમે પાંચ તથા એક રન બનાવ્યા હતા. પાંચ મૅચમાં તેના નામે ૧૨૨ રન છે જે સીએસકેના બૅટ્સમેનોમાં બીજા નંબરે છે. ૨૦૨૪માં સીએસકે વતી સૌથી વધુ રન ઋતુરાજે જ કર્યા હતા.

ફ્લેમિંગે પત્રકારોને કહ્યું હતું કે 'અમે ઋતુરાજની કોણીનો એક્સ-રે કરાવ્યો હતો જેમાં ઈજા વિશે સ્પષ્ટ જાણકારી નહોતી મળી શકી. ત્યાર બાદ અમે એમઆરઆઇ કરાવ્યું જેમાં તેને કોણીમાં ફ્રૅક્ચર હોવાનું જણાયું હતું.'

સીએસકેની ટીમ હાલમાં નાજુક સ્થિતિમાં છે. આ ટીમ પાંચમાંથી ચાર મૅચ હારી ચૂકી છે. ■

# આઇપીએલની કૉમેન્ટરીમાં કાચિંડાના નામે રાયુડુ-સિદ્ધુ વચ્ચે બબાલ




નવી દિલ્હી: ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) અને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ના ભૂતપૂર્વ બૅટ્સમૅન અને આઇપીએલના છ ટાઇટલ જીતી ચૂકેલા અંબાતી રાયુડુ તથા નવજોત સિદ્ધુ વચ્ચે તાજેતરમાં પંજાબ અને ચેન્નઈ વચ્ચેની મૅચ દરમ્યાન કૉમેન્ટરી બૉક્સમાં ઘર્ષણ થયું હતું જેમાં તેમણે એકમેકને કાચિંડો કહીને ઓળખાવ્યા હતા.

સિદ્ધુ જે ટીમને સપોર્ટ કરતો હોય એમાં ફેરફાર કરીને બીજી ટીમ પ્રત્યે વફાદારી વ્યક્ત કરતો હોય છે એવો રાયુડુનો આક્ષેપ હતો. એવું કહીને રાયુડુએ સિદ્ધુને (રંગ બદલવા માટે જાણીતા) કાચિંડા તરીકે ઓળખાવ્યો હતો.

રાયુડુ બોલ્યો, 'પાજી, જૈસે ગિરગિટ (કાચિંડો) રંગ બદલતા હૈ વૈસે આપ ટીમ બદલતે હો.'

આવું બોલીને રાયુડુ હસ્યો હતો. સિદ્ધુએ પ્રતિક્રિયામાં રાયુડુને કડક શબ્દોમાં જવાબ આપ્યો હતો. સોશિયલ મીડિયામાં સિદ્ધુનો આ પ્રત્યુત્તર વાઇરલ થયો છે.

સિદ્ધુ બોલ્યો, 'તમે જે કહી રહ્યા છો એ બિલકુલ ખોટી વાત છે. ગિરગિટ (કાચિંડો) અગર કિસી કા આરાધ્યદેવ હૈ તો વો તુમ્હારા હૈ.'

ભારતના ભૂતપૂર્વ ઓપનિંગ બૅટ્સમૅન સિદ્ધુનું એવું કહેવું હતું કે અંબાતી રાયુડુના આઇડલ (આદર્શ)ને કાચિંડા તરીકે ઓળખાવ્યા હતા.

રાયુડુ માટે એમએસ ધોની આઇડલ છે અને સિદ્ધુએ ધોનીને કાચિંડા તરીકે ઓળખાવ્યો કે શું? એવી સોશિયલ મીડિયામાં ચર્ચા છે. ધોનીના ચાહકોએ સિદ્ધુને વખોડ્યો હતો.

રાયુડુ મોટા ભાગે સીએસકે અને એમઆઇ તરફી રહ્યો છે. જોકે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ને વખોડવામાં તેણે ક્યારેય પાછીપાની નથી કરી.

રાયુડુની કૉમેન્ટરી બૉક્સમાં સહ-કૉમેન્ટેટર સાથેની ગરમાગરમીનો આ પહેલો કિસ્સો નથી. એક વાર ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય બાંગડ સાથે તેનું ઘર્ષણ થયું હતું.

બાંગડે જ્યારે મેદાન પરની વ્યૂહરચના સંબંધમાં એમઆઇના સુકાની હાર્દિક પંડ્યાને સપોર્ટ કરવાની બાબતમાં ભૂતપૂર્વ સુકાની રોહિત શર્માના સંભવિત રોલ વિશે મંતવ્ય આપ્યું ત્યારે રાયુડુએ એ મંતવ્ય સાથે અસહમતી દર્શાવતા કહ્યું હતું કે 'હાર્દિકને કોઈ સહાયતાની જરૂર જ નથી હોતી. કૅપ્ટનને તેની રીતે જ નેતૃત્વ સંભાળવા દેવું જોઈએ.' ■

# ગુજરાતનો કેપ્ટન ગિલ કહે છે કે 'અમે ૨૨૦ રન તો કોઈ પણ દિવસે બનાવી શકીએ'

અમદાવાદ: ગુજરાત ટાઇટન્સે (૨૦ ઓવરમાં ૨૧૭/૬) બુધવારે રાજસ્થાન રોયલ્સ (૧૯.૨ ઓવરમાં ૧૫૯/૧૦)ને ૫૮ રનના તોતિંગ માર્જિનથી હરાવીને સતત ચોથો વિજય મેળવ્યો હતો અને પોઇન્ટ્સ-ટેબલમાં આઠ પોઇન્ટ સાથે મોખરાનું સ્થાન મેળવી લીધું ત્યાર પછી ગુજરાતના કેપ્ટન શુભમન ગિલે મૅચ પછી કહ્યું હતું કે 'સાઇ સુદર્શન ખૂબ ટેલન્ટેડ બૅટ્સમૅન છે. તેણે જૉસ બટલર સાથે ૮૦ રનની ભાગીદારી કરીને વિજયનો પાયો નાખ્યો હતો. મને અમારા બૅટ્સમેનો પર એટલો બધો ભરોસો છે કે અમે ૨૨૦ રન તો કોઈ પણ દિવસે બનાવી શકીએ.'

બીજી તરફ, રાજસ્થાનની ટીમ પાંચમાંથી હવે ત્રણ મૅચ હારી છે અને ટેબલમાં એક સાતમા સ્થાને છે.

જીટીનો ઓપનર અને મૅન ઑફ ધ મૅચ બી. સાઈ સુદર્શન (૮૨ રન, ૫૩ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર) પાંચ મૅચમાં ત્રીજી અડધી સદી ફટકારીને આઈપીએલની આ સીઝનના તમામ બૅટ્સમેનોમાં બીજા નંબરે છે. તેણે કુલ ૨૭૩ રન કર્યા છે. પ્રથમ ક્રમે લખનઊનો નિકોલસ પુરન (૨૮૮ રન) તેનાથી માત્ર ૧૫ રન આગળ છે.

સુદર્શને બે અફલાતૂન કૅચ પણ ઝીલ્યા હતા.જીટીના વિજયમાં પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના (૪-૦-૨૪-૩)નું પણ મહત્ત્વનું યોગદાન હતું.

ખરેખર તો જીટીના તમામ છ બોલરને વિકેટ મળી હતી. ક્રિષ્ના ઉપરાંતના બીજા પાંચ બોલરના પર્ફોર્મન્સ આ મુજબ હતા રાશીદ ખાન (૪-૦-૩૭-૨), સાઈ કિશોર (૨.૨-૦-૨૦-૨), અર્શદ ખાન (૨-૦-૧૯-૧), મોહમ્મદ સિરાજ (૪-૦-૩૦-૧) અને કુલવંત ખેજરોલિયા (૩-૦-૨૯-૧). ■

# પાકિસ્તાન ક્રિકેટમાં નવી બબાલ, રિઝવાને ક્રિકેટ બોર્ડને કૅપ્ટન્સી છોડવાની ધમકી આપી



કરાચી: વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારત સામેની નાલેશી સાથે ટૂર્નામેન્ટમાંથી વહેલા બહાર ફેંકાઈ જવાની નામોશી બાદ પાકિસ્તાનની ક્રિકેટ ટીમ ન્યૂ ઝીલૅન્ડમાં ટી-૨૦ સિરીઝ ૧-૪થી અને વન-ડે સિરીઝ ૦-૩થી હારી ગઈ એને પગલે પાકિસ્તાન ક્રિકેટમાં નવેસરથી બબાલ થઈ છે. ખાસ કરીને કૅપ્ટન મોહમ્મદ રિઝવાન ન્યૂઝમાં વાઇરલ થયો છે, કારણકે તેણે ક્રિકેટ બોર્ડને કૅપ્ટન્સી છોડી દેવાની ધમકી આપી છે.

રિઝવાનને ખરેખર તો ગયા મહિને ટી-૨૦ ટીમમાંથી કાઢી મૂકવામાં આવ્યો એ બદલ નારાજગી છે. ન્યૂ ઝીલૅન્ડમાં સલમાન આગાના સુકાનમાં પાકિસ્તાનની ટીમ પાંચમાંથી એક જ મૅચ જીતી હતી અને બીજી ચાર મૅચ હારી ગઈ હતી. એશિયાની એક જાણીતી વેબસાઇટના અહેવાલ મુજબ કિવીઓ સામેની ટી-૨૦ શ્રેણી માટેની ટીમમાં સમાવેશ ન કરાતાં રિઝવાન નારાજ છે અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના પ્રમુખ મોહસિન નકવીને આ સંબંધમાં મળીને વાતચીત કરવા માગે છે.

કહેવાય છે કે રિઝવાન ટીમ સિલેક્શનમાં વધુ સત્તા માગે છે અને જો એ નહીં મળે તો પોતાને કૅપ્ટનપદે રહેવામાં કોઈ જ રસ નથી એવું તે પીસીબીને કહી દેવા માગે છે.

પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)ની આગામી સીઝનની ટીમોના કૅપ્ટનોને લગતી પત્રકાર પરિષદમાં રિઝવાનને પાકિસ્તાનની ટીમના તાજેતરના પર્ફોર્મન્સ વિશે પૂછવામાં આવ્યું ત્યારે રિઝવાને કહ્યું કે 'બધા જાણે છે કે શું ચાલી રહ્યું છે.'

ટી-૨૦ ટીમના સુકાનીપદેથી પોતાને હટાવવામાં આવ્યો એ વિશે પુછાતાં રિઝવાને કહ્યું, 'એ વિશે હું કંઈ જ ન કહી શકું. મને એ વિશે ન તો કોઈ જાણકારી અપાઈ હતી કે ન કંઈ પૂછવામાં આવ્યું હતું. આ તેમનો (પીસીબીનો) નિર્ણય હતો જે અમારે અગાઉની જેમ સ્વીકારવાનો હતો.' ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.


વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| डो. विद्या | સાધના |
| गृहस्थी | વૈજ્યંતિમાલા |
| वो कौन थी | નૂતન |
| यादगार | શર્મિલા ટાગોર |
| सावन की घटा | રાજશ્રી |

## ઓળખાણ પડી?



રાજકુમાર અને વહીદા રેહમાન સાથેની મનોજ કુમારની ફિલ્મની ઓળખાણ પડી? ફિલ્મમાં બલરાજ સાહનીએ પણ કામ કર્યું હતું.

અ) શહીદ બ) સાવન કી ઘટા ક) બુલંદી ડ) નીલકમલ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ષ્ટા | ૨ વ | ૩ ક્ર | ■ | ૪ અ | ૫ જ | ૬ મા | ય | ૭ શ |
| ગ | ■ | ૮ ગ | મા | ૯ અ | ણ | ગ | મા | ■ | ય |
| ૧૦ મ | ૧૦અ દ | ■ | ૧૧ નુ | ત | ન | ■ | ■ | ૧૨ ખ | તા |
| ૧૩ નિ | ધિ | ■ | ૧૪ સા | લ | મ | ૧૫ પા | ક | ■ | ન |
| ગ | ■ | ૧૬ હ | ર | સ | ■ | ર | ■ | ૧૭ સ | ■ |
| ૧૮ મ | ૧૯ ઝા | ર | ■ | ■ | ૨૦ પ | દ | ૨૧ વી | દા | ૨૨ ન |
| ■ | ૨૩ ક | ણ | કી | ■ | ૨૪ દ | ર્શ | ક | ■ | ક |
| ૨૫ ગ | ળ | ફા | ■ | ૨૬ આ | ■ | ૨૭ ક | લી | ૨૮ કા | લ |
| વા | ■ | ળ | ■ | ૨૯ હ | ૩૦ જુ | ■ | ■ | મ | ■ |
| ૩૧ ક્ષ | તિ | ■ | ૩૨ ફ | ત | ન | દે | વા | ળિ | યો |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ | |
| | ■ | | ■ | ૭ | ૮ | ■ | ૯ | | ■ |
| ૧૦ | | | ૧૧ | ■ | | ■ | ૧૨ | | ૧૩ |
| | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | ■ | ૧૭ | |
| ■ | ૧૮ | ■ | ૧૯ | | ૨૦ | | | ■ | |
| ૨૧ | | ૨૨ | ■ | ૨૩ | | | ■ | ૨૪ | |
| | ■ | ૨૫ | | | ■ | ■ | ૨૬ | | |
| ૨૭ | | | ■ | ■ | ૨૮ | ૨૯ | ■ | | ■ |
| | ■ | ૩૦ | | ૩૧ | ■ | ૩૨ | | | ૩૩ |
| | ■ | ૩૪ | | | | | ■ | ૩૫ | |

### આડી ચાવી

૧. લોકોમાં પ્રિય હોવું તે (૫)
૪. નાનું ભોંયરું, નાનું ખાનું (૪)
૭. શંકા (૨)
૯. નાપાસ (અં.) (૨)
૧૦. દુખાવો (૪)
૧૨. ભૂંડી હાર (૩)
૧૪. ખોખું, બાંધો, ઢાંચો, સંરચના (૩)
૧૭. તરેહ, પદ્ધતિ, રૂઢિ, ધારો (૨) (જો. છૂ.)
૧૯. ચર્ચા, સામસામે સવાલજવાબ (૫)
૨૧. બાળપણમાં આપણે રમતા (૩)
૨૩. ઝઘડા કરાવનાર બ્રહ્મર્ષિ (૩)
૨૪. --- તે વહુના હાથમાં રૂમાલ (૨) (જો.છૂ.)
૨૫. કાલિમાતાના હાથમાં--- હોય (૩)
૨૬. એક વેદમંત્ર (૩)
૨૭. અશક્ત, કમજોર (૩)
૨૮. નશો, તોર, મિજાજ (૨)
૩૦. 'ખોતરવું'નું આજ્ઞાર્થ (૩)
૩૨. શિલ્પી દાનવ (૪)
૩૪. રમતમાં મનવાળું (૫)
૩૫. એક જાતનું અત્તર (૨)

### ઊભી ચાવી

૧. દંતકથા, લોકોમાં પ્રચલિત વાત (૪)
૨. પ્રિયા, માશુકા (૪)
૩. ગંજીપાનાં પાનાં (૨)
૫. એક વિચરતી જાતિ (૩)
૬. બાળકનો રમવાનો અવાજ (૪)
૮. ક્યારેય (૨)
૧૧. કમાવા (૩)
૧૩. યમરાજ પાસેથી પતિને છોડાવનાર (૨,૩)
૧૫. ખોળાનો ---, ઘોને રન્નાદે (૪)
૧૬. પંચ, મધ્યસ્થી (૩)
૧૮. જીભથી સ્વાદ પારખો (૨)
૨૦. બહાદુર (જો. છૂ.) (૨)
૨૧. આ સમયે ઘણાં લગ્ન થાય (૫)
૨૨. ટીખળ કરનાર (૫)
૨૪. આંખોનો આનંદ (૫)
૨૯. લક્ષ્મીજીનું આસન (૩)
૩૧. સંભોગ, સંવનન (૨)
૩૩. --- લેવો એટલે જાણવાની ઇચ્છા હોવી (૨)

## ગુજરાત મોરી મોરી રે

મનોજ કુમારના પુત્ર કુણાલ ગોસ્વામીએ પણ ફિલ્મોમાં એક્ટિંગ કરી હતી. કઈ ફિલ્મમાં શ્રીદેવી કુણાલની હિરોઈન હતી એ કહી શકશો?

અ) કલાકાર બ) ક્લર્ક ક) સદમા ડ) વિષકન્યા

## જાણવા જેવું

મનોજ કુમારનું અસલી નામ હરિકૃષ્ણગિરી ગોસ્વામી હતું. ફિલ્મોના શોખીન હતા અને દિલીપ કુમાર, અશોક કુમાર અને કામિની કૌશલના પ્રશંસક હતા. ફિલ્મોમાં પદાર્પણ કર્યું ત્યારે દિલીપ કુમારની ફિલ્મ 'શબનમ'થી પ્રભાવિત હોવાથી તેમણે પડદા પર મનોજ કુમાર નામ ધારણ કરી લીધું હતું. 'શબનમ'માં દિલીપ કુમારના પાત્રનું નામ મનોજ કુમાર હતું.

## સુડોકુ-૮૦૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૬ | | | | | |
| ૫ | | | | | | ૨ | ૭ | ૮ |
| ૧ | | | | ૮ | | ૬ | | |
| ૪ | | ૮ | | ૯ | | ૩ | | |
| | | | ૫ | | ૭ | | | |
| | | ૫ | | ૩ | | ૯ | | ૨ |
| | | ૩ | | ૪ | | | | ૧ |
| ૮ | ૯ | ૬ | | | | | | ૪ |
| | | | | | ૫ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૮૦૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૪ | ૫ | ૭ | ૨ | ૮ | ૬ | ૩ |
| ૫ | ૮ | ૭ | ૬ | ૩ | ૪ | ૯ | ૨ | ૧ |
| ૬ | ૨ | ૩ | ૧ | ૯ | ૮ | ૫ | ૭ | ૪ |
| ૩ | ૬ | ૫ | ૨ | ૮ | ૯ | ૧ | ૪ | ૭ |
| ૨ | ૭ | ૯ | ૪ | ૧ | ૬ | ૩ | ૮ | ૫ |
| ૮ | ૪ | ૧ | ૩ | ૫ | ૭ | ૬ | ૯ | ૨ |
| ૯ | ૧ | ૮ | ૭ | ૪ | ૫ | ૨ | ૩ | ૬ |
| ૪ | ૩ | ૨ | ૯ | ૬ | ૧ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૫ | ૬ | ૮ | ૨ | ૩ | ૪ | ૧ | ૯ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

વહીદા રેહમાન અને મુમતાઝ એ બે હિરોઈન સાથે મનોજ કુમારે કઈ ફિલ્મમાં કામ કર્યું હતું એ આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) પિકનિક બ) અનિતા ક) બલિદાન ડ) પત્થર કે સનમ

## નોંધી રાખો

સફળતા મેળવવાની અનેક ચાવીમાંની એક ચાવી છે નદીની જેમ બિન્ધાસ્ત વહેતા રહેવું, પણ વળાંકોને અનુકૂળ થઈને રહેતા શીખવું.

## માઈન્ડ ગેમ

મનોજ કુમારે તેમની કારકિર્દી દરમિયાન વિવિધ કલાકાર સાથે કામ કર્યું. દિલીપ કુમાર સાથે તેમણે કઈ ફિલ્મમાં રોલ કર્યો હતો એ કહી શકશો?

અ) ઉપકાર બ) ફેશન ક) આદમી ડ) યાદગાર

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| काख | બગલ |
| ठोडी | હડપચી |
| बांह | હાશ |
| रीढ | કરોડરજ્જુ |
| सीना | છાતી |

**ગુજરાત મોરી મોરી રે**
કચ્છ એક્સપ્રેસ

**ઓળખાણ પડી?**
એલિઝાબેથ ટેલર

**માઈન્ડ ગેમ**
શિકાર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
તેરે ઘર કે સામને

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) ધીરેન ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) વિભા મહેશ્વરીપ (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મહેશ દોશી (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) નુતન વિપીન (૧૬) પુષ્પા પટેલ (૧૭) ભારતી બુચ (૧૮) મુલરાજ કપૂર (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) લજિતા ખોના (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) પુષ્પા ખોના (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) ભાવના કર્વે (૩૦) સુભાષ મોમાયા (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) અલકા વાણી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નિતિન બજરિયા (૪૧) પુષ્પા ખોના (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) અરવિંદ કામદાર (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) ઝરા હોલે હોલે ચલો મોરે સજના ૨) માંગ કે સાથ તુમ્હારા મૈને માંગ લિયા સંસાર ૩) ચેલો, ચેલોજી સનમ હમ આ ગયે આજ ફિર... ૪) યે ક્યાં કર ડાલા તુને દિલ તેરા હો ગયા હસી હસી.. ૫) બંદા પરવર થામ લો જીગર બન કે પ્યાર ફિર... ૬) યુ તો હમને લાખ હસી દેખે હૈ તુમસા નહીં દેખા... ૭) મૈં રંગીલા પ્યાર કા રાહી દૂર મેરી મંજિલ..

**ક્વિઝ (બ)** ૧) કૂતરું- જેકી શ્રોફ ૨) ડોલ્ફીન - અમિતાભ બચ્ચન ૩) કબૂતર- સલમાન ખાન ૪) હાથી - વિદ્યુત જામવાલ ૫) બાઝ - અમિતાભ બચ્ચન ૬) ઘોડો - રાકેશ રોશન ૭) વાંદરો - ગોવિંદા

# લોકોને કચરો નાખતા રોકવા નાળાની બંને બાજુ જાળી લાગશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસાના આગમન પહેલા મુંબઈના નાનાં-મોટાં નાળા તથા ગટરોની સફાઈ પૂરી કરવાની છે ત્યારે ડેડલાઈનને પહોંચી વળવા કૉન્ટ્રેક્ટરો કામચોરી ન કરે તે માટે નાળાસફાઈ દરમ્યાન સંબંધિત એન્જિનિયરોએ વ્યક્તિ રીતે સાઈટ પર હાજરી પુરાવીને કામનો અહેવાલ લેવાનો નિર્દેશ પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે આપ્યો છે. એ સાથે જ નાળાની આસપાસમાં રહેતા લોકો તેમાં કચરો ફેંકે નહીં તે માટે તેમને રોકવા નાળાની બંને બાજુએ શક્ય એટલી વહેલી તકે જાળી બેસાડવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો.

ચોમાસા દરમ્યાન પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થાય નહીં તે માટે દર વર્ષની માફક આ વર્ષે પણ મુંબઈમાં ચોમાસા પહેલાના કામના ભાગ રૂપે નદી-નાળાની સફાઈનું કામ માર્ચ મહિનાથી ચાલુ કરી દેવામાં આવ્યું છે. ગુરુવારે એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે પરામાં ઘાટકોપર (પૂર્વ)માં છેડા નગર જંકશન નજીકનું સોમૈયા નાળું, કુર્લા સ્થિત માહુલ ખાડી નાળું, શિવડી-ચેંબુર રસ્તા પરની માહુલ ખાડી નાળું, વડાલામાં રાવળી નાળું, કુર્લા (પૂ)માં નહેરુનગર નાળું, ધારાવી ટી જંકશન ખાતે દાદર-ધારાવી નાળાની સાથે જ બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સમાં આવેલી મીઠી નદીની સફાઈનાં કામનું ઈન્સ્પેકશન કર્યું હતું.

## તત્કાળ જાળી બેસાડો

ધારાવી ટી જંકશનમાં દાદર-ધારાવી નાળાની એક બાજુએ બે માળના ઘર, દુકાનો, કમર્શિયલ બાંધકામ આવેલા છે. અહીંથી ઘરનો તથા કમર્શિયલ કચરો નાળામાં ફેંકવામાં આવે છે. તેથી નાળાની સફાઈ બાદ પણ નાળામાં સતત કચરો રહેતો હોવાને કારણે અનેક વખત નાળાની સફાઈ કરવી પડે છે. છતાં કચરો ઉપર તરતો રહે છે અને ચોમાસામાં વરસાદના પાણીનો પ્રવાહ નાળામાં જતો નથી અને પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. તેથી જ્યાં નાળાની આજુબાજુ બાંધકામ હોય ત્યાં તાત્કાલિક ધોરણે જાળી બેસાડવાનો નિર્દેશ બાંગરે આપ્યો હતો. ■



## ઘાટકોપરમાં પૂરની સ્થિતિથી રાહત મળશે

સોમૈયા નાળામાં ઘાટકોપરના જુદા જુદા વિસ્તારમાં આવેલી ડ્રેનેજ લાઈનમાંથી વરસાદી પાણી ઠલવાતું હોવાની માહિતી આપતા સંબંધિત અધિકારીએ જણાવ્યું હતું કે ઘાટકોપર (પશ્ચિમ)માં હાલ પરિસ્થિતિ એવી છે કે ભારે વરસાદ દરમ્યાન અનેક વખત પાણી ભરાઈ જતાં હોય છે અને તે પાણી રેલવે ટ્રેક પર આવતા હોય છે અને રેલ સેવાને ફટકો પડતો હોય છે સાંકડી ડ્રેનેજ લાઈનને કારણે વરસાદની પાણીનો યોગ્ય રીતે નિકાલ થઈ શકતો નથી. તેથી ઘાટકોપર (પશ્ચિમ)માં આવેલા જોલી જીમખાના પાસે ૦.૯ મીટર પહોળા રસ્તાને લાગીને આવેલા બોક્સ ડ્રેનની ક્ષમતા વધારીને ૧.૨ મીટરની કરવામાં આવવાની છે, તેમ જ મેઘરાજ જંકશન પાસે હાલ ૧.૨ મીટર પહોળા બોક્સ ડ્રેઇનની જગ્યાએ નવા બે મીટર પહોળા બોક્સ ડ્રેઇન બંધાશે.

## કુર્લામાં અંડરગ્રાઉન્ડ ટાંકી બનાવાશે

કુર્લા નીચાણવાળો વિસ્તાર હોવાથી ચોમાસા દરમ્યાન અહીં મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાતાં હોય છે. કુર્લાના પાણી માહુલ ખાડીમાં ઠલવાતા હોય છે. કુર્લાના અમુક નાળા માત્ર એક મીટર ઊંડા છે. તેથી ચોમાસામાં નાળામાંથી પાણી બહાર આવી જતા હોય છે. તો ભરતી દરમ્યાન વરસાદી પાણીનો નિકાલ નાળા અને ખાડીમાં થઈ શકતો ન હોવાથી આ પાણીને સ્ટોર કરવા માટે હાલ દાદર અને પરેલ સહિત સાંતાક્રુઝમાં અંડરગ્રાઉન્ડ ટાંકી બનાવવામાં આવી છે, તે મુજબ જ કુર્લા (પશ્ચિમ)માં વરસાદી પાણીનો સ્ટોર કરવા અને વરસાદી પાણીનો નિકાલ કરવા માટે યંત્રણા અંડરગ્રાઉન્ડ ટાંકી બનાવાશે અને સાથે જ વધારાનું પંપિંગ સ્ટેશન અહીં ઊભું કરવામાં આવશે.

# આજે-આવતી કાલે રાત્રે પશ્ચિમ રેલવેમાં મહાજમ્બો બ્લોકઃ ૫૦૦ ટ્રેન રદ થશે

## માહિમ-બાન્દ્રા વચ્ચે બ્રિજના રિ-ગર્ડરિંગને કારણે બે નાઈટ બ્લોકઃ પ્રવાસીઓને ભારે હાલાકી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં માહિમ અને બાન્દ્રા સ્ટેશન વચ્ચે ૨૦ નંબરના બ્રિજના રિ-ગર્ડરિંગને કારણે બે વિશેષ જમ્બો બ્લોક હાથ ધરવામાં આવશે, જેથી પશ્ચિમ રેલવેમાં સબર્બન અને નોન-સબર્બનની ટ્રેનસેવા પર અસર રહેશે. માહિમ ખાતે બ્રિજના રી-ગર્ડરિંગને કારણે પશ્ચિમ રેલવેના કોરિડોરની ૫૦૦થી વધુ ટ્રેનસેવા પર અસર થશે, જેમાં ૩૩૪ ટ્રેન રદ કરવામાં આવી છે, જ્યારે ૧૮૦થી વધુ ટ્રેનને આંશિક રીતે રદ કરવામાં આવશે. શુક્રવાર-શનિવાર અને શનિવાર-રવિવારના એમ બે નાઈટ બ્લોકને કારણે મોડી રાતથી લઈને વહેલી સવારથી બપોર સુધીની ટ્રેનનું શેડયુલ ખોરવાશે, પરિણામે લોકલ ટ્રેનોમાં ટ્રાવેલ કરવાનું મુશ્કેલીભર્યું રહી શકે છે.

પશ્ચિમ રેલવેમાં માહિમસ્થિત ખાડી ખાતે બ્રિજના રિ-ગર્ડરિંગને કારણે આજે અને શનિવારે એમ કુલ મળીને ૫૧૯ ટ્રેનની સર્વિસ પર અસર થશે. આવતીકાલે રાતના સાડા નવ કલાકનો બ્લોક રહેશે. પશ્ચિમ રેલવેમાં આજે રાતના (૧૧-૧૨) અને શનિવારે (૧૨-૧૩ એપ્રિલના) વિશેષ નાઈટ બ્લોકને કારણે સેંકડો ટ્રેનસેવા પર અસર થશે. માહિમ અને બાન્દ્રા સ્ટેશનની વચ્ચે પુલના રી-ગર્ડરિંગને કારણે અનેક લોકલ ટ્રેન અને લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં કામરાનું સ્વાગત તો શિવસેના સ્ટાઈલથી થશેઃ શિવસૈનિક

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને આડકતરી રીતે ગદ્દાર કહેનારા સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા મુંબઈ આવશે ત્યારે તેનું શિવસેના સ્ટાઇલમાં સ્વાગત કરાશે, એમ શિવસેનાના નેતા રાહુલ કનાલે ગુરુવારે જણાવ્યું હતું. કામરાએ જ્યાં શો કર્યો હતો તે ખારના સ્ટુડિયોમાં ૨૩મી માર્ચે શિવસૈનિકો દ્વારા જે તોડફોડ કરાઇ હતી તેમાં અને આ પ્રકરણે કરાયેલી ધરપકડોમાં કનાલનો પણ સમાવેશ થાય છે. અમે (શિવસૈનિકો) દર સોમવાર અને ગુરુવારે પોલીસ સ્ટેશનમાં હાજરી લગાવવા આવીએ છીએ ત્યારે કામરાના હાલચાલ પણ અમે પૂછીએ છીએ. મને એવું લાગે છે કે મુંબઈ પોલીસ કામરાને અહીં લાવશે, એમ કનાલે કહ્યું હતું.

મુંબઈમાં અમારી 'અતિથિ દેવો ભવ'ની પ્રથા છે અને અમે શિવસેના સ્ટાઇલમાં તેનું સ્વાગત કરીશું', એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. બૉમ્બે હાઇ કોર્ટે મંગળવારે કામરાની તેની સામેની એફઆઇઆર રદ કરવાની અરજી પર શિવસેનાના વિધાનસભ્ય મુરજી પટેલ અને મુંબઈ પોલીસ પાસે જવાબ માગ્યો હતો અને સુનાવણી ૧૬મી એપ્રિલ સુધી મુલતવી રાખી હતી. ■

# ધારાવી રીડેવલપમેન્ટ પ્રોજેક્ટના વિકાસ માટે મીઠાના અગરોની જમીન સલામત

## ધારાવી પ્રોજેક્ટ માટે ફાળવેલી જમીન ઈસ્ટર્ન એક્સપ્રેસ-વેની પશ્ચિમ બાજુએ છે અને દાયકાઓથી સમુદ્રના સંપર્કમાં પણ નથીઃ ડીઆરપીના સીઇઓ એસવીઆર શ્રીનિવાસની સ્પષ્ટતા

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ધારાવી રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી) માટે આશરે ૨૫૬ એકર મીઠાના અગરોની જમીન ફાળવણીને મંજૂરી આપી છે. આ જમીનના ભાગો મુલુંડ, કાંજુરમાર્ગ અને ભાંડુપ સ્થિત છે, જયારે બીજી તરફ અયોગ્ય ધારાવીકરોએ ફરીથી વસવાટ કરવા માટે આ મીઠાના અગરોની જમીનોના પ્રસ્તાવિત વિકાસ સંદર્ભે પર્યાવરણીય મુદ્દો ઊભો કરી રહ્યા છે, ત્યારે ડીઆરપીના એક વરિષ્ઠ અધિકારીએ સ્પષ્ટતા કરી છે કે મીઠાના અગરાની જમીનો ઇસ્ટર્ન એક્સપ્રેસ-વેની પશ્ચિમ બાજુએ છે,જે લગભગ એક દાયકાથી સમુદ્રથી દૂર છે, અને વિકાસ માટે સંપૂર્ણપણે સલામત છે.

"વર્ષો અગાઉ, આ જમીનના ભાગને ભારતના સોલ્ટ કમિશનર દ્વારા સત્તાવાર રીતે રદ કરવામાં આવ્યા હતા. લગભગ એક દાયકાથી ત્યાં કોઈ મીઠાનું કોઇ ઉત્પાદન થઈ રહ્યું નથી. પૂર્વીય એક્સપ્રેસ-વેના નિર્માણ પછી દરિયાનું પાણી ક્યારેય આ વિસ્તારોમાં પહોંચ્યું પણ નથી. ત્યાં સસ્તાં મકાનોના નિર્માણમાં કોઈ સમસ્યા નથી અને, જો આપણે આજે આવા વિવેકપૂર્ણ પગલાં નહીં લઈએ, તો આગામી વર્ષોમાં શહેર વસ્તીના બોજ હેઠળ દબાઇ શકે છે," તેમ ડીઆરપી સીઇઓ એસવીઆર શ્રીનિવાસે જણાવ્યું હતું.

શ્રીનિવાસે ઉમેર્યું હતું કે, પશ્ચિમ બાજુ, કે જ્યાં ડીઆરપીની જમીનો આવેલી છે, ત્યાં આવી કોઈ 'પર્યાવરણીય સંવેદનશીલતા અથવા સીઆરઝેડ પ્રતિબંધો નથી. બાંધકામ પ્રવૃત્તિઓ શરૂ કરતા પહેલાં તમામ જરૂરી પર્યાવરણીય મંજૂરીઓ યોગ્ય' રીતે મેળવવામાં આવશે. આ પ્રોજેક્ટમાં લાગુ પડતા તમામ પર્યાવરણીય નિયમોનું કડક પાલન કરવામાં આવશે, અને જરૂરી ગ્રીન મંજૂરીઓ પ્રાપ્ત કર્યા પછી અને કાયદાકીય ધોરણોનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કર્યા પછી જ કામ શરૂ થશે. ■

# કૂવાના માલિકોને પાલિકાની નોટિસ મળતા ટેન્કરમાલિકોનો બેમુદત 'બ્રેક'

## નિયમોમાં છૂટછાટ નહીં મળે ત્યાં સુધી વૉટર ટેન્કરવાળા પાણી નહીં પહોંચાડે

મુંબઈઃ ખાનગી કૂવાના માલિકોને પાલિકા દ્વારા ફટકારવામાં આવેલી નોટિસના વિરોધમાં મુંબઈ વોટર ટેન્કર એસોસિયેશન (એમડબ્લ્યુટીએ) દ્વારા ગુરુવારથી બે મુદત માટે શહેરમાં ટેન્કર દ્વારા કરાતો પાણી પુરવઠો બંધ કરી દીધો છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

એમડબ્લ્યુટીએ પાસે ૫૦૦થી ૨૦૦૦ લિટરની ક્ષમતાવાળા અંદાજે ૧,૮૦૦ રજિસ્ટર્ડ ટેન્કર છે. સંસ્થા દ્વારા દક્ષિણ મુંબઈ સહિત શહેરના વિવિધ ભાગમાં રોજના અંદાજે ૩૫૦ એમએલડી પાણીનો પુરવઠો કરવામાં આવે છે, એમ સંસ્થાના પ્રવક્તા અંકુર શર્માએ જણાવ્યું હતું.

બધા ટેન્કરવાળાએ હવે 'બ્રેક' લઇ લીધી છે અને બેમુદત માટે પાણી પુરવઠો બંધ કરી દીધો છે, એમ તેમણે કહ્યું હતું.

સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર સપ્લાય ઓથોરિટી પાસેથી નો-ઓબ્ઝેકશન સર્ટિફિકેટ (એનઓસી) લેવાની સાથે ૨૦૦ ચો. મીટરની જમીન, લીઝનો પુરાવો અથવા કૂવાની માલિકી, ડિજિટલ વોટર ફ્લો મીટર બેસાડવું, બીઆઇએસ સ્ટાન્ડર્ડ, રોજ લેવામાં આવતા પાણીની ગણતરી અને અન્ય બાબતો સત્તાવાળાઓ તરફથી ફરજિયાત કરવામાં આવી છે, એમ શર્માએ કહ્યું હતું.

મુંબઈ જેવા શહેરમાં આ બધા નિયમોનું પાલન કરવું બહુ મુશ્કેલ છે. આ નિયમોમાં જ્યાં સુધી અમુક છૂટછાટ નહીં આપવામાં આવે ત્યાં સુધી શહેરમાં ટેન્કર દ્વારા પાણી પુરવઠો નહીં કરવામાં આવે, એમ તેમણે કહ્યું હતું. આ બાબતે એમડબ્લ્યુટીએ દ્વારા મુખ્ય પ્રધાન કાર્યાલય તથા અન્ય સત્તાવાળાઓને આ મુદ્દે પત્ર લખવામાં આવ્યો છે. (પીટીઆઇ)■

# મનસેનું થાણેમાં લોઢા કન્સ્ટ્રક્શન કંપની સામે વિરોધ પ્રદર્શન

## બુકિંગ વખતે લીધેલા પૈસા પાછા ન કરવાનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણે શહેરના કોલશેત વિસ્તારમાં લોઢા કન્સ્ટ્રક્શન કંપનીના એક પ્રોજેક્ટમાં ગ્રાહકોએ પૈસા રોક્યા હતા. જોકે, આમાંના કેટલાક ગ્રાહકોએ તેમની બેંક લોન મંજૂર થઈ ન હોવાથી એવી માગણી કરી હતી કે તેમના ઘરોની નોંધણી રદ કરવામાં આવે અને ચૂકવવામાં આવેલી પ્રારંભિક ડિપોઝિટની પરત કરવામાં આવે. જોકે, આ બાંધકામ કંપનીએ ગ્રાહકોના પૈસા પરત કરવાનો ઇનકાર કર્યો હોવાથી ગુરુવારે આ કંપની સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

મનસેના થાણે જિલ્લા અધ્યક્ષ અવિનાશ જાધવના નેતૃત્વ હેઠળ ગુરુવારે બાંધકામ ઉદ્યોગપતિ લોઢા પરિવારની કંપની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વખતે, મનસેના કાર્યકર્તાઓએ ઉદ્યોગપતિ વિરુદ્ધ વિવિધ સામગ્રીવાળા પ્લેકાર્ડ પકડ્યા હતા. આ વખતે, છેતરપિંડી પામેલા ગ્રાહકોની સામે, તેઓએ લોઢાના કર્મચારીઓને આ બાબત વિશે પૂછપરછ કરી.

લોઢા બિલ્ડર્સનો 'લોઢા હમારા ગૃહ પ્રોજેક્ટ' ઘોડબંદર વિસ્તારના કોલશેત વિસ્તારમાં આવેલો છે. આ પ્રોજેક્ટમાં ઘણા મધ્યમ વર્ગના પરિવારોએ ઘરો નોંધાવ્યા હતા. નોંધણી કરાવતી વખતે તેઓએ બિલ્ડરને લાખો રૂપિયા ચૂકવ્યા હતા. જોકે, આમાંના ઘણા પરિવારોને બેંક દ્વારા લોન મંજૂર કરવામાં આવી ન હતી. તેથી, તેમ જ કેટલાક લોકોએ ઘરમાં કેટલીક સમસ્યાઓને કારણે, તેમના ઘરોનું રજીસ્ટ્રેશન રદ કરવાની ફરજ પડી હતી.

ગ્રાહકોએ બિલ્ડરને આ અંગે જાણ કરી હતી. જોકે, તેમને કોઈ જવાબ મળ્યો નહોતો. તેથી, આ બધા ગ્રાહકો ભેગા થયા અને મનસેના અવિનાશ જાધવ પાસે ગયા હતા.

આ અંગે મનસેના નેતા અવિનાશ જાધવે મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે લોઢાના પ્રોજેક્ટમાં ઘરની નોંધણી કરાવનારા લોકો પાસેથી પાંચ-પાંચ લાખ જેટલી રકમ લેવામાં આવી હતી, પરંતુ આ લોકોની બેંક લોન મંજૂર ન થતાં અથવા તો અન્ય આર્થિક સમસ્યાને કારણે નોંધણી રદ કરાવતી વખતે તેમની નોંધણી વખતે ભરવામાં આવેલી રકમ પાછી આપવામાં આવતી નહોતી. આ એક રીતે લોકોની છેતરપિંડી હતી અને તેથી ન્યાય અપાવવા માટે અમે ગુરુવારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. અમારા પ્રતિનિધિ મંડળને મુલાકાત આપીને કંપની દ્વારા એવી ખાતરી આપવામાં આવી હતી કે લોકોના લેણા નીકળતા પૈસા આપી દેવામાં આવશે.

આ બાબતે લોઢા કન્સ્ટ્રક્શન કંપનીના મંગલપ્રભાત લોઢાને અને તેમની જનસંપર્ક ટીમને સંપર્ક કરવામાં આવ્યા છતાં તેમણે પ્રતિસાદ આપ્યો નહોતો. ■

# આસિસ્ટન્ટ ડિરેક્ટરે કેવાયસી ફ્રોડમાં લાખો રૂપિયા ગુમાવ્યા

મુંબઈઃ બૅન્કના પ્રતિનિધિના સ્વાંગમાં કેવાયસી ડિટેલ અપડેટ કરવાને બહાને સાયબર ઠગે બોલીવૂડના આસિસ્ટન્ટ ડિરેક્ટર પાસેથી ૩.૩૯ લાખ રૂપિયા પડાવ્યા હોવાની ફરિયાદ પોલીસને મળી હતી.

ઓશિવરામાં રહેતા ચેતન દેસાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગયા સપ્તાહે તેને અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો, જેમાં તેનું બૅન્ક ખાતું બંધ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. દેસાઈએ તાત્કાલિક એ નંબર પર ફોન કરતાં કૉલ રિસીવ કરનારા શખસે કેવાયસી માહિતી અપડેટ ન હોવાનું કહ્યું હતું. માહિતી અપડેટ કરવા માટે શખસે દેસાઈના મોબાઈલ ફોન પર એક લિંક મોકલાવી હતી. લિંક ઑપન કરીને તેમાં બૅન્ક એકાઉન્ટ નંબર, પૅન કાર્ડ અને આધાર કાર્ડ નંબર જેવી વિગતો નાખતાં દેસાઈને બૅન્ક ખાતામાંથી નાણાંની ઉચાપતના અનેક મેસેજ આવ્યા હતા. દેસાઈએ ૩.૩૯ લાખ રૂપિયા ગુમાવ્યા હતા, જેને પગલે તેણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. જે બૅન્ક ખાતામાં નાણાં ટ્રાન્સફર થયાં હતાં તેને ટ્રેસ કરી આરોપીને શોધવાના પ્રયાસ પોલીસે હાથ ધર્યા હતા. (પીટીઆઈ)■

# ૮૦ વર્ષના નિવૃત્ત પ્રિન્સિપાલે માંદગીથી કંટાળેલી પત્નીનું ગળું દબાવી દીધા બાદ ગળાફાંસો ખાધો

નાશિકઃ નાશિકમાં સ્કૂલના ૮૦ વર્ષના નિવૃત્ત પ્રિન્સિપાલે પોતાની બીમાર પત્નીની હત્યા કર્યા બાદ આત્મહત્યા કરી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સ્કૂલના નિવૃત્ત પ્રિન્સિપાલની ઓળખ મુરલીધર રામચંદ્ર જોશી તરીકે થઇ હતી. જોશીએ અંતિમ પગલું ભરતાં પહેલા લખેલી સુસાઇડ નોટમાં નોંધ્યું હતું કે હું લાંબી માંદગીમાંથી પત્ની લતા (૭૬) અને પોતાને મુક્ત કરી રહ્યો છું. જોશીની પત્ની લતા પણ ભૂતપૂર્વ શિક્ષિકા હતી અને છેલ્લાં ચાર વર્ષથી કેરટેકર સીમા રાઠોડની મદદથી જોશી તેની સંભાળ રાખી રહ્યો હતો.

ઉપવન પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે જોશી દંપતી જેલ રોડ ખાતેના નિવાસે રહેતું હતું અને બુધવારે બપોરે સીમા કામ પતાવ્યા બાદ ત્યાંથી નીકળી ગઇ હતી. સીમા સાંજે સાત વાગ્યે ત્યાં પાછી ફરી હતી. ચાવીથી દરવાજો ખોલીને સીમા અંદર પ્રવેશતાં દંપતી મૃત અવસ્થામાં મળી આવ્યું હતું.

જોશીએ પ્રથમ પત્નીનું ગળું દબાવીને હત્યા કરી હતી અને બાદમાં ગળાફાંસો ખાધો હતો. જોશીએ મૃત્યુ અગાઉ સુસાઇડ નોટ લખી હતી, જેમાં નોંધ્યું હતું કે 'હું મારી પત્નીને ખૂબ પ્રેમ કરું છું. તે પથારીવશ છે અને તેની માંદગીથી કંટાળી ગઇ છે. હું તેને તેની માંદગીમાંથી મુક્ત કરું છું અને પોતાની જાતને પણ.'

સુસાઇડ નોટમાં લતાની ખંતપૂર્વક સેવા કરવા બદલ સીમાની પ્રશંસા કરવામાં આવી હતી અને સૂચના અપાઇ હતી કે તેને પચાસ હજાર રૂપિયા આપવામાં આવે, જે તેણે બાજુ પર રાખી મૂક્યા છે. અમારા અંતિમસંસ્કાર માટેના રૂપિયા અલગ રાખવામાં આવ્યા છે અને કોઇએ પણ અમારા અંતિમસંસ્કાર માટે પૈસા ખર્ચવા નહીં.'

સુસાઇડ નોટમાં એવું પણ લખ્યું હતું કે અંતિમસંસ્કાર અગાઉ લતાને નવી સાડી, મંગળસૂત્ર અને અન્ય દાગીનાથી શણગારવામાં આવે. જોશી દંપતીના બંને પુત્ર મુંબઈમાં રહે છે. (પીટીઆઇ)■

# વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર લિફ્ટમાંથી પડી જવાથી મજૂરનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કફ પરેડમાં આવેલા વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ચાલી રહેલા કામ દરમ્યાન કન્સ્ટ્રક્શન સાઈટ પર રહેલી લિફ્ટમાંથી પડી જવાથી ૨૬ વર્ષના યુવકનું મૃત્યુ થયું હતું. કફ પરેડ પોલીસ સ્ટેશનમાં આ સંદર્ભમાં એક્સિડેન્ટલ ડેથનો ગુનો નોંધાયો હતો



(નિમેશ દવે)

આ દુર્ઘટના બુધવારના મોડી રાતના લગભગ ૧૦.૪૫ વાગે બની હતી. વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં સ્ટ્રક્ચરલ સ્પેશ્યાલિટીઝ એન્ડ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીની સાઈટ પર સિમેન્ટ ઉપાડવાનું કામ કરતા સમયે ૨૬ વર્ષનો બિમલ બાળકૃષ્ણ રાણા બારમા માળ પર રહેલી માલ-સામાન ઉપર નીચે કરનારી લિફ્ટમાંથી નીચે પટકાયો હતો. તેને તરત સેન્ટ જ્યોર્જ હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જ્યા તેને ડૉક્ટરે મૃત જાહેર કર્યો હતો. કફ પરેડ પોલીસે એક્સિડેન્ટલ ડેથનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# એમ.કૉમ. થયેલો યુવાન દારૂ માટે વાહનચોરી કરતો

થાણેઃ આઈટી કંપનીનો ભૂતપૂર્વ ડેટા એન્ટ્રી ઑપરેટર એવો ઉચ્ચ શિક્ષિત યુવાન સોશિયલ મીડિયા પરથી વાહન ચોરવાની કળા શીખ્યો હતો. દારૂ પીવાના વ્યસનને કારણે રિક્ષા ચોરીને રવાડે ચઢેલા યુવાનની થાણે પોલીસે ધરપકડ કરી હતી. નૌપાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અભય મહાજને જણાવ્યું હતું કે એમ.કૉમ. ભણેલો આરોપી દુબઈ ઍરપોર્ટ પર ડ્રાઈવર તરીકે પણ કામ કરી ચૂક્યો છે. યુટ્યૂબ જેવા સોશિયલ મીડિયા પ્લૅફોર્મ્સ પરની માહિતીને આધારે યુવાન ચોરીની કળા શીખ્યો હતો.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી રિક્ષા ચોરતો અને પછી ઈંધણ ખતમ થાય ત્યાં સુધી રિક્ષા ચલાવતો. પ્રવાસીઓ પાસેથી મળેલી ભાડાની રકમમાંથી તે દારૂ ખરીદતો હતો. ઈંધણ ખતમ થઈ ગયા પછી તે રિક્ષાને કોઈ પણ સ્થળે છોડી દેતો હતો. પત્ની છોડી ગયા પછી હતાશ થઈ ગયેલો યુવાન દારૂ પીવાને રવાડે ચઢ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે ચોરીની ચાર રિક્ષા અને એક બાઈક હસ્તગત કરી હતી. આરોપી પાસેથી ૩.૩૦ લાખની રોકડ જપ્ત કરવામાં આવી હતી. અધિકારીના જણાવ્યા મુજબ નૌપાડા વિસ્તારમાંથી એક રિક્ષા ચોરીની ફરિયાદ મળતાં તપાસ દરમિયાન આસપાસના પરિસરમાં લાગેલા ૭૦થી ૮૦ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવામાં આવ્યાં હતાં. ફૂટેજને આધારે શકમંદ મુંબ્રાનો રહેવાસી હોવાનું પોલીસે શોધી કાઢ્યું હતું. દરમિયાન સોમવારે આરોપી ફરી રિક્ષા ચોરવાને ઇરાદે નૌપાડા વિસ્તારમાં આવવાનો હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસે છટકું ગોઠવી આરોપીને પકડી પાડ્યો હતો. આરોપી નૌપાડા, વાગળે એસ્ટેટ અને રાબોડી સહિત અન્ય સ્થળેથી ચોરાયેલી રિક્ષાના કેસોમાં સંડોવાયેલો હોવાનું પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું. આરોપીની પૂછપરછમાં સાત ગુના ઉકેલાયા હોવાનો દાવો પોલીસે કર્યો હતો. (પીટીઆઈ)■

# નણંદ-ભાભીના ઝઘડામાં કોર્ટનું તારણઃ માણસના દાંત એ ખતરનાક હથિયાર નથી

મુંબઈઃ માનવ દાંત ગંભીર નુકસાન કરી શકે એવું ખતરનાક હથિયાર નથી એમ બોમ્બે હાઈકોર્ટે એક મહિલાની તેના સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ પર દાખલ કરવામાં આવેલી એફઆઈઆર રદ કરતા કહ્યું હતું. નણંદે બટકું ભર્યું હતું એવો આરોપ મહિલાએ કર્યો હતો.

હાઇકોર્ટની ઔરંગાબાદ ખંડપીઠના ન્યાયમૂર્તિ વિભા કંકનવાડી અને ન્યાયમૂર્તિ સંજય દેશમુખે ચોથી એપ્રિલે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે ફરિયાદીના મેડિકલ સર્ટિફિકેટ પરથી સ્પષ્ટ થાય છે કે બટકું ભરવાને કારણે માત્ર સામાન્ય ઇજા થઇ હતી.

મહિલાની ફરિયાદને આધારે એપ્રિલ ૨૦૨૦ માં નોંધાયેલી એફઆઈઆર અનુસાર ઝપાઝપી દરમિયાન એક નણંદે બટકું ભરી ખતરનાક હથિયારથી ઈજા પહોંચાડી હતી. આરોપી સામે ખતરનાક હથિયારોથી નુકસાન પહોંચાડવા અને ઈજા પહોંચાડવા બદલ ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. જોકે, અદાલતે આદેશમાં જણાવ્યું હતું કે 'માનવ દાંતને ખતરનાક હથિયાર ન કહી શકાય.' અદાલતે આરોપીએ દાખલ કરેલી અરજીને મંજૂરી આપી એફઆઈઆર રદ કરી હતી. (પીટીઆઈ)■

# ડ્રગ્સના કેસમાં પકડાયેલા આરોપીની મદદથી પોલીસ કોન્સ્ટેબલે લાતુરમાં ફૅક્ટરી શરૂ કરેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) લાતુરના સૂમસામ પહાડી વિસ્તારમાં ધમધમતી ડ્રગ્સ ફૅક્ટરીનો પર્દાફાશ કર્યો તે મીરા રોડના પોલીસ કોન્સ્ટેબલે ડ્રગ્સના કેસમાં પકડાયેલા એક આરોપીની મદદથી શરૂ કરી હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. કોઈની નજરમાં ન આવે તે માટે મેફેડ્રોન (એમડી) ડ્રગ બનાવવાની ફૅક્ટરી કોન્સ્ટેબલની જમીન પર જર્જરિત બાંધકામમાં શરૂ કરવામાં આવી હતી. ડીઆરઆઈએ લાતુરમાં રોહિના ગામના સૂમસામ પહાડી વિસ્તારમાં આવેલી છૂપી ફૅક્ટરી પર મંગળવારની વહેલી સવારે રેઇડ કરી હતી. ફૅક્ટરીમાં એમડી બનાવવામાં આવતું હતું. અંદાજે ૧૭ કરોડ રૂપિયાનું એમડી જપ્ત કરી અધિકારીઓએ સાત જણની ધરપકડ કરી હતી, જેમાં એક પોલીસ કોન્સ્ટેબલ પ્રમોદ કેન્દ્રેનો સમાવેશ થાય છે.ડ્રગ્સ બનાવવાના કામકાજમાં મુદ્દુ આર્થિક ભંડોળ પૂરું પાડતો હતો અને ડ્રગ્સ સપ્લાય માટે પણ મદદ કરતો. સૂમસામ વિસ્તારમાં કેન્દ્રેની જમીન પર ફૅક્ટરી શરૂ કરાઈ હતી. આ કેસમાં દિલાવર અલ્તાફ ખાન (૩૨)ને સાંતાક્રુઝ અને વાસિમ શરત શેખ ઉર્ફે મુદ્દુ (૩૪)ને મીરા રોડમાંથી પકડી પાડ્યા હતા. ખાન અને શેખને ગુરુવારની સવારે ચાકુરની કોર્ટમાં હાજર કરાયા હતા. બન્નેને ૧૪ દિવસની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. ■

# વિશ્વભરના શેરબજારોમાં જોરદાર ઉછાળા, અમેરિકન બજારોમાં રેકોર્ડ બ્રેક તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઘણા વિવાદ પછી ટેરિફ વધારો ૯૦ દિવસ માટે મુલતવી રાખ્યો છે. તેમના આ નિર્ણય પછી વિશ્વભરના શેરબજારોમાં ભારે ઉછાળો આવ્યો છે. જાપાન, કોરિયાથી લઈને ઓસ્ટ્રેલિયા સુધી બજાર ખુલતાની સાથે જ શેરમાં તેજી જોવા મળી છે. ટેરિફના અમલીકરણની જાહેરાત બાદ જેને સૌથી મોટો ફટકો પડ્યો હતો તે, જાપાનનો બેન્ચમાર્ક નવ ટકા ઊછળ્યો હતો.

ચીન પર ૧૨૫ ટકા ટેરિફ લાદ્યા પછી ટ્રમ્પે ઘણા દેશો પર ટેરિફને અસ્થાયી રૂપે મુલતવી જાહેર કરી છે. ટ્રમ્પની આ જાહેરાત પછી અમેરિકન બજારોમાં ઝડપી અને જોરદાર તેજી જોવા મળી હતી અને તેની સકારાત્મક અસર વિશ્વના અન્ય શેરબજારો પર જોવા મળી હતી.

જોકે આ અસર ક્યા સુધી ટકી શકશે એ કહેવાય નહીં. ટોકિયોથી માર્કેટ એનાલિસ્ટ ફ્રાન્સિસ લૂન જણાવે છે કે હજુ સુધી શેરબજારોએ વોલેટલિટીનો સામનો કરવાનો છે, કારણ કે ટ્રમ્પ ક્યારે શું કરશે એ કહી શકાય એમ નથી. શેરબજાર માટે આ એક ખૂબ જ મોટી અનિશ્ચિતતા છે. મંદીનો ભય હજું પણ તોળાઇ રહ્યો છે.

જર્મનીના ડેક્સ ઇન્ડેક્સમાં ખૂલતા સત્રમાં આઠ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. ફ્રાન્સનો સીએસી-૪૦ ઇન્ડેક્સ પાંચ ટકા અને બ્રિટનનો ફૂટસી ૧૦૦ ચાર ટકા ઊછળ્યો હતો. જોકે, આશ્ચર્યજનક રીતે બંને દેશોએ પારસ્પારિક ટેરિફ લાદ્યા બાદ ચીનના શેરબજારમાં સાધારણ સુધારો જોવા મળ્યો હતો. એ જ રીતે, બુધવારે એસએન્ડપી ૫૦૦માં ૯.૫ ટકાનો ઉછાળો નોંધાયા બાદ તેના વાયદામાં ગુરુવારે ૨.૧ ટકાનો ઘટાડો નોંધાયો અને ડાઉજોન્સ ઇન્ડસ્ટ્રીઅલ એવરેજમાં ૭.૯૦ ટકાના ઉછાળા બાદ તેના વાયદામાં ગુરુવારે ૧.૬૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

એકંદરે એશિયાના શેરબજારોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો છે. શેરબજારમાં બીજા વિશ્વયુદ્ધ પછીનો આ ત્રીજો સૌથી મોટો એકદિવસીય ઉછાળો રહ્યો છે. અમેરિકાનો એસએન્ડપી-૫૦૦ ઇન્ડેક્સ ૯.૫ ટકા ઉછળીને ૨૦૦૮ પછીના તેના શ્રેષ્ઠ સ્તરે પહોંચ્યા હતો. બીજા વિશ્વયુદ્ધ પછી એક જ દિવસમાં આટલો મોટો ઉછાળો ત્રીજી વખત જોવા મળ્યો છે. અમેરિકન સ્ટોક એક્સચેન્જ નાસ્ડેકમાં ૧૨.૨ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે, જે ત્રીજી જાન્યુઆરી ૨૦૦૧ પછી એક દિવસમાં નોંધાયેલો સૌથી મોટો ઉછાળો છે.

વૈશ્વિક બજારની વાત કરીએ તો ગુરુવારે જાપાનના નિક્કી ૨૨૫માં ૮.૩૦ ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો. દક્ષિણ કોરિયાનો કોસ્પી પણ પાંચ ટકાના વધારા સાથે ખુલ્યો. ઓસ્ટ્રેલિયાના એએસએક્સ ૨૦૦માં પણ છ ટકાનો વધારો જોવા મળ્યો.

એશિયન બજારમાં ગુરુવારે હોંગકોંગ શેરબજારમાં પણ તેજી જોવા મળી. અહીં હેંગ સેંગ ઇન્ડેક્સ ૨.૬૯ ટકાના વધારા સાથે ૨૦૮૧૦.૪૩ પર ખુલ્યો. જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૪૧.૦૩ પોઈન્ટ વધીને ૩૨૨૭.૮૪ પર ખુલ્યો. તાઇવાનના શેરબજારમાં પણ શરૂઆતમાં ૯.૨ ટકાનો વધારો જોવા મળ્યો. વિયેતનામે યુએસ નિકાસ પર ૪૬ ટકા ટેરિફ લાદવામાં વિલંબ કર્યા પછી ગુરુવારે શેરબજારમાં ૬.૫ ટકાથી વધુનો ઉછાળો આવ્યો. ગુરુવારે ખુલ્યા પછી તરત જ મુખ્ય બેન્મચાર્ક ૭૨.૪૧ પોઈન્ટ અથવા ૬.૬૨ ટકા વધીને ૧૧૬૬.૭૧ પર પહોંચી ગયો.

ઇન્ડોનેશિયાનો બેન્ચમાર્ક ખુલ્યા પછી તરત જ સ્ટોક ઇન્ડેક્સ લગભગ પાંચ ટકા વધ્યો. ગુરુવારે બજાર ખુલ્યા પછી તરત જ જકાર્તા કમ્પોઝિટ ઇન્ડેક્સ ૨૮૯.૨ પોઈન્ટ વધીને ૬૨૫૭.૧૮ પર પહોંચી ગયો. આ સાથે બીજી તરફ સલામત રોકાણ તરીકે જોવામાં આવતું જાપાનીઝ યેન ડોલર સામે ૦.૬૪ ટકા વધીને ૧૪૬.૮૩ યેન પ્રતિ ડોલર થયું. તે જ સમયે સોનાનો ભાવ ૦.૫ ટકા વધીને ૩૦૯૭ ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયો.

ચીન-અમેરિકા ટ્રેડ વોર યથાવત રહી છે. રેસીપ્રોકલ ટેરિફ મુદ્દે વૈશ્વિક સ્તરે વિવાદનો સામનો કરી રહેલા ડોનલ્ડ ટ્રમ્પે નવ એપ્રિલણઆ મોટો નિર્ણય લેતા ટેરિફને ૯૦ દિવસ માટે મુલતવી રાખવાની જાહેરાત કરી. પરંતુ ટેરિફ મુદ્દે ચાલી રહેલા ચીન અને અમેરિકા વચ્ચેના ટ્રેડ વોરમાં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. હવે ચીન પર ૧૨૫ ટકા પારસ્પરિક ટેરિફ લાદવામાં આવ્યો છે. પહેલા તે ૧૦૪ ટકા હતું. તેને હાલ પૂરતું બાકીના દેશોમાંથી દૂર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨ એપ્રિલના રોજ યુએસ વહીવટીતંત્રે ઘણા દેશો પર ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી.

# ટ્રમ્પની ટેરિફ મોકૂફીથી યુરોપ અને એશિયાઇ બજારોની તોફાની તેજીની અસર આજે સ્થાનિક શેરબજારમાં વર્તાવાની અપેક્ષા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકન પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે અણધારી જાહેરાતમાં ચીનને બાકાત રાખીને અન્ય ટ્રેડ પાર્ટનર્સ માટે ટેરિફમાંથી ૯૦ દિવસની મોકૂફી જાહેર કરી હોવાથી યુરોપ, એશિયા અને વિશ્વભરના શેરબજારોમાં તેજીના ઉછાળા જોવા મળ્યા છે, જેની અસરે સ્થાનિક બજારમાં પણ આજે શુક્રવારે તેજી જોવા મળે એવી સંભાવના છે.




ભારતીય શેરબજાર ગુરુવારે મહાવીર જયંતિ નિમિત્તે બંધ રહ્યું હતું. ટ્રમ્પની નેવું દિવસની જાહેરાતને કારણે ગુરુવારે ટ્રેડિંગમાં એશિયન શેરોમાં ઉછાળો આવ્યો, ટોકિયો એક્સચેન્જ ખુલ્યા પછી તરત જ જાપાનના બેન્ચમાર્કમાં ૨,૦૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો આવ્યો, કારણ કે રોકાણકારોએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ મુલતવી રાખવાના નિર્ણયનું સ્વાગત કર્યું હતું.

ગુરુવારે, જાપાનનો બેન્ચમાર્ક નિક્કી ૨૨૫ સવારના ટ્રેડિંગમાં ૮.૨ ટકા વધીને ૩૪,૩૦૨.૦૫ પર પહોંચ્યો, ટ્રેડિંગ શરૂ થતાં જ તે ઉપર ગયો. ઓસ્ટ્રેલિયાનો એએસએન્ડપી , એએસએક્સ ૨૦૦ ૪.૭ ટકા વધીને ૭,૭૨૧.૪૦ પર પહોંચ્યો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ૪.૯૦ ટકા વધીને ૭,૭૨૧.૪૦ પર પહોંચ્યો. હોંગકોંગનો હેંગ સેંગ ૨.૮૦ ટકા વધીને ૨૦,૮૨૧.૪૮ પર પહોંચી ગયો. શાંઘાઈ કમ્પોઝિટ ૦.૬૦ ટકા વધીને ૩,૨૦૭.૩૫ પર પહોંચી ગયો હતો. અગ્રણી એનાલિસ્ટે કહ્યું હતું કે, હવે આ એક સંચાલન કરી શકાય એવું જોખમ છે, ખાસ કરીને જ્યારે વૈશ્વિક અર્થતંત્રો મંદીનો ભય અનુભવી રહ્યા છે ત્યારે આ નવી જાહેરાતથી એશિયાના મોટાભાગના નિકાસકારો રાહતનો શ્વાસ લીધો છે. વોલ સ્ટ્રીટ પર, એસએન્ડપી ૫૦૦ ૯.૫૦ ટકા વધ્યો, જે બજાર માટે સારા વર્ષ તરીકે ગણાશે. ટ્રમ્પના વેપાર યુદ્ધથી વૈશ્વિક અર્થતંત્ર મંદીમાં ધકેલાઈ શકે છે તેવી ચિંતા જોકે દૂર થઇ નથી, માત્ર પાછળ ઠેલાઇ નથી. ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે પત્રકારોને જણાવ્યું હતું કે ટ્રમ્પ દેશના મોટાભાગના સૌથી મોટા વેપારી ભાગીદાર દેશો પરના તેમના પારસ્પપરિક ટેરિફને થોભાવી રહ્યા છે, પરંતુ લગભગ તમામ વૈશ્વિક આયાત પર તેમના ૧૦ ટકા ટેરિફને જાળવી રહ્યા છે.

જોકે, ચીન એક મોટો અપવાદ હતો, ટ્રમ્પે કહ્યું હતું કે તેના ઉત્પાદનો પર ટેરિફ ૧૨૫ ટકા સુધી વધી રહ્યા છે. તે નાણાકીય બજારોને સ્તબ્ધ કરી શકે તેવા વધુ સ્વિંગની શક્યતા વધારે છે. વેપાર યુદ્ધ હજુ સમાપ્ત થયું નથી અને વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે વધતી જતી લડાઈ પુષ્કળ નુકસાન પહોંચાડી શકે છે.

અમેરિકન બજારો પણ હજુ પણ પાછલા અઠવાડિયા પહેલાની સપાટી સામે નીચા સ્તરે છે, જ્યારે ટ્રમ્પે લિબરેશન ડે તરીકે ઓળખાતા વિશ્વવ્યાપી ટેરિફની જાહેરાત કરી હતી. પરંતુ બુધવારે, વોલ સ્ટ્રીટ પર ધ્યાન હકારાત્મક હતું. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૨,૯૬૨ પોઈન્ટ અથવા ૭.૯ ટકાના વધારા પર પહોંચ્યો. નાસ્ડેક કમ્પોઝિટમાં ૧૨.૨૦ ટકાનો ઉછાળો આવ્યો.

બુધવારની તેજીએ એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સને બેર માર્કેટ કહેવાતી ધારથી દૂર ખેંચી લીધો. બુધવારે બોન્ડ માર્કેટમાં યુએસ ટ્રેઝરીની પ્રમાણમાં સરળ હરાજીથી વોલ સ્ટ્રીટને પણ પ્રોત્સાહન મળ્યું. ટ્રેઝરી યીલ્ડમાં અગાઉના ઉછાળાએ બજારને હચમચાવી નાખ્યું હતું, જે તણાવના વધતા સ્તરને દર્શાવે છે. ટ્રમ્પે બુધવારે પોતે કહ્યું હતું કે તેઓ બોન્ડ માર્કેટને થોડું અસ્વસ્થ થતું જોઈ રહ્યા હતા.

વિશ્લેષકો કહે છે કે યીલ્ડમાં વધારો થવા પાછળ ઘણા કારણો હોઈ શકે છે, જેમાં હેજ ફંડ્સ અને અન્ય રોકાણકારોને શેરબજારમાં થયેલા નુકસાનને ભરપાઈ કરવા માટે રોકડ એકત્ર કરવા માટે તેમના ટ્રેઝરી બોન્ડ વેચવા પડે છે. વેપાર યુદ્ધને કારણે યુનાઇટેડ સ્ટેટ્સની બહારના રોકાણકારો પણ તેમના યુએસ ટ્રેઝરી વેચી રહ્યા હોઈ શકે છે. આવી ક્રિયાઓ ટ્રેઝરીના ભાવમાં ઘટાડો કરશે, જે બદલામાં તેમની ઉપજમાં વધારો કરશે.

તે પાછળના કારણોને ધ્યાનમાં લીધા વિના, ટ્રેઝરી પર ઉચ્ચ ઉપજ શેરબજાર પર દબાણ ઉમેરશે અને યુએસ ઘરો અને વ્યવસાયો માટે મોર્ટગેજ અને અન્ય લોન માટેના દરોમાં વધારો કરશે. આ પગલાં ખાસ કરીને નોંધપાત્ર છે કારણ કે બજાર માટે ભયાનક સમય દરમિયાન યુએસ ટ્રેઝરી યીલ્ડ ઐતિહાસિક રીતે ઘટી ગયા છે, વધ્યા નથી, કારણ કે બોન્ડને સામાન્ય રીતે સૌથી સુરક્ષિત શક્ય રોકાણોમાંના એકત માધ્યમ તરીકે જોવામાં આવે છે.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ મહાવીર જયંતિ નિમિત્તે બૅન્કો બંધ હોવાથી રજાના માહોલ વચ્ચે કામકાજો પાંખાં રહ્યા હોવાથી હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ સ્થાનિકમાં પણ સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૬થી ૪૦૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૧૨થી ૪૧૦૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૫થી ૩૯૦૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૫થી ૩૯૮૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# શું રોબર્ટ કિયોસાકીની શેરબજારના ઐતિહાસિક કડાકાની આગાહી સાચી પડી!

મુંબઇઃ વૈશ્વિક શેરબજારમાં એકાએક સુધારાનો પવન ફૂંકાયા બાદ હવે એવો સવાલ ચર્ચાઇ રહ્યો છે કે, શું દિગ્ગજ રોકાણકાર રોબર્ટ કિયોસાકીની શેરબજારના ઐતિહાસિક કડાકાની આગાહી સાચી પડી છે! કે હજું વધુ કડાકા જોવાના બાકી છે?

વાસ્તવમાં તેમના દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેરબજારમાં ઇતિહાસની સૌથી મોટી મંદી આવવાની ચેતવણી આપવામાં આવી છે. શેરબજારમાં તેજીનો ફુગ્ગો ફુટવાનો છે, જે વર્ષ ૧૯૨૯ની મહામંદી પણ વધુ ભયંકર રહેવાની આશંકા વ્યક્ત કરી છે. તેમણે લખ્યું છે કે, દરેક ચીજનો ફુગ્ગો ફુટવાનો છે. યુએસ શેરબજારમાં સતત ઘટાડા વચ્ચે તેમણે આ ચેતવણી આપી છે. રોબર્ટ કિયોસાકીએ જર્મની, જાપાન અને અમેરિકાની અર્થવ્યવસ્થા તરફ ઇશારો કરતા કહ્યું કે, અયોગ્ય આગેવાનોએ આપણને એક જાળમાં ફસાવી દીધા છે, એક મોટો કડાકો આવશે. તેમણે પોતાના પુસ્તક રિચ ડૅડ્સ પ્રોફેસીનો ઉલ્લેખ કર્યો, જેમા તેમણે પહેલાથી જ બજારમાં મોટા ઘટાડાની આગાહી કરી હતી.

રોબર્ટ કિયોસાકીએ એક પોસ્ટમાં લખ્યું છે, દરેક ચીજનો ફુગ્ગો ફુટી રહ્યો છે. મને ડર છે કે, આ ઇતિહાસનો સૌથી મોટો કડાકો હોઇ શકે છે. જર્મની, જાપાન અને અમેરિકા અત્યાર સુધી વિકાસના એન્જિન હતા. કમનસીબે આપણા અયોગ્ય આગેવાનોએ આપણને એક જાળમાં ફસાવી દીધા છે, એક મોટા ક્રેશમાં. મે આ ક્રેશ વિશે મારા પુસ્તક રિચ ડૅડ, પુઅર ડૅડમાં લખ્યું હતું.

ઇન્વેસ્ટમેન્ટ એનાલિસિસ પણ મંદીની આશંકા વ્યક્ત કરી રહ્યા છે. લંડનમાં એજે બેલે ડૅન કોટસવર્થે કહ્યું કે, ટ્રમ્પને બજારના રક્ષક માનવામાં આવતા હતા, જેમણે ઓછા ટેક્સ અને ઓછા કડક નિયમનું વચન આપ્યું હતું. હવે તેમની કામગીરી વિનાશનું સૂચક છે. લોકો વિચારે છે કે, શું ટ્રેડિંગ ચાર્જ ઊલટું પડશે અને અમેરિકાને આર્થિક સમૃદ્ધિના બદલે મંદી તરફ ધકેલશે. અમેરિકાની વેપાર નીતિથી મુશ્કેલીઓ વધી છે. રોઇટર્સના સર્વે મુજબ અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં અર્થશાસ્ત્રીઓ વચ્ચે ટેરિફની અસર વિશે ચિંતા વધી છે. સર્વેમાં કેનેડા, અમેરિકા અને મેક્સિકોના ૭૪ માંથી ૭૦ અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, મંદીનું જોખમ વધી ગયું છે. ખાસ કરીને અમેરિકામાં મોંઘવારી વધવાનું જોખમ વધી ગયું છે.

ગોલ્ડમેન સાશે પોતાના ૨૦૨૫ના અમેરિકા જીડીપીના અનુમાનને નીચેથી સંશોધિત કર્યું છે. તેનું કારણ વધુ પડતી પ્રતિકુળ ટેરિફ માન્યતા છે, જ્યારે મોંઘવારીનું જોખમ વધી રહ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ટેરિફ વોર શરૂ કરીને વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાને વધારી દીધી છે.

ટેરિફના છેલ્લા ખેલમાં તેમણે ચીન સિવાયના કેટલારક દેશોને બીજી એપ્રિલે લાદેલી વધારાની ટેરિફમાંથી ૯૦ દિવસની મોકૂફી આપી છે. જોકે, ચીન પર કુલ ૧૨૫ ટકા ટેરિફ લાદી છે. નોંધવું રહ્યું કે નેવું દિવસ પછી ફરી પાછું શું થશે તે પમ એક સવાલ છે! નિરાશાજનક દૃષ્ટિકોણ હોવા છતાં કિયોસાકી ગભરાટ ના રાખવાની સલાહ આપે છે. તેમણે લખ્યું છે, પરેશાની અને ડર સામાન્ય છે, પરંતુ ગભરાવું નહીં. ઉલટાનું તેમણે રોકાણકારોને સ્થિર મનોસ્થિતિ રાખવા, પોતાની આંખો ખુલી અને મોં બંધ રાખવા અને સંકટને સંભવિત રોકાણની તક તરીકે જોવા અપીલ કરી છે.

# ટીસીએસનો ચોખ્ખો નફો ૧.૬૮ ટકા ઘટ્યો, શેરદીઠ ₹ 30ના અંતિમ ડિવિડંડની ભલામણ

મુંબઈઃ ભારતની સૌથી મોટી આઇટી સર્વિસ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ (ટીસીએસ)એ ગુરુવારે માર્ચ ૨૦૨૫ ક્વાર્ટરમાં ૧.૬૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૨,૨૨૪ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. કંપનીએ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં કુલ રૂ. ૬૪,૪૭૯ કરોડની આવક નોંધાવી હતી, જે એક વર્ષ પહેલાના સમયગાળા કરતાં ૫.૩ ટકા વધુ છે.

સંપૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે, ટીસીએસનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૫.૭૬ ટકા વધીને રૂ. ૪૮,૫૫૩ કરોડ નોંધાયો છે. આઇટી કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫માં કુલ રેવન્યૂ ૫.૯૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨,૫૫,૩૨૪ કરોડ રહી છે.

ચીફ એક્ઝિક્યુટિવ કે કૃતિવાસને જણાવ્યું હતું કે, અમે વાર્ષિક આવકમાં ૩૦ અિબજ ડોલરને પાર કરવા સાથે સતત બીજા ક્વાર્ટરમાં મજબૂત ઓર્ડર બુક હાંસલ કરી છે.

દરમિયાન, ટીસીએસ બોર્ડે કંપનીના દરેક એક રૂપિયાના ઇક્વિટી શેર દીઠ રૂ. ૩૦ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે.

# રેસિપ્રોકલ ટૅરિફના અમલની મોકૂફી, વિશ્વ બજાર પાછળ કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં ઉછાળા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી વહીવટીતંત્રએ ગઈકાલે ચીન સિવાયનાં દેશો પર રેસિપ્રોકલ ટૅરિફનો અમલ ૯૦ દિવસ મુલતવી રાખવાની સાથે ચીનથી થતી આયાત પર ૧૨૫ ટકા ટૅરિફ લાદવાનો નિર્ણય લીધો હોવાના નિર્દેશો ઉપરાંત ટ્રેડ વૉર વકરવાની ભીતિ અને ચીન વધુ સ્ટિમ્યુલસ પૅકેજની જાહેરાત કરે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૦ અને રૂ. ચારના ઘટાડા તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. એકથી ૨૭ સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

અમેરિકા દ્વારા રેસિપ્રોકલ ટૅરિફના અમલની મોકૂફી, ચીન પર લાદેલી ૧૨૫ ટકા ટૅરિફ તેમ જ ચીન દ્વારા વધુ સ્ટિમ્યુલસ પૅકેજની જાહેરાતના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ૪.૫૦ ટકા ઉછળીને ટનદીઠ ૯૦૩૭.૧૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા તેમ જ અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં પણ ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી નીકળેલી લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ઉછાળા જોવા મળ્યાં હતાં. જેમાં મુખ્યત્વે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨૭ વધીને રૂ. ૮૩૬, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૮૦૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ વધીને રૂ. ૭૯૩, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૮૧૦, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૨૯૨ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૫૭૨ અને રૂ. ૨૫૬ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૭૩૫, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૩૮ અને બ્રાસ યટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૫૨૯ના મથાળે રહ્યા હતા.

જાકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની સતત છટ્ટા સત્રમાં આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૬૦ ઘટીને રૂ. ૨૮૦૮ અને નિરસ માગે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૭૫ના મથાળે રહ્યા હતા.

# અમેરિકા-ચીન ટ્રેડ વૉર વકરતા વૈશ્વિક સોનામાં વેગીલી બનતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

લંડન/ મુંબઈઃ ગત બુધવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીન સિવાયના દેશો સામે રેસિપ્રોકલ ટૅરિફનો અમલ ૯૦ દિવસ મોકૂફ રાખવાની સાથે ચીનથી થતી આયાત સામે ૧૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરતાં આજે અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ વૉર વધુ વકરે તેવી ભીતિ સપાટી પર આવતા ગઈકાલે ન્યૂ યૉર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજર સોનામાં ઑક્ટોબર, ૨૦૨૩ પછીનો સૌથી મોટો ઉછાળો આવ્યો હતો. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની લેવાલીને ટેકે ભાવ વધુ ૧.૬ ટકા ઉછળી આવ્યા હતા, જ્યારે ચાંદીમાં ધીમો ઘટાડો જોવા મળ્યો હતો.



જાકે, આજે મહાવીર જયંતી નિમિત્તે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિએશન બંધ રહ્યું હોવાથી સત્તાવાર ધોરણે સોના-ચાંદીના ભાવની જાહેરાત નહોતી થઈ, પરંતુ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે આજે (શુક્રવારે) સોનામાં તેજીનું વલણ જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સોનામાં ટ્રેડ વૉરને ધ્યાનમાં લેતા સોનામાં સલામતી માટેની પ્રબળ માગ રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૧.૬ ટકા ઉછળીને ઔંસદીઠ ૩૧૨૨.૦૨ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૧.૯ ટકા ઉછળીને ૩૧૩૭.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આપણે અત્યારે વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાના વાતાવરણનો સામનો કરી રહ્યા છીએ અને ખબર નથી કે આ ટ્રેડ વૉર ક્યારે અને ક્યાં જઈને અટકશે આથી મને લાગે છે આ વર્ષ દરમિયાન સોનામાં તેજીનું જ વલણ જળવાઈ રહેશે, એમ વિસ્ડમ ટ્રીનાં કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે રૉઈટર્સને જણાવતા ઉમેર્યું હતું કે રાજકીય-ભૌગોલિક તથા આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતાં મારા મતે વર્ષ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ વધીને ઔંસદીઠ ૩૬૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય. નોંધનીય બાબત એ છે કે સલામતી માટેની માગ અને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ટેકે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૮ ટકાનો ઉછાળો આવી ગયો છે.

ગત બુધવારે ટ્રમ્પે જણાવ્યું હતું કે ડઝનબંધ દેશો પર લાદવામાં આવેલી ઊંચી આયાત જકાતમાં કામચલાઉ ધોરણે ઘટાડો કરવામાં આવ્યો છે, પરંતુ ચીને અમેરિકી ઉત્પાદનો પર ૮૪ ટકા ટૅરિફ લાદી હોવાથી અમે ચીન પરની ટેરિફ જે ૧૦૪ ટકા હતી તે વધારીને ૧૨૫ ટકા કરી છે. વધુમાં ગઈકાલે જાહેર થયેલી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકમાં એવું જણાયું હતું કે મોટાભાગના નીતિઘડવૈયાઓ સહમત થયા હતા કે અમેરિકાની આર્થિક વૃદ્ધિ મંદ પડશે અને ફુગાવમાં વૃદ્ધિ થશે. જોકે, આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટા પર સ્થિર થઈ છે કેમ કે વ્યાજદરમાં કપાત માટે ફેડરલ રિઝર્વ મુખ્યત્વે ફુગાવા તથા રોજગારીના ડેટાને ધ્યાનમાં લેતી હોય છે.

# વર્ષ ૨૦૨૪-૨૫માં ગત ૮ એપ્રિલ સુધી ૨.૮૭ લાખ ટન ખાંડની નિકાસઃ આઈસ્ટા

નવી દિલ્હીઃ ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્ષ ૨૦૨૪-૨૫ની ખાંડ મોસમમાં ગત આઠમી એપ્રિલ સુધીમાં ૨,૮૭,૨૦૪ ટન ખાંડની નિકાસ થઈ છે. જેમાં સૌથી વધુ ૫૧,૫૯૬ ટનની નિકાસ સોમાલિયા ખાતે થઈ હોવાનું સ્થાનિક અગ્રણી વેપારી સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિએશન (આઈસ્ટા)એ એક યાદીમાં જણાવ્યું છે. ખાંડ મોસમનો આરંભ પહેલી ઑક્ટોબરથી થતો હોય છે અને અંત ૩૦મી સપ્ટેમ્બરે થતો હોય છે. વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની ખાંડ મોસમ માટે સરકારે ગત ૨૦મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૧૦ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી આપી હતી. એસોસિએશનની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન ખાંડ મોસમમાં ગત આઠમી એપ્રિલ સુધી ખાંડ મિલોએ ૨,૮૭,૨૦૪ ટન ખાંડની નિકાસ કરી હતી, જ્યારે અંદાજે ૧૭,૮૩૭ ટન ખાંડ લોડિંગની પ્રક્રિયા હેઠળ છે. અત્યાર સુધીમાં થયેલી કુલ નિકાસ પૈકી સોમાલિયા ખાતે સૌથી વધુ ૫૧,૫૯૬ ટનની નિકાસ થઈ છે.

# ઓનલાઈન ફ્રોડનો ભોગ બનેલા ૬૦ લોકોને જામનગર સાઈબર ક્રાઈમ પોલીસે નાણાં પરત અપાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ સાયબર માફિયાઓ અનેક નિર્દોષ લોકોને ટાર્ગેટ કરીને રૂપિયા લૂંટી લેતા હોય છે. મોટા ભાગે તો લોકો પોલીસને આ મામલે બદનામીના ડરે જાણ પણ નથી કરતા, પરંતુ જો આવી ઘટના બને તો સત્વરે પોલીસને જાણ કરીને ફરિયાદ નોંધાવી દેવી જોઈએ.

જામનગરમાં સાયબર ક્રાઇમ પોલીસે આ મામલે સારી એવી કામગીરી કરી બતાવી છે.

મળતી જાણકારી પ્રમાણે જામનગર સાયબર ક્રાઇમ પોલીસે સાયબર ક્રાઇમનો ભોગ બનેલા ૬૦થી વધુ લોકોને તેમના રૂપિયા પાછા અપાવ્યાં છે.

આંકડાની વાત કરવામાં આવે તો અદાલતના આદેશ પ્રમાણે જામનગર સાયબર ક્રાઇમ પોલીસે કુલ રૂપિયા ૧.૨૧ કરોડ જેટલી રકમ સાયબર ક્રાઇમનો ભોગ બનેલા લોકોના બેંક ખાતામાં જમા કરાવી છે.

નોંધનીય છે કે, આ સમગ્ર કામગીરી જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ અને જયવિરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. સાયબર ક્રાઇમનો ભોગ બનેલા લોકોને પોતાના રૂપિયા પાછા મળી જતા તેમણે પોલીસનો આભાર માન્યો હતો.

જ્યારે લોકોએ સાયબર ક્રાઇમ પોલીસેને ફ્રોડ અંગે ફરિયાદો કરી ત્યારે જામનગર સાયબર ક્રાઇમ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી હતી.

સંપૂર્ણ તપાસ કરી લીધા બાદ પોલીસે ભોગ બનેલા લોકોને સંપર્ક કર્યો અને તેમના બેંક ખાતાની વિગતો મેળવીને રૂપિયા પરત અપાવ્યા હતા.

મહત્ત્વની વાત એ છે કે, જ્યારે પણ તમારી સાથે કોઈ સાયબર ફ્રોડની ઘટના બને છે તો તમારે સૌથી પહેલા પોલીસને જાણ કરી દેવી જોઈએ. કારણ કે, જેટલી વહેલી ફરિયાદ કરવામાં આવશે તેટલી વહેલી કાર્યવાહી થશે અને તમારા રૂપિયા તમને પાછા મળી શકે છે.

આ સાથે પોલીસ ખાતું અને બેંક દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવે છે અને જોખમી લાગતા કોઈપણ નાણાકીય વ્યવહારો ન કરવાની વારંવાર સલાહ આપવામાં આવે છે. નાગરિકોએ આ સલાહને અનુસરી સતર્ક રહેવાની જરૂર છે. ■



**શોભાયાત્રાઃ** ભગવાન મહાવીરની જયંતી નિમિત્તે રાજકોટમાં ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. (પ્રવિણ સેદાની)

# તૂટેલા પાળાના રિપેર માટે ઘેડ પંથકના ખેડૂતોએ અર્ધનગ્ન થઇ નોંધાવ્યો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ ઘેડ પંથકના ખેડૂતો અર્ધનગ્ન હાલતમાં તંત્રની કામગીરી બાબતે વિરોધ કરી રહ્યાં છે. ઘેડ પંથકમાં દર વર્ષે ભારે વરસાદનાં કારણે નદીઓમાં પૂર આવે છે. જેનાં કારણે ખેતરના પાળા તૂટી જતા હોય છે. ચોંકાવનારી વાત એ કે, ગયા વર્ષે ચોમાસામાં જે પાળા તૂટ્યા હતા તેને તંત્ર દ્વારા હજી પણ રિપેર કરવામાં આવ્યા નથી. એક વર્ષ થઈ ગયું છતાં પણ તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં ના આવતા પંથકના ખેડૂતોએ અર્ધનગ્ન હાલતમાં વિરોધ નોંધાવ્યો હતો.

ખેડૂતોએ વિરોધ પ્રદર્શન સાથે ચેતવણી આપી છે કે, આગામી ૧૦ દિવસમાં તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ લાવીને કામગીરી શરૂ કરવામાં નહીં આવો તો કલેક્ટર કચેરી ખાતે ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. ખેડૂતને જગતનો તાત કહેવામાં આવ્યો છે. છતાં પણ તંત્ર ખેડૂતો સાથે અન્યાય કરી રહ્યું છે. ઘેડ પંથકના ખેડૂતોએ કહ્યું કે, કોઈ પ્રધાન કે નેતા આવવાનો હોય તો રાતોરાત રસ્તો બની જાય છે પરંતુ અહીં એક વર્ષ બાદ પણ તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી.

ખેડૂતોએ પોતાની આપવીતી જણાવતા કહ્યું હતું કે વહેલી તકે ૧૦ દિવસમાં આ પાળાનું સમારકામ થાય અને બામણાસા ઘેડ વિસ્તારના તમામ પાળાઓ ફરી બંધાય તો ખેડૂતો અને તેમની જમીનો બચી શકે તેમ છે. અત્યારે ખેડૂતો શાંતિ પૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કર્યું હતું, પરંતુ જો કામગીરી કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ અંગે તંત્ર સાથે વાતચીત થઈ શકી નથી. ■

# સૌરાષ્ટ્ર સહિત અમુક વિસ્તારોમાં વંટોળ સાથે વરસાદની આગાહી

રાજકોટઃ ગરમીથી ત્રાહિમામ્ સૌરાષ્ટ્ર અને ગુજરાતના અમુક ભાગોમાં વાતાવરણમાં પલટો આવવાની અને વંટોળ સાથે માવઠું થવાની આગાહી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કરી છે.

અંબાલાલ પટેલે કરેલી આગાહી પ્રમાણે આગામી ૪૮ કલાકમાં ગુજરાતના હવામાનમાં મોટો પલટો આવવાની શક્યતા છે. ખાસ કરીને ગાજવીજ અને તોફાની પવન સાથે રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી અને કચ્છમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા ઉપરાંત પંચમહાલ, દાહોદ, વડોદરા, આણંદમાં આંધી વંટોળ સાથે વરસાદ પડવાની સંભાવના છે.

છેલ્લા બે ત્રણ દિવસથી સૌરાષ્ટ્રમાં સખત ગરમીનું મોજું ફરી વળ્યું હતું. રાજકોટ ૪૫ ડિગ્રીએ તપ્યું હતું જ્યારે અમરેલી, કેશોદ જેવાં શહેરોમાં પણ તાપમાનનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચી ગયો હતો.

હવામાન વિભાગે પણ આજથી બે ત્રણ દિવસ ગરમીમાં નોંધપાત્ર રાહતની આગાહી કરી છે. જોકે આ પ્રકારે પવન અને વરસાદ પડશે તો ખેડૂતો અને ખાસ કરીને કેસર કેરીના બાગોને ભારે નુકસાન જશે. એક તો કેરી ઓછી આવી છે અને મોડી આવતા હજુ આંબામાં જ છે. હવે તેને તોડવાનું કામ શરૂ થયું છે આથી હવામાનમાં પલટાના સમાચાર ખેડૂતો માટે ચિંતા કરાવનારા છે. ■

# મહેસૂલી કર્મચારીઓએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું, હકારાત્મક પગલા નહીં લેવાય તો હડતાલની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સરકાર સમક્ષ પોતાના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પણ કોઈ પગલાં લેવામાં આવતા નથી. જેથી ગુજરાત મહેસૂલી મહામંડળે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. ગુજરાત મહેસૂલી મહામંડળના જણાવ્યા પ્રમાણે છેલ્લા ૮ વર્ષથી નાયબ મામલતદાર સંવર્ગની પ્રવરતા યાદી બનાવાઈ નથી. જેથી આ કર્મચારીઓએ અદ્યતન પ્રવરતા યાદી બનાવવા અને પ્રમોશન આપવાની માગણી કરી છે. એટલું જ નહીં પરંતુ જિલ્લા ફેર બદલીની જે પડતર અરજીઓ પડી છે તેનો નિકાલ કરવા માટે પણ રજૂઆતો કરી છે, તેમ એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે. ગુજરાત મહેસૂલી મહામંડળ દ્વારા કરવામાં આવેલી માગણીઓની વાત કરવામાં આવે તો જિલ્લા ફેર બદલીની પડતર અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવો, નવી અરજીઓ માટે ઓનલાઈન પ્લેટફોર્મ બનાવું અને કલેક્ટર કક્ષાના NOC ની પ્રથા દૂર કરવી અને ૨૦૧૫માં નિમણૂક પામેલા તમામ કારકૂનોને એકસાથે પ્રમોશન આપવા સહિતની માગણીઓ કરવામાં આવી છે.

નોંધનીય છે કે, ૧૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અધિક મુખ્ય સચિવને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પરંતુ આ મામલે કોઈ હકારાત્મક કામ કરવામાં આવ્યું નહોતું. જેથી અત્યારે ફરી ગુજરાત મહેસૂલી મહામંડળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ સાથે જો ૧૦ દિવસમાં સરકાર દ્વારા આ માગણીઓને લઈને હકારાત્મક પગલાં લેવામાં નહીં આવે તો, કાળી પટ્ટીઓ સાથે કર્મચારીઓ માસ સીલ પર ઉતરીને હડતાલ કરશે, તેમ એક અહેવાલ જણાવે છે. ■



**રાજકોટમાં ચાલ્યું બુલડોઝરઃ** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટાઉન પ્લાનિંગ હેઠળ આવતા વિસ્તારોમાં થયેલા ગેરકાયદે બાંધકામને બુલડોઝર દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. (પ્રવિણ સેદાની)

# પંબન બ્રિજનું નવીનીકરણ કાર્ય પૂર્ણ થતા ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ હવે છેક રામેશ્વરમ સુધી જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઓખાઃ રામેશ્વરમ અને મંડપમ વચ્ચે સ્થિત પ્રખ્યાત પંબન બ્રિજનું નવીનીકરણ કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે, જેથી દક્ષિણ રેલવે લાઈન રેલ ટ્રાફિક માટે ફરીથી ખોલી દેવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, હવે ટ્રેન નંબર ૧૬૭૩૪ ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ તાત્કાલિક અસરથી દર મંગળવારે ઓખાથી ૦૮.૪૦ વાગ્યે ઉપડશે. મહત્ત્વની વાત એ છે કે, ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ ટ્રેન હવે મંડપમ સ્ટેશનને બદલે ફરીથી રામેશ્વરમ સ્ટેશન સુધી જશે. જેથી મુસાફરોને ફાયદો થવાનો છે.

આ સ્પેશિયલ ટ્રેનની વાત કરવામાં આવે તો, ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ ગુરુવારે ૧૯:૧૦ વાગ્યે રામેશ્વરમ પહોંચશે. પરત મુસાફરીની વાત કરીએ તો આ ટ્રેન નંબર ૧૬૭૩૩ રામેશ્વરમ-ઓખા એક્સપ્રેસ પણ તાત્કાલિક અસરથી મંડપમને બદલે રામેશ્વરમથી શરૂ થવાની છે, આ ટ્રેન રામેશ્વરમથી ઓખા સુધી આવશે. એટલું જ નહીં પરંતુ આ ટ્રેન દર શુક્રવારે રામેશ્વરમથી ૨૨.૩૦ વાગ્યે ઉપડશે અને સોમવારે ૧૦.૨૦ વાગ્યે ઓખા પહોંચશે. આ બંને ટ્રેનોને મંડપમ અને રામનાથપુરમ સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, ફરી ઓખાથી રામેશ્વરમ અને રામેશ્વરમથી ઓખા સુધીની સ્પેશિયલ ટ્રેન શરૂ કરવામાં આવતા પ્રવાસીઓને ફાયદો થશે કારણે કે પહેલા ઓખાથી રામેશ્વરમ જવા માટે મંડપમને સ્ટેશનથી તમારે અન્ય વાહનોમાં જવું પડતું હતું, જેથી મુસાફરોને ભારે હાલાકી થતી હતી. જો કે, હવે પંબન બ્રિજનું નવીનીકરણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેથી ફરી આ સ્પેશિયલ ટ્રેન રામેશ્વરમ સુધી શરૂ કરી દેવામાં આવી છે. ■

# રાજકોટનું માધાપર ચોકડી બસસ્ટેશન ફરી શરૂ કરાયુંઃ પ્રવાસીઓને રાહત

રાજકોટઃ રાજકોટ દિવસે દિવસે વધતું જાય છે અને અહીં વેપાર-ધંધા માટે અવરજવર કરનારા લોકોની સંખ્યામાં પણ વધારો નોંધાતો રહે છે, તેવામાં અહીંનું માધાપર ચોકડી બસ સ્ટેશન બંધ હોવાથી લોકોને પરેશાનીનો સામનો કરવો પડતો હતો. ત્યારે પ્રવાસીઓ માટે રાહતના સમાચાર છે કે છ મહિના બાદ ફરી આ બસસ્ટેશન શરૂ કરવામાં આવ્યું છે.

આ બસ સ્ટેશન પર ઘણી અસુવિધાઓને લીધે પ્રવાસીઓમાં રોષ હતો અને તેથી તેને બંધ કરી દેવામાં આવ્યું હતું. હવે ફરી છ મહિના બાદ શરૂ કરવામાં આવ્યું છે. અહીંથી જામનગર, મોરબી, ભુજ જવા-આવવા માટે ૧૫૦ જેટલી બસ અહીંથી મળશે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી છે.

હાલમાં ધોમ તડકો હોવાથી અહીં છાશ કેન્દ્રો પણ શરૂ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ■

# પતિના લગ્નેત્તર સંબંધો અને ત્રાસથી કંટાળી કેવદ્રાની મહિલાની આત્મહત્યા

જૂનાગઢઃ લગ્નજીવનના બે વર્ષમાં જ પતિના લગ્નેત્તર સંબંધો અને માનસિક-શારીરિક ત્રાસથી કંટાળી કોમલ નામની મહિલાએ આત્મહત્યા કરી લીધી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ ઘટના કેશોદના કેવદ્રા ગામની છે. કોમલના લગ્ન દિવ્યેશ સાથે થયા હતા, પરંતુ દિવ્યેશને અન્ય સ્ત્રી સાથે સંબંધો હોવાનું કોમલના જાણમાં આવ્યું હતું. કોમલે આનો વિરોધ કર્યો હતો અને પતિને આ સંબંધો ન રાખવા કહ્યું હતું, પરંતુ દિવ્યેશ માન્યો ન હતો અને કોમલને માનસિક-શારીરિક ત્રાસ આપતો હતો, જેને કારણે કંટાળી કોમલે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું મૃતકના ભાઇએ પોલીસ ફરિયાદમાં નોંધાવ્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# રાપરમાં જર્જરિત ગોડાઉનમાં ગેરકાયદેસર સંગ્રહિત કરેલા રાંધણગેસના 300 સિલિન્ડર જપ્ત

ભુજઃ કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના ચિત્રોડ ખાતે એક ખંડેર થઇ ગયેલા ગોડાઉનમાંથી રાંધણગેસના ૩૦૦ જેટલા સિલિન્ડર મળી આવતાં ચકચાર પ્રસરી છે.

જનજીવનની સલામતી જોખમાય એ રીતે જ્વલનશીલ ગેસ ભરેલા બાટલા આ જર્જરિત ગોડાઉનમાં પડ્યા હોવાની પુરવઠા તંત્રને બાતમી મળતાં અધિકારીઓએ તાત્કાલિક અસરથી સિલિન્ડર જપ્ત કરી ગાંધીધામની ગેસ એજન્સી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરતાં આવાં તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.

કલેક્ટર આનંદ પટેલની સૂચનાથી આજે અચાનક જિલ્લા પુરવઠા અધિકારી અર્શ હાશ્મી અને રાપર મામલતદાર એચ.બી. વાઘેલા સાથે પુરવઠા વિભાગની ટુકડી ચિત્રોડ પહોંચી હતી, જ્યાં રૂ.આઠ લાખથી વધુની કિંમતના રાંધણગેસના ગેરકાયદે સંગ્રહ થયેલા સિલિન્ડર કબજે કરવામાં આવ્યા હતા. પુરવઠા અધિકારી હાશ્મીએ જણાવ્યું હતું કે, ૩૦૦ ગેસ સિલિન્ડર એકસામટા રાખવા એ અત્યંત જોખમી છે. હાલ પડી રહેલી આકરી ગરમીમાં અથવા ભૂકંપના આંચકાથી ઇમારત પડે તો મોટો વિસ્ફોટ થઇ શકે છે. આ ગેસ એજન્સી દ્વારા કોઇ પણ લાઇસન્સ વગરના ગોડાઉનમાં, નોંધાયેલા ન હોય એવા ગેસ સિલિન્ડર રખાયા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરી સિલિન્ડર એકસામટા સંગ્રહિત કરવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા ૩૦૦ સિલિન્ડરમાંથી ૨૦૧ ભરાયેલા હતા, બાકીના ખાલી મળ્યા હોવાનું હાશ્મીએ ઉમેર્યું હતું. ■

# કચ્છમાં ખેડૂતો પર પાણીની તંગીની લટકતી તલવાર

## ૧૭૦ સિંચાઈ ડેમમાંથી ૯૫ ડેમ તળિયાઝાટક

કચ્છઃ ગુજરાતમાં અંગ દઝાડે તેવી ગરમી છે અને કચ્છ જિલ્લો સૌથી વધારે તપે છે ત્યારે અહેવાલો જણાવી રહ્યા છે કે આવનારા દિવસોમાં કચ્છવાસીઓએ પાણીની તંગીનો સામનો કરવો પડી શકે તેવી વકી છે.

અહેવાલો દ્વારા મળતી માહિતી અનુસાર કચ્છ જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકના નાની સિંચાઈના ૧૭૦ ડેમ પૈકીના ૯૫ જેટલા ડેમમાં તળિયાં દેખાઈ રહ્યાં છે. જ્યારે બાકીના ૭૫ ડેમોમાં હાલ ૨૭૮૨.૮૩ એમસીએફટી પાણીનો સંગ્રહ હોવાનું જાણવા મળ્યું છે. આ જોતાં ખેડૂતોને ઉનાળો કપરો જોવાના એંધાણ દેખાઈ રહ્યા છે. જિલ્લા પંચાયત હસ્તકનાં તમામ ડેમ સિંચાઇ માટે બનાવવામાં આવ્યા હોઈ તેમાંથી ખેડૂતોને પાક માટે પાણી આપવામાં આવતું હોય છે, પરંતુ હાલની પરિસ્થિતિ જોતાં અમુક તાલુકાઓમાં જ ખેડૂતોને ઉનાળુ પાક માટે સિંચાઇનું પાણી મળે તેવી શક્યતાઓ છે. જ્યારે બાકીના તાલુકાઓમાં ખેડૂતોએ પિયત ઉપર જ આધાર રાખવો પડશે, તેમ અહેવાલો જણાવે છે.

નાની સિંચાઇના ૧૭૦ ડેમમાંથી ૯૫ ડેમની વાત કરીએ તો ભુજ તાલુકાના ૩૫ ડેમમાંથી ૨૪ ડેમ, અંજારમાં ૧૨ ડેમમાંથી ૭ ડેમ, માંડવીમાં ૨૧ ડેમમાંથી ૧ ડેમ, મુન્દ્રામાં ૧૧ ડેમમાંથી ૨ ડેમ, નખત્રાણામાં ૧૬ ડેમમાંથી ૧૧ ડેમ, લખપતમાં ૧૭ ડેમમાંથી નવ ડેમ, અબડાસાના ૨૪ ડેમમાંથી સાત, રાપરનાં ૧૬ ડેમમાંથી ૧૬ અને ભચાઉના ૧૮માંથી ૧૮ ડેમમાં સીલ લેવલ કરતાં પણ નીચું પાણી છે.

જિલ્લામાં ગત વર્ષે ચોમાસા દરમિયાન સારા એવા પ્રમાણમાં વરસાદ પડવાના કારણે વિવિધ નાના-મોટા ડેમ, તળાવોમાં વરસાદી પાણીનો સારો એવો સંગ્રહ થયો હતો. જોકે, તે સમયે પોણાભાગના ડેમ ઓવરફ્લો થયા હતા. બાકીના ડેમોમાં થોડા ઘણા અંશે પાણીનો સંગ્રહ થયો હતો. આ પાણી ઉનાળો આવતા સુધીમાં તો બાષ્પીભવન થઈ ગયું હતું.

હજુ તો ઉનાળાના દિવસોની શરૂઆતમાં જિલ્લા પંચાયત હસ્તકના નાની સિંચાઈના ડેમ તળિયાઝાટક થઇ ગયા છે. એક તરફ ખેડૂતો દ્વારા આ વખતે વિક્રમજનક ઉનાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. તો બીજી તરફ સિંચાઇના ડેમ ઉનાળાના પ્રારંભ સાથે જ ખાલીખમ થઇ ગયા છે. નાની સિંચાઇના કુલ ૧૭૦ ડેમમાંથી ૯૫ ડેમમાં હાલે પાણી સીલ લેવલ કરતાં પણ નીચે છે. તે જોતાં આ ડેમમાંથી સિંચાઇ માટે પાણી આપી શકાય તેવી સ્થિતિ ન હોવાનું જાણવા મળ્યું છે. ■

# ગુજરાતમાં સિંહની ગણતરીમાં એઆઇની મદદ લેવાશેઃ સરકારની જાહેરાત

અમદાવાદઃ ગુજરાત રાજ્ય એશિયાટિક લાયન્સનું ઘર છે અને અહીં સાસણ ગીરના જંગલોમાં મોટી સંખ્યામાં સિંહોનો વસવાટ છે. આ વિસ્તાર પર્યટકોનો પ્રિય વિસ્તાર છે અને વર્ષે લાખોની સંખ્યામાં પર્યટકો સિંહ જોવા આવે છે. આ સિંહોની ગણતરી કરવાની જાહેરાત રાજ્ય સરકારે અગાઉ કરી છે ત્યારે આ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદ લેવામાં આવશે, તેમ વન્ય ખાતા અને પ્રવાસન ખાતાના પ્રધાન મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું.

મે મહિનાની ૧૦મીથી ૧૩ તારીખ દરમિયાન ૧૧ વનવિભાગ ઉપરાંત સ્વયંસેવકો, સામાજિક સંસ્થાઓની મદદથી ગણતરી કરવામાં આવશે, જેમાં એઆઈ પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે.

આ અંગે વન્ય ખાતાના પ્રધાન મુળુભાઈ બેરાએ નિવેદન આપતા જણાવ્યા હતું કે દરેક પાંચ વર્ષે થતી આ ગણતરી હવે લગભગ દસ વર્ષે કરવામાં આવી રહી છે. કોરોના મહામારીને કારણે ૨૦૨૦માં પૂરતી તૈયારી સાથે વિધિવત ગણતરી કરી શકાઈ નહોતી, જેના કારણે આ વખતે તે વધુ મહત્ત્વની બની છે. વન વિભાગ દ્વારા જાણવા મળ્યું છે કે આ ગણતરી બે તબક્કામાં ૨૪-૨૪ કલાક ચાલશે.

ગીરના જંગલમાં ૨૦૨૦ ની ગણતરી મુજબ લગભગ ૬૭૪ સિંહનો વસવાટ હતો. ગત ચાર વર્ષમાં પણ સિંહોની સંખ્યામાં ઘણો વધારો થયો છે અને તેની ગણતરી આ મહિનામાં થશે. ■

# કચ્છમાં બે અલગ અલગ ઘટનામાં બાવીસ વર્ષીય યુવક-યુવતીની આત્મહત્યા

ભુજઃ સાંપ્રત સમયમાં લોકોનું માનસિક આરોગ્ય સતત કથળી રહ્યું છે જેના પગલે લગભગ દરરોજ આત્મહત્યાના કિસ્સાઓ બની રહ્યા છે. ગુજરાતમાં અને કચ્છમાં પણ આવી ઘટનાઓ લગભગ રોજ નોંધાય છે. ત્યારે ફરી કચ્છના બંદરીય મુંદરા તાલુકાના છસરા ગામમાં રહેનારી શાંતિ દિલીપ રબારી નામની એક બાવીસ વર્ષીય યુવા પરિણીતાએ પોતાના ઘરના બાથરૂમમાં, જ્યારે મોટા કાંડાગરાની લેબર કોલોનીમાં મૂળ પંજાબના ધીરજકુમાર સુનીલકુમાર નામના બાવસ વર્ષના યુવાને સિલિંગ ફેનમાં લટકી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી ગઈ છે.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, શાંતિબેન રબારીએ કોઇ અગમ્ય કારણોસર પોતાનાં ઘરના બાથરૂમમાં ગળેફાંસો ખાઇને આત્મહત્યા કરી લેતાં અરેરાટી વ્યાપી હતી. બનાવ અંગેની વિગતો પતિ દિલીપભાઇ સામતભાઇ રબારીએ પ્રાગપર પોલીસ મથકે જાહેર કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ, મુંદરા તાલુકાનાં મોટા કાંડાગરામાં સ્થિત લેબર કોલોનીમાં રહેતા મૂળ પંજાબ લુધિયાણાના ધીરજકુમારે સવારના ૧૦:૩૦ વાગ્યાના સુમારે કોઇ અગમ્ય કારણોસર પંખામાં કપડું બાંધી ગળે ટૂંપો ખાઇ આપઘાત કરી જીવન ટૂંકાવી લેતાં મુંદરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે. ■

# કચ્છમાં આવેલા મરીન નેશનલ પાર્કના પિરોટન ટાપુ નજીક ડોલ્ફિનનો જમાવડો

ભુજઃ કચ્છના અખાતમાં અરબી સમુદ્રમાં આવેલા મરીન નેશનલ પાર્કમાં મોટી સંખ્યામાં ડોલ્ફિન મહાકાય માછલીઓએ પડાવ નાખ્યો છે અને હાલે તેની પ્રજનનની મોસમ તાજેતરમાં પૂર્ણ થઇ હોવાથી વધુ ને વધુ ડોલ્ફિન સૌરાષ્ટ્ર-કચ્છ વચ્ચેના દરિયામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, અરબી સમુદ્રમાં આવેલા કચ્છના અખાતના દક્ષિણ છેડે ૩૮૦ કિલોમીટરના વિશાળ વિસ્તારને ૧૯૭૨ના વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ મરીન નેશનલ પાર્ક તરીકે રક્ષિત જાહેર કરાયો છે. આ વિસ્તારમાં ૪૨ જેટલા નાના મોટા ટાપુઓ આવેલા છે. જેમાં પિરોટન અને ચાખ મુખ્ય છે. ઓખાથી જોડિયા અને રોજી બંદરથી કચ્છ સુધીના વિશાળ દરિયામાં કોરલ રીફ, કરચલા, કાચબા, અસંખ્ય પ્રકારની માછલીઓ અને ડોલ્ફિન માછલીઓની જુદી જુદી જાતો વિચરતી જોવા મળે છે. સમુદ્રની જૈવિક સંપત્તિ અને તેના પર્યાવરણ વિષયમાં રસ ધરાવતા દુનિયાભરના સંશોધકો આ વિસ્તારમાં આવતા રહે છે.

દર વર્ષે કચ્છના પશ્ચિમી સાગર કાંઠાના અબડાસા વિસ્તારમાં ફૂલગુલાબી ઠંડીનું આગમન શરૂ થતાં અફાટ સમુદ્રમાં વિહાર કરતાં ડોલ્ફિનના સમૂહો કિનારા નજીક પહોંચી આવે છે, આ ઉપરાંત વિશાળકાય કાચબાઓ પણ કચ્છના અખાતના વિવિધ ટાપુઓ ઉપર દેખાતાં એક અદ્ભુત નજારો હાલે જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે હાલ ૧૦થી ૧૫ ડોલ્ફિનનાં સંખ્યાબંધ ટોળાં કચ્છને અડીને આવેલા અરબી સમુદ્રમાં પહોંચી આવ્યામાં છે. આ વિસ્તારમાં એટલી બધી સંખ્યામાં ડોલ્ફિન આવે છે કે આ જગ્યાને ડોલ્ફિન પ્લે ગ્રાઉન્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે. ■